
क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः ॥



ચિત્રકાર · નરેન પંચાલ

ચિત્ર તથા ચિત્રકારના પરિચય માટે જુઓ આ અંકની કલાવાર્તા

આવતી કાલનાં નાગરિકોનું
માસિક
ઑક્ટોબર · ૧૯૬૬
૫૧૪ મો અંક
સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત



વાસ્તવદર્શી ચિત્રોની આબેહૂબતાની ચીલાચાલુ ઘરેડનો અતિપરિચય અબખે પડી જવાથી કલાકારની સિસૃક્ષા એ મર્યાદાઓ તોડીને આયોજન અને આલેખન તેમજ રૂપમંડન અને રંગાવટની દિશાઓમાં જ્યારે છલંગો મારે છે ત્યારે જામેલી હથોટીવાળા ચિત્રકારની એ મનસ્વિતા પણ મનોહરતા સર્જે છે. ઉપલા ચિત્રમાં વાંકોચૂંકો ગ્રામમાર્ગ, ગાડું, બળદ અને માનવપાત્રો તથા તેમના પોશાક, અને જમણી બાજુએ તો ઊભાંને બદલે આડાં પડેલાં વૃક્ષો એ બધાંની ખૂણિયા રેખાઓના વિન્યાસ તથા ઘેરા રંગો વડે જે સમભાર સંયોજન કર્યું છે તેને બળદોના ગતિમાન પગ તથા બાળકના હાથમાંની ફરકડી સજીવતા અર્પે છે અને આખું ચિત્ર હૃદ્ય બની રહે છે.

ગ્રામકુટુંબ · નરેન પંચાલ



કુમાર

ઑક્ટોબર ૧૯૬૬ • અંક ૫૧૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

વાચકો લખે છે

'કુમાર'માં પ્રત્યેક માસે આપ 'કહેવત' આપો છો. આપની એ કહેવતભક્તિથી પ્રોત્સાહિત થઈને હું આ લખવા લલચાયો છું.

'કહેવતસંગ્રહ' (આશારામ દ. શાહ)ના ૨૫૯મા પાને આ કહેવત આપી છે:

'૬૯૧. મૃગાશ્ચરંતી માધવા:' × (સમાન કહેવતો; કાગડા ઊડે છે. પુત્રો ન પુત્રી. દીકરીએ દીવો નહિ. કોઈ વાસ નાખનાર મળે નહિ. ઘેર નરાજીઆં તાળાં દેવાઈ ગયાં. પંડ સુધી પથારી. આડીઓ કે ઊભીઓ કોઈ મળે નહિ.)

આ કહેવત અન્ય સ્વરૂપે—મરઘા ચંદન માનવા—મારા વતન(ઉત્તર ગુજરાત)માં સર્વત્ર જાણીતી છે. કેવળ સુનકાર, કે કાણું ચકલું ય ફરકતું ન હોય એવી એકાન્ત નિર્જનતાનું ચિત્ર તાદશ કરવા અર્થે એ વપરાય છે. આપને જાણીને સાનંદાશ્ચર્ય થશે કે આ કહેવતનું આદિ સ્વરૂપ બે હજાર વર્ષ જેટલું પ્રાચીન છે.

મહર્ષિ જૈમિની પ્રણીત પૂર્વ મીમાંસા દર્શનના સમર્થ ભાષ્યકાર શબરસ્વામિ (ઈ.સ. પૂર્વે ૫૭) એમના ગ્રંથ (પૂ. મી. ૧. ૧. ૩૨ ભાષ્ય)માં આ પ્રમાણે લખે છે:

तद्यथा लोके सन्ध्यायां मृगा अपि न चरति किं पुनर् विद्वांसो ब्राह्मणा इति.

વાત એમ છે કે, પ્રથમ દૃષ્ટિએ અર્થહીન, અસંબદ્ધ અને ઉન્મત્ત પ્રલાપ જેવાં લાગે એવાં વાક્યો (ઉદાહરણાર્થ: 'વનસ્પતિઓ યજ્ઞમાં બેઠી', 'સાપ યજ્ઞમાં બેઠા', 'ઘરડો બળદ બહેકાવનારાં ગીતો ગાય છે'*) વેદોમાં સ્થલે-સ્થલે વેરાયલાં જોવામાં આવે છે. વેદનિન્દક પ્રતિવાદી પૂછે છે કે આ બધાં, અર્થાત્ વેદો, ગાંડાંનાં અને બાલકોનાં કથન નથી, એ તમે શી રીતે જાણ્યું? વૈદિક સિદ્ધાન્તી (ભાષ્યકાર) એનું સમાધાન કરે છે કે 'આ વાહિયાત વાતો નથી. આ બધાં યજ્ઞની મહત્તા દર્શાવનાર સ્તુતિવાક્યો છે. વનસ્પતિઓ જેવી અચેતન પણ યજ્ઞની ઉપાસના કરે છે તો પછી વિદ્વાન બ્રાહ્મણો કેમ ન કરે? જેમ કે, લોકમાં કહેવાય છે: 'સન્ધ્યાકાલે, કર્તવ્ય અકર્તવ્ય વિવેકરહિત હરણો પણ સ્વચ્છન્દવિહાર છોડી દઈ ભેગાં મળી સ્વસ્થતાથી બેસે છે, પછી વિદ્વાન બ્રાહ્મણોનું તો શું કહેવું? અર્થાત્ એમણે પણ એ જ પ્રમાણે કરવું રહ્યું.' ભાષ્યકારના યુક્તિસામર્થ્ય વિષે મતભેદ હોય, પણ એક સામાન્ય લોકોક્તિ કેટલા દીર્ઘ કાલથી આપણે ત્યાં ઘર કરી બેઠી છે, એનું આ નિદર્શન છે.

પ્રસંગ નીકળ્યો છે તો થોડું બીજું:

'કુમાર'ના એક અંકમાં 'આકડે મધ'ના આદિ સ્વરૂપ વિષે નોંધ છે. એના અનુસંધાનમાં જણાવવાનું કે એ નોંધમાં આપેલો શ્લોક 'अर्के चेन्मधु विन्देत........यत्नमाचरेत्' શબરસ્વામિએ એમના ભાષ્યમાં (પૂ. મી. ૧-૨-૪) अपि चाहु: વચન દ્વારા અક્ષરશ: ઉતાર્યો છે. વેદમાં કથન છે: 'જે અશ્વમેધ યજ્ઞ કરે છે અને એને એ પ્રમાણે જાણે છે એ મૃત્યુને તરી જાય છે અને બ્રહ્મહત્યાને તરી જાય છે.' અહીં બે વાત થથી: એક, અશ્વમેધ યજ્ઞ કરવાથી મુક્તિ મળે છે; બીજી, અશ્વમેધ યજ્ઞના અધ્યયનથી મુક્તિ મળે છે. હવે પ્રશ્ન એ છે કે અશ્વમેધયજ્ઞની પદ્ધતિ જાણવામાત્રથી જો મુક્તિ મળતી હોય તો પછી અશ્વમેધ યજ્ઞ કરવાનું શું પ્રયોજન? અનુભવ પણ આવો જ છે. મધ લેવા નીકળેલા, રસ્તામાં ઊગેલા આકડામાંથી મધ મળે તો એ છોડી દઈને, એ જ રસ્તે થયીને આગળ પર્વત સુધી જતા નથી.

આપણી અન્ય સામાન્ય કહેવત પણ બે હજાર વર્ષથી ચાલતી આવી છે, એનો આ દૃષ્ટાંત.

સંસ્કૃત સાહિત્યમાં પ્રતિબિમ્બિત થયેલા આપણા સામાન્ય રૂઢિપ્રયોગોનાં એકબે વધુ દૃષ્ટાન્તો: ૧) કોણીએ ગોળ ચોંટાડવો: कफोणिकागुडायितम्—ન્યાયગ્રન્થોમાં પ્રસંગે દૃષ્ટિગોચર થતો પ્રયોગ; ૨) ગાડરિયો પ્રવાહ: गड्डरिकाप्रवाह: સ્મૃતિમાર્ગનો સર્વથી ત્યાગ કરનાર નૈયાયિકોને 'ગાડરિયા પ્રવાહ'માંથી બહાર કાઢવા પ્રયત્નશીલ બંગીય વિદ્વાન શ્રી નાથાચાર્ય ચૂડામણિ (પંદરમું શતક)એ વાપર્યો છે; ૩) એક કાંકરે બે પક્ષી પાડવાં: મૂળ અંગ્રેજીનું આ ભાષાન્તર છે. ડગલેપગલે પક્ષી મારવાનું આપણું માનસ નથી. એટલે આ પ્રયોગ આપણા આચારવિચારથી વિસંવાદી છે. આવા ભાવાર્થનો પરંતુ આપણા માનસ સાથે પૂરેપૂરો સુસંગત પ્રયોગ તો છે: एका क्रिया द्व्यर्थकरी. એક કાર્યથી બે અર્થ સરે.

कश्चिद् द्विजः कुम्भ कुशाग्रहस्तः
आम्रस्य मूले सलिलं ददाति।
एका क्रिया द्व्यर्थकरी प्रसिध्धा
आम्राश्च सिक्ताः पितरश्च तृप्ताः॥

એક બ્રાહ્મણ હાથમાં દર્ભ અને ઘડો લઇને આંબાના મૂળમાં પાણી રેડે છે. એક કાર્ય દ્વારા બે અર્થ સધાય એ જાણીતું છે. આંબા સિંચાયા અને પિતૃઓ તૃપ્ત થયા (દર્ભ અને જલ વડે પિતૃઓનું તર્પણ કરવાનું સુપ્રસિદ્ધ છે.)

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

× 'ઉજ્જડ થયું છે ને હરણ ચરે છે.'

* 'जरद्गवः कम्बलपादुकाभ्यां
द्वारि स्थितो गायति मत्तकानि।
तं ब्राह्मणी पृच्छति पुत्रकामा
राजन् रुमायां लशुनस्य कोऽर्घः (र्थः)॥'

(ઘરડો બળદ કામળાનાં પગરખાં પહેરી, દ્વાર આગળ ઊભો રહી બહેકાવનારાં ગીતો ગાય છે. એને બ્રાહ્મણી પુત્ર પામવાની ઇચ્છાવાળી પૂછે છે: રાજા, રુમામાં લસણનો શો ભાવ છે?)

આવા અસંબદ્ધ પ્રલાપ માટે સરખાવો આપણું ગૂજરાતી:

'પાડો ચડયો પીંપળે, લબલબ લીંબુ ખાય;
આવી પડયો ચૌકમાં, જાણે કળાયલ મોર!'

સપ્ટેમ્બર અંકમાં 'મૃચ્છકટિક'નું વાર્તારૂપ વાંચી આનંદ થયો. નાટકનાં મર્મસ્પર્શી સ્થળો જાળવીને, પાત્રોનાં વ્યક્તિત્વની રેખાઓ લગભગ સ્ફુટ થાય તે રીતે રજૂ થએલું આ વાર્તારૂપ અભિનંદનપાત્ર છે. તેમ છતાં કેટલીક વિગતો પ્રત્યે ધ્યાન દોરવું આવશ્યક માનું છું:

(૧) નાટકના નાયક ચારુદત્તને વણિક ગણવામાં આવ્યો છે, પણ તે બ્રાહ્મણ છે.

(૨) નાયક ચારુદત્તની દરિદ્રતા વહાણો ડૂબવાને કારણે આવી છે એમ આ વાર્તારૂપમાં દર્શાવાયું છે. પણ આ સમગ્ર નાટકમાં તેવો ક્યાં યે ઉલ્લેખ નથી. તે તો ઠીક, પરન્તુ તેનું કારણ સ્વીકારવા જતાં ચારુદત્તની દરિદ્રતા તેની આત્યંતિક દાનવૃત્તિને લીધે આવી છે તે વાત ગૌણ બની જતાં ચારુદત્તના પાત્રમાં રહેલું ઔદાર્ય અછતું રહી જાય છે.

(૩) શકાર જ્યારે વસંતસેનાનો પીછો કરે છે ત્યારે શકારની ઉક્તિથી જ વસંતસેનાને ખબર પડે છે કે બાજુમાં જ આર્ય ચારુદત્તનું ઘર છે–અને તે પછી તે દરવાજો ઊઘડતાં તેમાં પ્રવેશ કરે છે.–વાર્તારૂપમાં બતાવ્યા પ્રમાણે પ્રવેશ કર્યા પછી તેને ચારુદત્તનું ઘર છે એવી ખબર પડે છે–તેમ નથી.

(૪) ચારુદત્તની ગાડીમાં ચૂપચાપ બેસીને આર્યક ભાગી છૂટે છે. તે વખતે રાજાના સિપાઇઓ દ્વારા વીરક-ચંદનકની ગાડી-તપાસનો ઉલ્લેખ આવશ્યક હતો. 'આર્યક ભાગ્યબળે છટક્યો' એમ લખવાથી ન્યાયમંદિરમાં એક મહત્ત્વના પુરાવારૂપે આવતી વીરકની ઉક્તિ અધ્ધર રહી જતી લાગે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૩૪૦થી

(૫) પુષ્પકરંડ ઉદ્યાનમાં વસંતસેનાનું ગળું દાબ્યા પછી શકારે તેના સેવક 'સ્થાવરકને બેડી પહેરાવીને મહેલને ખૂણે ખોસી દીધો' એમ લખવામાં મુશ્કેલી આવશે. વાસ્તવમાં તો શકાર તે વખતે તો તેને પોતાનાં ઘરેણાં આપી મહેલ ભણી વિદાય કરી દે છે. ત્યાર પછી વસંતસેનાને પાંદડાંથી ઢાંકે છે અને ઘરે જઈ પછી સ્થાવરકને બંધનમાં નાખે છે.

આ ચર્ચા તો સહેજ ઉલ્લેખ પૂરતી જ. આ વાર્તારૂપ માટે શ્રી પારેખને ધન્યવાદ છે.

(અમદાવાદ) —ભોળાભાઈ પટેલ

~

ડૉ. પારેખે શરૂ કરેલી સંસ્કૃત નાટ્યમાળાનો પહેલો મણકો 'મૃચ્છકટિક' માણ્યો. એ માટે અભિનંદન. એઓ મૂળ વસ્તુને ખૂબ વફાદાર રહ્યા છે, પરંતુ સહેજે ધ્યાનમાં આવતી બેપાંચ સરતચૂક પ્રત્યે ધ્યાન ખેંચવાનું યોગ્ય લાગે છે. એમને એ ગમશે.

(૧) ચારુદત્ત વણિક નથી, ઉજ્જયિનીનો દાનક્ષીણ બ્રાહ્મણ છે.

(૨) વસંતસેના પાસેથી ન્યાસ તરીકે ઘરેણાં લેતાં મૈત્રેય 'સ્વસ્તિ કલ્યાણમ્' કહે છે તે યોગ્ય નથી. બંને શબ્દ લગભગ સમાનાર્થી છે. મૂળમાં स्वस्ति भवत्यै—આપનું (વસંતસેનાનું) કલ્યાણ થાઓ–એમ છે. ઉપરાંત स्वस्ति શબ્દ ચોથી વિભક્તિ લે છે એ દૃષ્ટિએ પણ ઉપલો પ્રયોગ સ્વીકાર્ય નથી.

(૩) સંવાહકનું ભિખ્ખુ થઈ જવું ઉલ્લેખનીય હતું, જેનો ઉલ્લેખ થયો નથી; અને વીરક તેમજ ચંદનકનો કર્ણાટકલહ પણ નોંધાયો નથી. આ બંને પ્રસંગોને અગત્યનું સ્થાન છે: પહેલાને પુષ્પકરંડક ઉદ્યાનમાં વસંતસેના સાથે મિલનમાં; અને બીજાને આર્યકના પલાયન-પ્રસંગ સાથે તથા કોર્ટના દૃશ્યમાં જુબાની પ્રસંગે. આ બંને પ્રસંગ કટોકટીના છે, અમોઘ છે.

(૪) લેખકે आस्तरणम्—પાથરણાને સ્થાને 'તકિયા'નો ઉપયોગ કર્યો તે ગમ્યો. એવો જ સૂરતી ભાષાનો 'ગાલ્લી' શબ્દ પણ યોગ્ય રીતે ગોઠવાયો છે. રૂઢ પ્રયોગ ઠીક રેલાવ્યા છે.

(૫) પાત્ર ભલે ફારસી શબ્દ નથી બોલતાં, પણ કથનમાં લેખકે વાપરેલાં 'ઇજન, માફી, જાલિમ, રૂઆબ' જેવા કેટલા યે શબ્દો તે કાળનું વાતાવરણ જમાવવામાં ઊણા પડે છે.

છતાં ખૂબખૂબ લાંબા ગાળાથી, ઉત્કટ આતુરતાથી જોવાતી રાહ ડૉ. મધુસૂદન પારેખ દ્વારા સંતોષાય છે એનો આનંદ અને ગૌરવ પણ ઓછાં નથી તો, ફરીથી ધન્યવાદ સાથે.

(ખત્તલવાડા-સંજાણ) —ઈશ્વરચન્દ્ર ભટ્ટ

રેવ. વાલેસના લખાણની હારમાળાનો આ વેળાનો લેખ (૧૫) 'વાસના અને ભાવના' ખૂબ સ્વસ્થ અને સંયમિત તથા પ્રેરક ભાષામાં લખાયો છે. થોડામાં સૂચનરૂપે એમણે ઘણુંઘણું કહ્યું છે—જે વિષયના જ્ઞાનની આજે ખૂબખૂબ જરૂર છે. એમને તો અભિનંદન કરતાં અભિવંદન શોભે.

(ખત્તલવાડા-સંજાણ) —ઈશ્વરચન્દ્ર ભટ્ટ

~

સપ્ટેમ્બર અંકમાં શ્રી મધુસૂદન પારેખ લિખિત સંસ્કૃત વાર્તાતરમાળાનો પ્રથમ મણકો 'મૃચ્છકટિક' વાર્તા ખૂબ જ ગમી. આ પહેલાં પ્રસિદ્ધિ પામેલી શ્રી પારેખની શેક્સપિયર-વાર્તાતરમાળા પણ પ્રશંસનીય હતી.

શ્રી પારેખની રસપ્રદ શૈલી અને ભાવવાહિતાને કારણે વાર્તા અતિ સુવાચ્ય બની રહે છે. હવે પછીની પ્રત્યેક વાર્તા આવી જ સુવાચ્ય બની રહે એ જ મનોકામના.

આ અંકમાં શ્રી ઉજમશી પરમાર કૃત 'પ્રામાણિક ચોર' લઘુકથા પણ ખૂબ જ ગમી. આ સત્ય લઘુકથામાં વ્યક્ત કરેલી એક કિશોરની અજબ નિષ્ઠા અને પ્રામાણિકતા ખરેખર દાદ માગી લે તેવી છે. શ્રી ઉજમશી પરમારને મારાં શતશત અભિનંદન!

(જાફરાબાદ) —ઈશ્વરલાલ પરમાર

~

સપ્ટેમ્બર 'કુમાર'માં 'સાચી લઘુકથા' વાંચીને હસવું કે રડવું તે ખબર નથી પડતી. આ સાથે રૂ. ૧૫ મોકલ્યા છે. શ્રી ઉજમશી પરમાર પાસેથી આ 'કુમાર'–કલાકારનું સરનામું મેળવી તેને એક વર્ષ સુધી 'કુમાર' મોકલશો. મારું નામ મોકલવાની જરૂર નથી.

(અમદાવાદ) —વિ. દ.

~

અંક ૫૧૩માં 'પ્રામાણિક ચોર'ની લઘુકથા (ઉજમશી છ. પરમારની) વાંચી. જે કિશોરને આ પ્રમાણે 'કુમાર' લેવું પડે છે તેમને મારા તરફથી 'કુમાર'ના ગ્રાહક કરી લેશો. તેમના લવાજમના રૂપિયા હું મોકલી આપીશ. આવા બીજા કોઈ ભાઈને 'કુમાર' વાંચવું હોય તો જરૂર લખશો. તે માટે અમારા 'મિત્રમંડળ' દ્વારા વ્યવસ્થા કરાવી આપીશું.

(કલકત્તા) —'કુમાર' વાચક

[* એ વાંચ્યા પછી અમને પત્રો તથા ટેલિફોન દ્વારા અનેક સ્થળેથી એ ભાઈ માટે લવાજમ ભરવાના પત્રો મળ્યા છે, શ્રી ઉજમશી પરમાર (ઠે. પ્રજાપતિવાસ, મેમનગર, નવરંગપુરા અમદાવાદ-૯)ને પુછાવતાં જણાવે છે

કે 'મને એ વાતનું બહુ જ દુઃખ થાય છે કે એ કિશોરનું ખરું નામ હું જાણતો નથી. આ કિસ્સો મારા મૂળ વતન લીમડીમાં બનવા પામેલો. એ છોકરાને હું માત્ર જોયે જ ઓળખું છું. એનું નામઠામ જો મારી પાસે હોત તો હું અવશ્ય મોકલી આપત. જે ભાઈઓએ લવાજમ માટે પૈસા આપ્યા છે એમની લાગણી બદલ હું એમનો આભાર માનું છું.'

ઉપર્યુક્ત સર્વ સહૃદય સજ્જનોને ધન્યવાદ સાથે તેમની રકમ પાછી મોકલવા સિવાય બીજો ઉપાય નથી.

ઑગસ્ટ અંકમાં શ્રી બિપિનચંદ્ર ઝવેરીએ આપણા વિદ્યાર્થીઓમાં પ્રચલિત 'સ્લૅંગ' બાબત પત્ર લખેલો. આજના (૨૭/૯) 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં 'કરન્ટ ટૉપિક્સ' વિભાગમાં એ જ બાબત ઉપર વાંચતાં સાનંદાશ્ચર્ય થયું! ઇંગ્લન્ડની લીડ્ઝ યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઑવ ડાયાલેક્ટ ઍન્ડ ફોક-લૉર સ્ટડીઝ' એ વિષય પર સંશોધન કરવાનું વિચારે છે. રસ ધરાવતા વાચક મિત્રો એ કટાર વાંચી જશે તો વધુ માહિતી મળશે. લેખના અંતમાં તંત્રીએ આપણા દેશમાં પણ આ વિષય ઉપર કોઈ 'patient and good humoured scholar'ને સંશોધન કરવાનું આહ્વાન આપ્યું છે. પ્રા. ઝવેરી ઝડપી લે.

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

૫૧૩મા અંક બાદ હવે 'અમેરિકા અને આપણે' શીર્ષકવાળા પત્રો વાંચવા નહિ મળે જાણી દુઃખ થયું. સાથેસાથે ડૉ. પારેખનાં સંસ્કૃત નાટકોનાં વાર્તાંતરો પણ એ જ અંકથી શરૂ થયાં એટલે આનંદ પણ ઘણો થયો.

શ્રી જયંતી પટેલનો ફોટો ખૂબ જ લાક્ષણિક છે. શ્રી ઇન્દ્રદેવ આચાર્યનાં કાર્ટૂનો સાથે તેમનો ય ફોટો હોત તો ઘણું ગમત. તેઓ 'નવગુજરાત' નહિ 'નૂતન ગુજરાત'ના હાસ્યના પાનાના સંપાદક છે.

ગુજરાતના વિદ્યાર્થીવર્ગમાં પ્રચલિત કેટલાંક વધુ 'સ્લૅંગ': ૧) ફેંકું: પોતાની મોટાઈ દર્શાવવા અર્થહીન વાતો કરનાર માટે; ૨) દાદુ: બહુ સારું શીખવતા પ્રોફેસર માટે 'દાદુ બોલે છે' કે 'દાદુ શીખવે છે' એમ કહેવાય છે; ૩) ખપત: બહુ કંટાળો આપનાર પ્રોફેસર કે વિદ્યાર્થીઓ માટે; ૪) પડીકું: રમતના મેદાનમાં સામી ટુકડીના નબળા ખેલાડીઓ માટે 'પડીકું છે, ઉડાવો' એવી બૂમો મારે છે; ૫) 'વહેમ': શ્રી નગીન મોદીએ દર્શાવ્યા ઉપરાંત રમતના મેદાનમાં પણ આ શબ્દ વપરાય છે. સામી ટુકડીના મજબૂત ખેલાડીને નબળો બતાવવા, તે દાવ લે ત્યારે, 'તેને વહેમ છે' એમ બૂમો મારી પોતાના ખેલાડીઓને હિંમત આપે છે; ૬) ઘોડિયું: કોઇનો ઘડોલાડવો કરી નાખ્યો હોય તો 'ઘોડિયું કરી નાખ્યું' એમ કહેવાય છે.

(બિલીમોરા) —ધીરુભાઈ એન. શાહ

થોડા વધુ ગુજરાતી સ્લૅંગ:

'ખપત': કોઈ વિદ્યાર્થી અર્થહીન વાતો ખૂબ કરતો હોય તેને માટે; 'ગુરુ': ખૂબ ઉસ્તાદ અને સ્વાર્થી વિદ્યાર્થી માટે.

મને આંખોની બીમારી છે. જેને અંગ્રેજીમાં 'ફ્લોટિંગ સ્પેક્સ' કહે છે. એ રોગમાં તમરાં ઊડતાં હોય તેવું દેખાયા કરે છે. આંખના નિષ્ણાતે કહ્યા મુજબ દવા લીધી, ઇન્જેક્શન લીધાં, પણ મટતું નથી અને આંખો નબળી પડી ગઈ છે. હું એક વિદ્યાર્થી છું તેથી તકલીફ પડે છે. કોઈ આનો ઉપચાર બતાવશે તો ખૂબ આભારી થઈશ.

(મુંબાઈ) —ગોપીનાથ ર. શાહ

સપ્ટેમ્બર અંકમાં શ્રી જયંતી પટેલના પરિચયમાં 'લુવ'ના લેખકનું નામ ખોટું લખાયું છે. નામ છે મુરે શિસ્ગલ–Murray Schisgal. ૧૯૬૪થી બ્રોડવે પર આ કૉમેડી ચાલે છે:અને '૬૪–'૬૫ના વર્ષની શ્રેષ્ઠ કૉમેડી ગણાય છે. ન્યૂ યૉર્ક હેરલ્ડ ટ્રિબ્યુનના એ વખતના ડ્રામા ક્રિટિક (હાલમાં ન્યૂ યૉર્ક ટાઈમ્સમાં છે.) વૉલ્ટર કીરે આ નાટક વિષે લખતાં જણાવ્યું છે 'Luv is the answer to a theatre goer's prayer.' તેની નિષ્ફળતા (ગુજરાતમાં) શા કારણે થઈ તે ચર્ચા અહીં અસ્થાને છે.

(મુંબાઇ) —હરીશ ત્રિવેદી

સપ્ટેમ્બર અંકમાં પાન ૩૦૨ના ફોટોના ફોટોગ્રાફર રમેશ પટેલ નથી. એ તો દિલ્હીના કોઈ સ્ટુડીઓમાં પડાવેલો ફોટો છે.

પાન ૩૩૧ ઉપર 'સેવાશ્રમ હૉસ્પિટલ'ના બ્લૉક નીચે મકાન ખુલ્લું મુકાયાની તારીખ ૧ માર્ચ ૧૯૫૩ છે, ત્યાં ૧૯૫૨ જોઇએ.

પાન ૩૩૧ પરના ફોટોમાં ડૉ. હરિલાલ દેસાઈ તે ચંદુભાઈના મોટા ભાઈ નહિ, નાના ભાઈ છે. આ ભૂલ મારી છે.

'ઝરૂખા અને ઝૂંપડાં'નો પૂઠા પરનો ફોટો ઘણો સૂચક છે. તેમાં ઝરૂખાના મથાળે ગગનવિહાર કરતાં પંખી અને ઝૂંપડાં પાસે રખડતું કૂતરું, અનુક્રમે શ્રીમંતોના સુખી જીવનનું અને ગરીબોના કંગાળ જીવનનું સૂચન કરે છે.

(ભરૂચ) —નરોત્તમ વાળંદ

અંક ૫૧૩માં 'ગુજરાતનું ગૌરવ' શીર્ષક હેઠળ શ્રી વર્મા તથા શ્રી આચાર્ય વિષે વધુ જાણ્યું. એ લેખમાં શ્રી આચાર્ય અઠવાડિક 'નૂતન ગુજરાત'માં હસાહસ વિભાગનું સંપાદન કરે છે તેને બદલે 'નવગુજરાત' લખાયું છે.

(ધોલેરા) —જયકર છો. જોશી

'કુમાર'માં પ્રસિદ્ધ થતાં કલાકારોનાં ચિત્રો જો કોઈ કલાપ્રેમીને ખરીદવાં હોય તો તે માટેની માહિતી 'કુમાર'માં પ્રસિદ્ધ ન થઈ શકે? જે ચિત્ર વેચવા માટે હોય તેની કિંમત વિગતો અને ક્યાં મળી શકે એની માહિતી જો આપવામાં આવે તો કેટલાક કલાકારને તેમજ કલાપ્રેમીઓને લાભ થાય. કોઈ ચિત્રો જોઈને એમને વસાવવાનું મન થઈ જાય છે.

(મ્હૈસુર) —પ્રફુલ્લ દવે

ઑગસ્ટના અંકમાં 'અભિલાષ'ના અવલોકનમાં અમારા ગામનું નામ 'અમરોલી' જોઇએ. 'અમરેલી' સૌરાષ્ટ્રમાં આવેલું છે, 'અમરોલી' સૂરત જિલ્લામાં.

'પ્રોજેક્ટ' એટલે વિદ્યાર્થીઓના સક્રિય સહકારથી કરવામાં આવતી શૈક્ષણિક પ્રવૃત્તિ. એમાં સ્વપ્રયાસ, સ્વાનુભવ અને સ્વક્રિયા દ્વારા શિક્ષણનો ઉદ્દેશ સિદ્ધ કરવામાં આવે છે. વિદ્યાર્થીનું સ્થાન એમાં મહત્ત્વનું બને છે, શિક્ષક પશ્ચાદ્ભૂમાં રહી માર્ગદર્શન આપે છે. 'કુમાર'ની નિત્યનૂતન રૂપે વહેતી સરિતા ઉત્થાન પંથે નવો વળાંક લેતી લાગે છે કે જે વળાંક પણ મનોહારી ને ચિત્તને સમૃદ્ધ કરનારો છે.

(અમરેલી) —ભૂપેન્દ્ર વકીલ

એક એક 'કુમાર'નો અંક સંગ્રાહ્ય થશે. ઑગસ્ટ અંકમાં, ગોપાળ કૃષ્ણ ગોખલે અને ડૉ. કોસંબી અંગે પ્રકાશિત લેખ સરસ જ છે. એ માટે આપણાં ખાસ અભિનંદન.

વેદમૂર્તિ સાતવળેકર ૯૯ વર્ષ પૂરાં કરી રહ્યા છે તે વિષે જણાવવા માટે સૂચના કરું છું. મરાઠીમાં ડૉ. કોસંબી વિષે હજી પણ કોઈએ વિશેષ લેખ શ્રદ્ધાંજલી લખી જ નથી એટલે 'કુમાર'નો ખાસ ઉલ્લેખ કરવો જોઇએ.

(પૂના-૪) —દત્તાત્રેય ગોરે

જે 'કુમાર'માં 'પડઘા'(રાજેન્દ્ર શુક્લ)અને 'દીવાલો' (મનોજ ખંડેરિયા) જેવી બલિષ્ઠ ગઝલો પ્રગટ થઈ તેમાં 'થાય છે' (દિલદાર) જેવી ગઝલ છાપી!? નંદલાલ વસુનો પરિચય ને મખમલ ચિત્રો જોઈ ખૂબ આનંદ થયો.

(જામનગર) —જયા

[*અમુક જ ફૂલ સુંદર ને સુગંધી એવું હોય?

(અનુસંધાન પૃષ્ઠ ૩૬૨)

તંત્રી બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર • ૧૬

સંયમ

રેવ૦ ફાધર વાલેસ

પવિત્રતાનો બોધ કરવો સહેલ છે (અને સાંભળવો તો એથી યે સહેલ ને!); બ્રહ્મચર્યના આદર્શનં ને લગ્નજીવનના માંગલ્યનું માનસરમ્ય વર્ણન કરવું, અને શુદ્ધ જીવનથી આ લોકમાં ને પરલોકમાં થતા ફાયદા ગણી આપવા એ પણ સરળ વાત છે; પરંતુ ખરું કામ તો એ વાતો કર્યા ને સાંભળ્યા પછી જ શરૂ થાય છે.

વર્ગમાં પાઠ ચાલ્યો; હવે એ બરાબર સમજીને, લખીને, ગણીને, પચાવીને તૈયાર કરવાની જવાબદારી વિદ્યાર્થીની છે. હૃદયમાં બીજ પડ્યું; હવે એનું સિંચન, રક્ષણ, પોષણ કરીને બીજમાંથી વૃક્ષ પેદા કરવાની જવાબદારી જીવનખેડૂની છે અને એમાં જ શુદ્ધ જીવનનું ગૌરવ રહેલું છે, કે તે બહારથી મંગાવવામાં આવેલી ચીજ નથી, પણ અંદરની પ્રેરણાથી અને સ્વયંપ્રયત્નથી પ્રાપ્ત કરેલી સિદ્ધિ છે. ગોખણિયા પાઠ અને જાતે ગણેલા દાખલા વચ્ચે જેટલો ફેર!

વ્યક્તિઘડતરનું કામ વ્યક્તિનું જ છે એ આનો સીધો અર્થ થયો. આદર્શ, પવિત્ર જીવનની વાતો સાંભળીને જો કોઈ કહે કે 'તમારી વાત સાચી, પણ મારું વ્યસન વહાલું', તો એટલેથી જ વાત અટકી જવાની. અલબત્ત, એમ ફોડ પાડીને કહેનાર તો ભાગ્યે જ કોઈ નીકળશે; પણ ખરું જોખમ તો એવા યુવાનો માટે છે કે જેઓ કંઈક ઉદાસીનતાથી ને કંઈક લાચારીથી વિનયપૂર્વક કહે છે: 'તમારી વાત સાચી ને તમારા આદર્શ ઉમદા; પણ અમે રહ્યા કળિયુગના જીવ. વીસમી સદીના સંસારમાં ઋષિઓનું જીવન જીવવું ન પોસાય. મર્યાદા સચવાશે તેટલી સાચવીશું, પણ જમાનાને અનુકૂળ થયા વિના અમારો છૂટકો નથી.' આમ, તેઓ આદર્શ ને વ્યવહાર વચ્ચે તોડ કાઢવાનો પ્રયત્ન કરે છે. વાતો સારી સાંભળે છે ને કર્મો ખરાબ આદરે છે. એક હાથે ભગવાનની ને બીજે હાથે સંસારની આરતી ઉતારે છે!

એ નાટકમાં જોખમ છે. એ તોડમાં વાંકી વેપારબુદ્ધિ છે. એ મિશ્ર પ્રયોગમાં નિષ્ફળતાનાં બીજ છે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. વ્યસન—અને તે ય વળી અશુદ્ધતાનું વ્યસન—ચીકણી ચીજ છે; ચોંટી પડે, વળગી રહે ને બાઝી જાય! સૂક્ષ્મ તાર વડે એ વજ્રનાં બંધન બનાવે છે; કરોળિયાનાં જાળાં ગૂંથીને કેદખાનાની દીવાલ બાંધે છે. પ્રથમ એ નમ્ર ભાવે સુખ આપવાની ને સેવા કરવાની ખાતરી આપે છે; પણ લાગ જોઈને એ ઢોંગ છોડે છે અને ઉદ્ધત બની આત્માના સિંહાસન ઉપર તે બેસી જાય છે. એ નોકરડીને જો ઘરની અંદર પગ મૂકવા દેશો તો એના ગુલામ થવાનો તમારો વારો આવશે. ટેવનું બંધન; લતનું દાસત્વ; વ્યસનનું રાજ. કહે છે કે ગુત્તીકર ઘોરપડે, શ્રીશાહુ મહારાજનો સેનાપતિ, હૈદરને હાથે કેદ પકડાયો ત્યારે તેને માનપૂર્વક ચાંદીની બેડી પહેરાવવામાં આવી! ચાંદીની બેડી, સોનાનું પાંજરું, રાજમહેલમાં કારાવાસ! એ છે વાસનાનું ખરું સ્વરૂપ.

'માણસ વારંવાર દુઃખપૂર્વક કહે છે કે વાસનાની નોકરી એ ભારે દુઃખની નોકરી છે. એમાં જે ખાવાનું મળે છે તે સતત ભૂખ વધાર્યા કરે છે; અને હજાર વસ્તુનાં આકર્ષણો ભટકાવી મારી કોઈ જ જગ્યાએ શાંતિ પામવા દેતાં નથી. વાસના સંસારની ભુલભુલામણીમાં ભટકાવી પાડે છે... અને આખરે મજૂરી ચૂકવતી વખતે પગારમાં બનાવટી રૂપિયા આપે છે.'—(ટાગોર) એ 'ભારે દુઃખની નોકરી' માટે આટલા બધા ઉમેદવારો ઊભા છે એ એક આશ્ચર્ય છે! બીજી બાબતોમાં કરીએ છીએ તેમ આમાં પણ અનુભવનો પાઠ શીખીને ડાહ્યા બનવાનું કેમ આપણને સૂઝતું નથી? એક વખત અમુક દુકાને છેતરાયા પછી ફરીથી એ જ દુકાને કોણ માલ ખરીદવા જાય?

એ નોકરી સમયસર ન છોડીએ તો કેવાં બૂરાં પરિણામ આવે તેનો એક ચોંકાવનારો દાખલો ગણિતશાસ્ત્રના ઇતિહાસમાં મળે છે. આધુનિક ગણિતમાં સૌથી ઊજળું નામ 'સમૂહશાસ્ત્ર'ના શોધક ફ્રેંચ વિદ્વાન ગાલોઆનું છે. દુઃખની વાત એ છે કે એમને એકવીસ વર્ષ પણ પૂરાં થયાં ન હતાં ત્યારે એમનું અવસાન થયું, અને તે એમના અસંયમી વર્તનને પરિણામે થયું. નિશાળમાં ઉચ્છૃંખલ, ઘેર કજિયાખોર, સમાજમાં બદનામ. બે વખત જેલ જઈ આવેલા. (પોતાનું ગણિતનું સંશોધન ઘણુંખરું જેલમાં કરેલું!) જેલમાં પણ માંદગી આવતાં સારવાર માટે ઇસ્પિતાલમાં એમને લઈ ગયા. ત્યાં એ શરીરે સાજા તો થયા, પણ એક નર્સની સાથે એમનો અઘટિત સંબંધ બંધાયો. નર્સ પરણેલી હતી એટલે એના પતિએ લાંછન ધોવા ગાલોઆને દ્વંદ્વયુદ્ધનો પડકાર આપ્યો. પેટમાં ગોળી વાગતાં ગાલોઆનું બીજે દિવસે કરુણ મોત નીપજ્યું. આગલી રાત્રે એમણે મિત્રો ઉપર બે પત્રો લખ્યા હતા તે માનવજાતના ઇતિહાસમાં એક અજોડ લખાણ છે. એકમાં પોતાની અદ્‌ભુત ગાણિતિક શોધો ટૂંકમાં સમજાવીને એ કોઈ પ્રખ્યાત ગણિતશાસ્ત્રીને પહોંચાડવાની વિનંતી હતી. આજે જે ઉચ્ચ ગણિતની શાખા 'અરૂપ બીજગણિત'ને નામે ઓળખાય છે તેની રૂપરેખાઓ એમાં હતી. બીજામાં ગાલોઆએ પોતાનું હૃદય ઠાલવ્યું હતું: 'એક અધમ વેશ્યાને પાપે હું મરી જાઉં છું! મારું જીવન એક કરુણ ફારસ બનીને નષ્ટ થાય છે. આટલી યુવાન વયે મરવું, આટલી તુચ્છ વસ્તુ માટે મરવું, આટલી અદ્‌ભુત શોધો છોડીને મરવું... કેવો તિરસ્કાર છૂટે છે...' અને એકવીસ વર્ષની કાચી ઉંમરે વિદ્યાનાકાશની એ જ્વલંત જ્યોત બુઝાઈ ગઈ... વાસનાની આંધીમાં. જો ગાલોઆ બીજા

વીસ વર્ષ જીવ્યા હોત તો ગણિતના ઇતિહાસનાં જુદાં વહેણ વહ્યાં હોત.

સંયમને અભાવે તો માણસનું વ્યક્તિત્વ વિકૃત બની જાય, તેનો સ્વભાવ અપ્રિય બની જાય, તેનું જીવનકાર્ય અધૂરું રહી જાય. અનેક વખત જીવનમાં ખુલ્લી નિષ્ફળતાનું કારણ વાસનાનો ગુપ્ત હુમલો હોય છે. અશુદ્ધ વ્યસનનું જોર વધ્યું એટલે અભ્યાસનું ધોરણ નીચું આવ્યું એ કેટલાક વિદ્યાર્થીઓનો અનુભવ હશે જ. એવી પરિસ્થિતિ વર્ણવતો એક નિખાલસ વિદ્યાર્થીનો પત્ર મેં એક ચોપડીમાં છપાવ્યો હતો: પ્રથમ ઊજળી કારકિર્દી, પછી વાસનાની પકડ, અંતે સ્વપ્ન ધૂળ ભેગાં. પછી કેટલાક યુવાનોના પત્રો આવ્યા, કેટલાકે મોઢેથી પણ કહ્યું કે, 'એ પત્ર મારી આત્મકથા લાગે છે.' ઠીક, પણ એ પત્રનો બીજો ભાગ છે. જેને પડતાં આવડ્યું હતું એને ફરીથી શિખર ઉપર ચડતાં પણ આવડ્યું. અને દુશ્મનના કબજામાં ગએલો કિલ્લો ફરીથી સર કરવો એ ઓછું પરાક્રમ નથી.

શુદ્ધ જીવનની સાધનામાં માનવહૃદયના શ્રેષ્ઠ સંસ્કારો ખીલે છે: સંયમનું ગૌરવ ને વિવેકનો ચમત્કાર, મર્યાદાની શોભા ને આત્મબળનો પરચો. એ રણમેદાનમાં ચારિત્ર્યવીરને પોતાનું વ્યક્તિત્વ ઘડવા ને પોતાનું ભવિષ્ય ઉજાળવા અનન્ય તક મળે છે. એમાં વિચારો, ઇંદ્રિયો ને દેહ સામે એકીસાથે મોરચો બાંધવાનો હોય છે. એમાં બહારની લાલચ સાથે અંદરની વાસના ભળી જાય છે, ને મિત્રો પણ કોઈ વાર દુશ્મનના પક્ષમાં જતા રહે છે. એમાં હાર-જીતના પ્રત્યક્ષ સાક્ષીઓ નથી, એટલે હારવાની શરમ ન લાગે કે જીતવાનો પાનો ન ચડે. એમાં દિવસ ને રાત, એકાંતમાં ને ટોળામાં, વારે ને તહેવારે સંગ્રામ ચાલ્યા જ કરે છે. રાત્રે યુદ્ધવિરામ પડતો નથી ને સંધિકરાર ઉપર કદી સહીઓ થતી નથી. આ સતત લડાઈમાં જે પોતાના પ્રયત્નથી ને ખંતથી, વિવેક ને ઉત્સાહથી, આત્મસંયમ ને નિશ્ચયશક્તિથી, વડીલોના આશીર્વાદથી ને પ્રભુની પ્રાર્થનાથી વિજેતા નીવડે એ ખરેખર પોતાનાં મન, દિલ ને દેહ પર પ્રભુતા મેળવી ચૂક્યો છે. સંયમની જ શાળામાં ઊજળું વ્યક્તિત્વ ઘડાય. 'કૉલેજમાં દાખલ થવા આવતી વખતે મારા અભ્યાસનાં વર્ષો દરમિયાન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા મેં મારાં બાની આગળ લીધી છે; હવે એ પ્રતિજ્ઞા પાળવા મને મદદ કરશો?' તાજા વિદ્યાર્થીને એમ બોલતો સાંભળીને—અને આ કલ્પેલી વાત નથી, બનેલી છે—હૃદયમાં કેવું માન ઊપજે, કેવું વહાલ ઊભરાય, કેવા આશીર્વાદ દેવાઈ જાય...'તમારી પ્રતિજ્ઞા સોગણી ફળો, બેટા!'

ચોમાસાને અંતે થોડા દિવસ સુધી મારે રોજ સવારે ખેતરોની વચ્ચે જવાનું થતું. રસ્તામાં એક કમલકુંડ આવતો. હું રોજ એ સૌંદર્યનું પ્રદર્શન નિહાળવા થોડી વાર ઊભો રહેતો. પાંખડીઓની શ્વેત શોભા, કમલપત્રોની અલિપ્ત ધ્યાનસમાધિ, જલલહરીઓની નિર્મલ ક્રીડા...જાણે કુદરતનું આગવું કલાસર્જન! પણ એક રાત્રે આકાશ રૂઠ્યું. વીજળી ચમકી. પવન ફૂંકાયો. વરસાદ કહે મારું કામ. સવારે ફરી શાંતિ છવાઈ હતી; વાદળ વીખરાયાં હતાં; આભ સ્વચ્છ હતું. પરંતુ રોજની જેમ હું કમલકુંડની કોરે ઊભો રહ્યો ત્યારે મને ફાળ પડી. કુંડનાં જળ મેલાં હતાં, ફૂલોની દાંડીઓ તૂટેલી હતી, પાંખડીઓ વેરાઈ હતી, અને કમલપત્રોમાં કીચડ ભરાયો હતો!

હવા ખુશનુમા હતી ત્યાં સુધી કમલ ફૂલ્યાંફાલ્યાં; પણ તોફાન આવતાં પંકજ પંકમાં પલટાઈ ગયાં! મને મનમાં થયું: કેટલા બધા યુવકોની જીવનકથા આ કમલકુંડના રૂપકમાં સમાએલી હશે! વાતાવરણ અનુકૂળ હતું ત્યાં સુધી ખીલ્યાં અને વાસનાની આંધી આવતાં તે કરમાઈ ગયાં.

પણ કુંડની બરાબર મધ્યે એક ઊંચું કમલ ઊગતું હતું તે વિશેષ શોભતું, વિશેષ તેજથી ચમકતું, વિશેષ છટાથી ડોલતું હતું. એણે પવનના ઘા ઝીલ્યા હતા, વરસાદના હુમલાનો સામનો કર્યો હતો, કાદવના છાંટા ટાળ્યા હતા; અને એ સંહારના દૃશ્યની વચ્ચે તે શ્રદ્ધાના અવતાર સમું ઊભું હતું. મારાથી બોલાઈ ગયું: 'વાહ રે, કમલ-બ્રહ્મચારીનું શૌર્ય!'



ગુજરાતના સાંસ્કૃતિક સમુત્થાનના એક અગ્રણી, આપણી કલાત્મક જાગૃતિના પુરોધા અને શિષ્યો-પ્રશિષ્યોની પ્રાણવાન પરંપરા ગુજરાતમાં સર્જનાર ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળના સંસ્કારપૂત જીવનનું આ ૭૫મું વર્ષ ચાલે છે.

પોતાની અવિરત કલાસાધના અને પ્રતિભાના બળે કલાનાં વિવિધ ક્ષેત્રોને એમણે ચેતનવંતાં કરી વિકસાવ્યાં છે. અને 'કુમાર'ની સ્થાપના તથા પ્રવર્તન દ્વારા એમણે સાહિત્ય, કલા ને સુરુચિશીલ લોકશિક્ષણનાં ક્ષેત્રોમાં નવી ભૂમિકાઓ સરજાવીને ગુજરાતની કલાદૃષ્ટિને સજીવ રાખી છે અને ગુજરાતના તારુણ્યને પ્રેરણા આપીને અવનવી દિશાઓ સુઝાડી છે.

પોતાના એ આદ્ય સ્થાપકની પોણી સદીની જીવનયાત્રાના મંગલ પ્રસંગને 'કુમાર' એક પર્વ રૂપ સમજે છે અને એ શ્રદ્ધેય સંસ્કારસેવક અને આરૂઢ કલાકારની સાધના અને સેવાને અર્ઘ્ય રૂપે ખાસ 'કલા-અંક' પ્રગટ કરે છે.



ગરુડારૂઢ વિષ્ણુ-લક્ષ્મી





રુદ્ર ભૈરવ



ગજારૂઢ ઇન્દ્ર-ઇન્દ્રાણી

મૂર્તિના મુકુટથી નૂપુર સુધીનાં વસ્ત્રાભૂષણોમાં તેમજ આનુષંગિક ઉપકરણોમાં શોભનપ્રચુરતા, જરા ઠીંગણા ને પુષ્ટ દેહ તથા ઊપસેલા ગાલવાળી લાક્ષણિક મુખમુદ્રા, એ દક્ષિણ ભારતનાં મધ્યકાલીન શિલ્પોને ઓળખવાનાં સાધનો છે. બારમી સદીની આ હોયસળ દેવમૂર્તિઓનાં શિલ્પ-સંયોજનમાં ગરુડની છટા, રુદ્રની ભંગિ અને ગજની ગતિશીલતા નોંધપાત્ર છે. (ફોટો · ચંદુભાઈ ભટ્ટ)





સૂર્યશક્તિનું સંગઠન : દેશના સામાન્ય માનવીને પણ તેના જીવનની જરૂરિયાત તાત્કાલિક તેમજ સસ્તામાં સસ્તી મળી શકે એ હેતુથી ન્યૂ દિલ્હીની નૅશનલ ફિઝિકલ લૅબોરેટરી–રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળા જે પ્રયોગો અને શોધખોળો કરી રહી છે તેમાં સૂર્યની ગરમીને ઉપયોગમાં લેવાના પ્રયોગો પણ છે. ભારતમાં લગભગ બારે માસ તપતા સૂર્યનો ઉજ્જ્વલ પ્રકાશ સતત મળતો જ રહે છે. આ નૈસર્ગિક શક્તિને જો નાથી શકાય તો અખૂટ શક્તિ સસ્તામાં મળી શકે. છેલ્લાં બે વર્ષથી આ દિશામાં થએલા કાર્યને પરિણામે ત્યાં હાલ સૂર્યપ્રકાશ અને હવા વડે એક 'એર-એન્જિન' ચાલી રહ્યું છે. બીજાં કાર્યોનાં જે બે ચિત્રો આ ઉપર બતાવ્યાં છે તેમાં પહેલામાં રસોઈનો પ્રયોગ છે. ચાર ફૂટ વ્યાસના ચકચકિત ધાતુના એક ખૂબ અંતર્ગોળ અરીસા દ્વારા સૂર્યનાં કિરણોને એક કાચની નળીમાં કેન્દ્રિત કરીને પછી તે ગરમી એ નળી વાટે પસાર થઈ તેની સાથે જોડેલા વાસણમાંની ચા, કૉફી, દૂધ કે રસોઇને ઉકાળે છે. આ વડે ૧૦-૧૫ મિનિટમાં શાક રાંધી શકાય છે. બીજા ચિત્રમાં સૂર્યનાં ઇન્ફ્રા રેડ કિરણોને વીજળીના ખાસ ઇન્ફ્રા રેડ ગોળાઓ દ્વારા કેન્દ્રિત કરીને એક કૂકર ચલાવતું દર્શાવ્યું છે. આ સિવાય બીજા પણ પ્રયોગો થયા છે: (૧) રસોઈ માટે એક વિશિષ્ટ વાસણ બનાવ્યું છે જેનું કાચનું તળિયું પોતે જ સૂર્યકિરણોને ઝીલીને સંગ્રહી લે અને તેમાં રસોઈ થઈ જાય; (૨) સપાટ છાપરી પર આશરે ફૂટ માપના ચોકાની સપાટી કાળી રંગીને તેમાં ખાસ જાતનાં કાચનાં નળિયાં જડયાં છે. એ કાળી સપાટી ને કાચનાં નળિયાં ગરમીને ઝીલીને કેન્દ્રિત કરે અને તેની નીચે ગોઠવેલી નળીઓમાંથી વહેતા પાણીને તરત ગરમ કરી દે. પેલી બાજુથી પ્રવેશેલું ઠંડું પાણી આ બાજુના નળમાંથી ગરમ નીકળે! (૩) આ જ રીતે તેલ ભરેલી કાચની નળીમાં અરીસા દ્વારા સૂર્યપ્રકાશ કેન્દ્રિત કરીને તે ઊકળતા તેલ વડે રેફ્રીજરેટર ચલાવી શકાય છે. આ પદ્ધતિએ મોટા પાયા પર સૂર્યની ગરમીને કેન્દ્રિત કરીને હીટ એન્જિન કે થર્મો-ઈલેક્ટ્રિક જેનરેટરો ચલાવી અખૂટ શક્તિ પણ મેળવી શકાય, જે વડે જંગી કારખાનાં ચાલી શકે. હાલ એક હળવા હૉર્સપાવરની મોટર તો ચલાવી પણ શકાય છે. આ શોધ દ્વારા ભારતભરના ગામડાંઓમાં જો રસોઇનું સસ્તું સાધન વ્યાપક કરી શકાય તો છાણાં તથા લાકડાં રૂપે લાખો ટનને હિસાબે એળે જતું ખાતર તથા લાકડાં બચાવી શકાય.

એમાં 'કુમાર'નાં રાબેતા મુજબનાં અંગ-ઉપાંગો સાથે
શ્રી રવિશંકર રાવળના કલાપૂત જીવનની રેખા,
એમની તથા એમના શિષ્યોની
પૂર્ણરંગી ને સાદી ચિત્રકૃતિઓ, ઉપરાંત
ગુજરાતની ચિત્રકળાની સિલસિલાબંધ રૂપરેખા,
ભારતીય કલાતત્ત્વનો આસ્વાદ,
જગતની કલાયાત્રાનો કથારૂપ પરિચય—
આ બધું ચિત્રદૃષ્ટાંતો સાથે રજૂ થશે.

ગયે વર્ષે 'કુમાર'ના જીવનના પાંચમા પર્વ—
૫૦૦મા અંકના ખર્ચને પહોંચી વળવાની
અમે નાખેલી જાહેરખબર માટેની ટેલ
આપે—ગુજરાતે ઉમળકાથી વધાવી લીધી હતી.

એ ૫૦૦મા અંકથી જુદી જ દિશામાં સમૃદ્ધ થનારા
અને આર્ટપેપર ઉપર છાપેલી
પુષ્કળ ચિત્રસામગ્રીવાળા આ અંક માટે
આપની સહાનુભૂતિ દ્વિગુણિતરીતે દાખવશો
એવી અપેક્ષા છે:
૧) ગુજરાતના કલાગુરુના અમૃતમહોત્સવને અર્ઘ્યરૂપે
૨) 'કુમાર'ની આ પર્વ-ઉજવણીને આશીર્વાદ રૂપે.

૫૦૦મા અંકની ટેલ વખતે 'કુમાર'ના ગ્રાહકોએ
'કુમાર'નો ખડિયો છલકાવી દીધો હતો
તેમ આ બેવડા અવસર પર પણ આપ, અમને શ્રદ્ધા
છે કે, જાહેરખબરની ભાવપત્રિકા મંગાવી લેશો.
આભાર.

આ અંક કોને મળશે

પ્રસ્તુત અંક દિવાળી પછી ડિસેમ્બરમાં પ્રસિદ્ધ થશે અને 'કુમાર'ના સર્વ ચાલુ ગ્રાહકો, તથા જે નવા ગ્રાહકો જાન્યુઆરી કે જૂન ૧૯૬૬ના અંકથી હજી પણ ગ્રાહક થવા ઇચ્છશે તેમને ચાલુ લવાજમમાં મળશે; અન્યથા છૂટક કિંમતે(જે રૂ.૬ની આસપાસ થવા જશે)મેળવવાનો રહેશે.

સલામત મેળવવા માટે

આ સમૃદ્ધ અંક સલામત મેળવવા માટે, ૫૦૦મા અંક પેઠે, ૫૫ પૈસાનું પોસ્ટેજ મોકલીને રજિસ્ટર્ડથી મંગાવી શકો. પરંતુ એ ખર્ચ પણ કર્યા વિના જો ૧૯૬૭ના પૂરા વર્ષના લવાજમના વી.પી.થી મંગાવશો તો વી.પી.તથા રજિસ્ટ્રેશન-ખર્ચ અમે ભોગવીશું. આપે તો માત્ર પંદર રૂપિયા જ ભરવાના રહેશે. અલબત્ત, જો આ વર્ષે અધૂરેથી ગ્રાહક થયા હશો, તો હિસાબી સરળતા માટે ૧૯૬૭ના ડિસેમ્બર સુધીના વધારાના મહિનાઓનાં (દર માસના સવા રૂપિયાના વરાડે) વધારે નાણાં આપવાનાં રહેશે.

આવતે વર્ષે સાહિત્ય-અંક

આવતા વર્ષના ઑક્ટોબરમાં દિલ્હી ખાતે ભરાનાર સાહિત્ય પરિષદના અધિવેશન પ્રસંગે આવો જ સમૃદ્ધ 'સાહિત્ય-અંક' પ્રકટ થવાનો છે, તેનો લાભ પણ એ પૂરા વર્ષના – ડિસેમ્બર ૧૯૬૭ સુધીના – ગ્રાહકોને જ મળશે.

ઉશનસ્/ **વૃદ્ધ**

· શિખરિણી ·

જરા ચુપ્કી, આવો અરવ, નીરખો ઝીણી નજરે:
હવે એ ઊઠીને જરીક નીકળી બ્હાર ઘરની
જઈ આવે પાછો—તિમિર-તમરે રાત ચૂંચવે—
પથારીમાં બેસે; તગતું બીડીનું ચિહ્ન સજીવ,
જરા ખાંસી, નાખે ઘસી બૂઝવી; લંબાય અવ એ.
હવે આ અંધારું કણસતું—દીઠું?—હાંફતું શ્વસે;
પડ્યાં ધારાં પાસાં બદલીબદલી પાંસળી પરે;
જૂના પસ્તાવાની, અગર નવલા નિર્ણયની કો
દિસે ના શક્તિ કૈં; ઊંડી ઊતરી આંખોમહીં ખરી
ગયા કૈં તારાઓ ગગન થકી, ખૂંચે ઝીણુંઝીણું
કણીઓ, મીચાવા પણ નહિ જ દે પૂર્ણ...અધુના
ખૂલ્યું લાગે એને નયન નભ લૈ તારક જૂના.
શકો જોઈ એની તરફડન? એને ઊંઘવું છે,
બધું ભૂંસી, ભૂલી, નયન મીચી જંપી જ જવું છે.

ચિનુ મોદી / **છતાં ય**

· વસંતતિલકા ·

ને ખાટ મંદ ગતિમાં પળ આમતેમ
ઝૂલે; અચાનક કશા બળથી અજાણ્યા
ઠેલું સવેગ; હલતા સળિયા, કડાંથી
ચૂવે અવાજ, અથડાય હવા ત્વરાથી.
ઊંચા લઈ પગ પછી શિર ટેકવું હું
બે ગોઠણે; ગતિ જરાક જરાક રહેને
ઓછી થતી, પલક કૈંક પછી હલંતી
જ્યાં ખાટ બંધ પડતી; હળવે રહીને
હું પાય ભોંય પર સ્હેજ અડાડતો ત્યાં
બોદો અવાજ, લથડી પડતી હવા ને
શ્વાસો સમી પલક બાદ શમી જનારી
ઠેલાયલી ગતિ મને સહસા જ ઘેરે,
રોકે; છતાં ય પગથી હળવે રહીને
ઠેલાય ખાટ...

હરિકૃષ્ણ પાઠક / **શૈશવ**

· ગઝલ ·

કદી કાનમાં 'ફૂક્' કરી જાય શૈશવ.
કદી આંખને ઘેન ઘેરાય શૈશવ.
કદી ઊંઘની ઝૂલતી જીર્ણ ડાળે,
પરીલોક થઈ પાંગરી જાય શૈશવ,
કદી ગ્રીષ્મની સાવ સૂની બપોરે,
'ઘુઘૂઘુ...ઘુઘૂઘુ...' કરી ગાય શૈશવ.
કદી ગામને પાદરે શુષ્ક સૂતી
નદીમાં ય ભરપૂર છલકાય શૈશવ.
કદી કૂતરાંની હુંફાળી બખોલે
ઝીણી ગોળ આંખોમાં મલકાય શૈશવ.
કદી ગોરજે ગામચ્યારે ચડીને
જરા કલબલીને શમી જાય શૈશવ.



ઈ. ૧૯૪૮માં પૂનાને કર્મક્ષેત્ર તરીકે સ્વીકાર્યા પછી એક વાર જિમખાનાથી પાછા ફરતાં ફર્ગ્યુસન કૉલેજ રોડ ઉપર કાળો લાંબો કોટ, તેના ઉપર શ્વેત ખેસ, માથે દક્ષિણી પાઘડી અને સમગ્ર વ્યક્તિત્વને અનોખું તારવી આપતી તલવારની અણી જેવા તીણા છેડાવાળી ગુચ્છાદાર મૂછવાળી એક વયોવૃદ્ધ છતાં સશક્ત વ્યક્તિને દૂરથી ઓળખાવતાં મારા મહારાષ્ટ્રી મિત્રે મને કહ્યું: 'આ આવે છે તે તમારી કૉલેજના માજી પ્રિન્સિપલ રૅંગ્લર પરાંજપે.'

આ સાંભળતાં જ વર્ષો પહેલાંનું એક ઝાંખું સ્મરણ તાજું બની ગયું. ઈ. ૧૯૪૨માં ભાવનગર સામળદાસ કૉલેજમાં ઈન્ટરના વર્ગમાં અંગ્રેજીમાં અમારે રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' ભણવાનું હતું. ત્યારના બહુમુખી પ્રતિભાવાળા સફળ અધ્યાપક પ્રિન્સિપલ ટી. કે. શહાણીએ પોતે રાજકારણ વિષયના પ્રાધ્યાપક હોવા છતાં આ પુસ્તક ભણાવવાનું સ્વીકારેલું. એક વખત એ પુસ્તકના કોઈ મુદ્દાની ચર્ચાના અનુસંધાનમાં તેમણે કહેલું કે, 'અંગ્રેજી God (ઈશ્વર)માં G મોટો લખવામાં આવે છે; પણ હું તો GOD એમ ત્રણે અક્ષરો મોટા લખું છું. આમ છતાં, ઈશ્વરના અસ્તિત્વનો સદંતર અસ્વીકાર કરનાર બુદ્ધિજીવીઓ પણ સદાચારસંપન્ન અને સમાજોપયોગી આદર્શ જીવન ગાળી શકે છે.' આમ કહીને તેમણે પૂનાના ડૉ. પરાંજપેનો નામોલ્લેખ કરી કહ્યું: 'ડૉ. પરાંજપે 'ગૉડ'માં નાનો જી વાપરતા, અને તેને 'મિસ્ટર ગૉડ' કહી પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા બહાર આવવાનું આહ્વાન આપતા.' એ સાંભળી અમે કેવળ આશ્ચર્યથી અવાક્ બની ગયા હતા.

એ પછી તો અનેક જાહેર સમારંભો તેમજ ફર્ગ્યુસન કૉલેજનાં વાર્ષિક સ્નેહસમેલનોમાં મહારાષ્ટ્રની એ બૌદ્ધિક પ્રતિભાનાં દર્શન કરી કૃતાર્થ થએલો. તાજેતરમાં જ (૧૬-૨-૬૬) એમની ૯૦મી વર્ષગાંઠ જાહેર રીતે ઊજવવામાં આવી હતી. થોડાં વર્ષ અગાઉ તેમની '84 Not out' અને ગયે વર્ષે 'नाबाद ८९' એ નામે આત્મકથાઓ પ્રકટ થઈ હતી. ત્યારે મહર્ષિ કર્વેની જેમ જ તેઓ પણ શતક પૂરું કરશે એમ એમનાં સ્વાસ્થ્ય, નિયમિત જીવનરહેણી, જાહેર કાર્યક્રમોમાંની એમની સોત્સાહ ઉપસ્થિતિ ઇત્યાદિ ઉપરથી લાગતું હતું. પણ એ ધારણા ફળે તે પહેલાં, ૯૧મા વર્ષે, પૂનામાં જહાંગીર નર્સિંગ હોમમાં, કૉરૉનરી થ્રૉમ્બૉસિસને લીધે તા. ૬-૫-૬૬ને રોજ એમનો જીવનદીપ બુઝાઈ ગયો:

રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે એ એમનું પૂરું નામ. મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના દાપોલી તાલુકામાં મુર્ડી નામે એક નાનકડા ગામડામાં ખૂબ જ ધાર્મિક વૃત્તિના એક કોકણસ્થ ચિતપાવન બ્રાહ્મણ કુટુંબમાં ૧૮૭૬ની ૧૬મી ફેબ્રુઆરીએ એમનો જન્મ થયો. તેર ભાઈભાંડુંઓમાં રઘુનાથ સાતમા હતા. પોતાના એ કુટુંબ વિષે લખતાં ડૉ. પરાંજપેએ કહ્યું છે કે 'કોઈ પણ જાતના નવા સુધારા સામે અમારા ઘરમાં પ્રતિબંધ હતો. કેરોસીનનો દીવો યે પિતાના મૃત્યુ પછી જ ઘરમાં આવ્યો; ત્યાં સુધી મીણબત્તી, દીવી, કોડિયાં ઇત્યાદિ જ વાપરતા. બ્રાહ્મણ વટેમાર્ગુને ક્ષુધાશાંતિ કરાવે એવું આસપાસના ગામમાં કે મુર્ડીમાં એક અમારું જ ઘર હતું. પેઢીઓથી અમારા કુટુંબમાં આ પ્રથા ચાલુ હતી. પિતા શાંત અને સૌમ્ય વૃત્તિના હતા. એમને કદી ગુસ્સે થએલા મેં જોયા નથી. જીવન પ્રત્યેનો એમનો દૃષ્ટિકોણ સ્થિતપ્રજ્ઞનો હતો. ઉચ્ચ શિક્ષણ માટે હું ઇંગ્લંડ જાઉં એ એમને પસંદ ન હતું, પણ મને પરીક્ષામાં યશ મળ્યા પછી એમનો મત બદલાયો હતો. ખાવાપીવાની બાબતમાં એ પોતે ખૂબ ચુસ્ત હોવા છતાં મેં પરદેશમાં શું ખાધુંપીધું એ બાબત એમણે કદી પૂછપરછ કરી નથી.


ઈ. ૧૯૦૧માં હું ઇંગ્લંડથી પાછો આવ્યો. ત્યાં કંઈ ખાસ મોટું પાપ મેં કર્યું હોય એમ ન લાગવાથી રિવાજ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાની મેં ના પાડી. પિતાએ પણ તે માટે આગ્રહ રાખ્યો નહિ. માત્ર તે હતા ત્યાં સુધી હું મુર્ડી જાઉં ત્યારે મારે જમવા જુદું બેસવાનું રહેતું. એમની પૂજા કે ધાર્મિક બાબતમાં મેં કદી ભાગ લીધો ન હતો. પણ એમને તે માટે જોઈતા પૈસા હું ખુશીથી આપતો. ઈ. ૧૯૨૬માં ૩૧મી ડિસેમ્બરે એમનું અવસાન થયું.'

રઘુનાથનું શિક્ષણ આંજર્લેની પ્રાથમિક શાળામાં શરૂ થયું. સંપૂર્ણરીતે ધાર્મિકવૃત્તિના પિતાની ઇચ્છા તો પુત્રને વૈદિક બ્રાહ્મણ બનાવવાની હતી. (રોજ રાત્રે તેઓ રામાયણ-મહાભારતમાંથી એકેક અધ્યાય મોટેથી વાંચીને કુટુંબને સંભળાવતા.) પણ જનોઈ પહેલાં વેદ શીખાય એમ ન હોવાથી અને શાળાશિક્ષણમાં રઘુનાથની સુંદર પ્રગતિ જોઈ શિક્ષકે પણ પિતાના એ વિચારનો વિરોધ કર્યો, ને એ વાત ત્યાંથી જ અટકી. આ દરમિયાન જ એક સુખદ યોગ ઊભો થયો. તેમનાં ફઈના પુત્ર કર્વે (મહિલા વિદ્યાપીઠના સ્થાપક મહર્ષિ કર્વે) પોતાના મામાને (રઘુનાથના પિતાને) મળવા મુર્ડી આવેલા. એ તાજા જ બી. એ. થએલા. અનેક મુશ્કેલીઓ વચ્ચે એમણે પોતાનું ભણતર પૂરું કરેલું, એટલે બીજાઓને ભણતરમાં સહાયરૂપ થવા તેમણે નિશ્ચય કરેલો. તેમનાં વચનોથી પ્રોત્સાહિત બની રઘુનાથ અણ્ણા કર્વે સાથે મુંબાઈ આવ્યા અને દરેક પરીક્ષામાં પ્રથમ ક્રમાંક જાળવી રાખી મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યો. પણ પરીક્ષામાં બેસવા માટે યુનિવર્સિટીના નિયમાનુસાર એમની ઉંમર ઓછી પડી, એટલે વધુ સારી તૈયારી સાથે ઈ. ૧૮૯૧માં તે મૅટ્રિકમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા.


પોતાના એ અભ્યાસકાળ વિષે લખે છે: 'ગાઈડને મેં કદાપિ સ્પર્શ કર્યો ન હતો, પણ વર્ગમાં આવશ્યક હોય તેના કરતાં યે હું ખૂબ ઇતર વાચન કરતો. વિષયની તૈયારી માટે શિક્ષકો જે પુસ્તકો ઘરે વાંચતા તે હું તેમની પાસેથી માગી લાવીને વાંચતો. આમ વિગતપૂર્ણ વાચનથી નિયત પુસ્તકોમાં હોય તેના કરતાં કેટલા ય ગણી વિવિધ ને વિસ્તૃત

પ્રાજ્ઞપુરુષ ગણિતકેસરી રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે

લેખક
પ્રા. ડૉ. શશિન ઓઝા



રૅંગ્લર



માહિતી મળી શકે છે.... ગણિતમાં મારો નંબર પહેલો રહેતો. વિદ્યાર્થી કોઈ વાર શિક્ષકને અઘરો દાખલો પૂછે તો શિક્ષક એ દાખલો ગણવાનું કામ મને સોંપી દેતા! અભ્યાસક્રમ સિવાયનાં પુસ્તકોમાં એલ્ફિન્સ્ટનના 'હિસ્ટરી ઑવ ઇંડિયા' અને ગ્રીનના 'હિસ્ટરી ઑવ બ્રિટિશ પીપલ'નો ઘણો ભાગ મેં વાંચી કાઢેલો. અંગ્રેજીમાં અમારે મૅકૉલેનો એક જ નિબંધ હતો, છતાં મેં તેના લખેલા બધા નિબંધો વાંચી કાઢેલા. મૅકૉલેની શૈલી ઉપર ઘણી ટીકા થાય છે, પણ મને તેનાં લખાણથી ખૂબ ફાયદો થયો છે. ટિળક અને આગરકર એકબીજાના કટ્ટા વિરોધી તેમનાં 'કેસરી' ને 'સુધારક' હું નિયમિત વાંચતો. મિલનું 'સબ્જેક્શન ઑવ વીમેન' અને 'લિબર્ટી' તથા સ્પેન્સરનું 'એડ્યુકેશન' તે વખતે વાંચી કાઢ્યાનું મને સ્મરણ છે. મુંબાઈના આ વાચનમાંથી જ મારા નિરીશ્વરવાદનો ઊગમ થયો. એ વખતે ખાસ કોઈ પ્રસિદ્ધ વ્યક્તિના સંપર્કમાં હું આવ્યો ન હતો, પણ વ્રજભૂખણદાસ આત્મારામ (સર સી.વી. મહેતાના પિતા) ને સર ચિમનલાલ સેતલવડને સંદેશ-ચિઠ્ઠી પહોંચાડવા ઘણી વાર હું જતો. આગળ ઉપર ૧૯૨૧માં ચિમનલાલ ને ચૂનીલાલ બંને કૅબિનેટમાં મારા સહકારી બનેલા.'

આ જ અરસામાં ફર્ગ્યુસન કૉલેજમાં ગોપાળ કૃષ્ણ ગોખલેએ (મતભેદને કારણે ટિળકસોસાએટીમાંથી છૂટા થવાથી, તેમની જગ્યાએ) અણ્ણા કર્વેને ગણિતના પ્રાધ્યાપક તરીકે બોલાવ્યા, ને તેમની પાછળ પરાંજપે પણ ફર્ગ્યુસન કૉલેજમાં વિદ્યાર્થી તરીકે જોડાયા.

પરાંજપેને અહીં વિખ્યાત પ્રાધ્યાપકોનું ઉચ્ચ કોટિનું માર્ગદર્શન મળ્યું. ગોખલે અંગ્રેજી, ઇતિહાસ અને અર્થશાસ્ત્ર શીખવતા. તે ખાસ અંગત રસ લઇને પરાંજપેને વિશાળ અને વિવિધ વાચનમાં પ્રેરતા. પરાંજપે પણ ગણિત સિવાયના વિષયોમાં યે ખૂબ રસ લેતા. આને પરિણામે પ્રીવિયસમાં આખી યુનિવર્સિટીમાં તેઓ પ્રથમ આવ્યા. પછી કર્વેએ એમને વિજ્ઞાનનો અભ્યાસ કરવાની સલાહ આપી, ને પ્રથમ બી.એસસી.ના વર્ગમાં પણ પરાંજપે આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યા. દ્વિતીય બી.એસસી.નો વર્ગ કૉલેજમાં તાજો શરૂ થએલો. પરાંજપેએ Pure Maths. અને Applied Maths. વનસ્પતિશાસ્ત્રના વિષયો લીધા, એ વખતે એક ફરતી ફર્ગ્યુસન સ્કૉલરશિપ બી.એસસી.ના પરીક્ષાર્થીને મળવાની હતી. તે માટેની પરીક્ષામાં પરાંજપેને ૯૦૦ ગુણ પૈકી પ્રથમ વર્ગ માટે જેટલા ગુણ જોઈએ તેના કરતાં પણ બાવન ગુણ વધુ મળેલા. કૉલેજે ખાસ પારિતોષિક તેમજ ફેલોશિપ આપીને એમની આ ઉજ્જવળ સફળતાનું બહુમાન કર્યું.

બી.એસસી. પછી ગણિતના ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લંડ જવાની પરાંજપેની ઇચ્છા હતી; પણ તે માટે મળતી વિદેશી શિષ્યવૃત્તિ સારુ અરજી વગેરેની પૂર્વવિધિ કરવાની જરૂર હતી, તેમજ ૧૮૯૬માં મુંબાઈ યુનિવર્સિટી તરફથી જે શિષ્યવૃત્તિ મળે એમ હતું તે માટે દોઢેક વર્ષની રાહ જોવી પડે એમ હતું. આથી એમણે ઈન્ટર આર્ટ્સમાં પોતાનું નામ નોંધાવ્યું. ગમ્મત તો એ થતી કે ફેલો તરીકે તે ઈન્ટર અને બી.એ.ના વર્ગોને ગણિત શીખવતા, પણ શિક્ષક હોવાની સાથોસાથ તે ઈન્ટર આર્ટ્સના વિદ્યાર્થી પણ હતા! એટલે ઈન્ટરના વર્ગને ટ્રિગોનોમેટ્રી શીખવવાનો પોતાનો સમય પૂરો થાય કે તરત ગોખલેનો અંગ્રેજીનો વર્ગ શરૂ થતાં તે પ્રોફેસરની ખુરશી ઉપરથી ઊતરી તુરત વિદ્યાર્થીઓની વચ્ચે બાંકડા ઉપર ગોઠવાઈ જતા! ઈન્ટરની પરીક્ષામાં પણ પરાંજપે પ્રથમ વર્ગમાં આવ્યા. આ વખતે તેમની સાથે પ્રથમ વર્ગમાં આવનાર એક બીજા વિદ્યાર્થી ભુલાભાઈ દેસાઈ હતા.

ઈ. ૧૮૯૫માં ફર્ગ્યુસન કૉલેજ શિવાજીનગરમાં એની નવી ઇમારતમાં શરૂ થઈ ત્યારે ફેલો તરીકે પરાંજપે હૉસ્ટેલ્સના સુપરિન્ટેન્ડેન્ટ થયા, ને મે ૧૮૯૬ સુધી એ પદ સંભાળ્યું. તેજસ્વી વિદ્યાર્થી હોવા છતાં પરાંજપે માત્ર પુસ્તકના કીડા નહોતા રહ્યા. અનેક રમતગમતમાં ને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ એ શરીરની સુદૃઢતા તરફ લક્ષ આપતા. ૧૮૯૫માં પૂનામાં કૉંગ્રેસ ભરાઈ એ વખતે સ્વયંસેવક તરીકે તેમણે અમૂલ્ય સેવા આપી. આ વર્ષો દરમ્યાન એક બીજો પ્રસગ પણ બન્યો. અણ્ણા કર્વેએ વિધવા સાથે પુનર્લગ્ન કર્યું. પરાંજપે કર્વેની સાથે જ રહેતા હતા, એટલે કૉલેજના વાર્ષિક સંમેલન પ્રસંગે પરાંજપેને પણ બહિષ્કૃત ગણી બ્રાહ્મણેતરોની પંક્તિમાં જમવા બેસાડવાનું વિદ્યાર્થીઓએ સર્વાનુમતે ઠરાવેલું; પણ જ્યારે ઈંગ્લન્ડ જવા માટેની હિંદ સરકારની શિષ્યવૃત્તિ તેમને મળી ત્યારે કૉલેજની પ્રત્યેક ક્લબે તેમને મિજબાની આપી, એટલું જ નહિ પણ ઈંગ્લંડ જવા માટે જ્યારે તેઓ નીકળ્યા ત્યારે સોએક જેટલા વિદ્યાર્થીઓ પૂનાથી બે-એક સ્ટેશન આગળ ખડકી સુધી એમને વળાવવા ગએલા!

Finally I would like earnestly to appeal to all Fergussonians to cherish their alma mater, to do their best to raise it in public estimation & to do nothing that will bring to it any discredit. The

—પરાંજપેના હસ્તાક્ષર—



માતા



પિતા

ઈંગ્લંડમાં કૅમ્બ્રિજની સેન્ટ જોન્સ કૉલેજમાં ઑક્ટોબરની શરૂઆતમાં તેઓ જોડાયા. તેમને ૨૦૦ પાઉન્ડની શિષ્યવૃત્તિ મળતી, ને આવકનું બીજું કોઈ સાધન ન હોવાથી ખૂબ કરકસરપૂર્વક રહેવું પડતું હતું, પણ પોતાની બુદ્ધિકુશાગ્રતાથી પ્રથમ વર્ષને અંતે કૉલેજની પરીક્ષામાં પહેલા આવ્યા ને તેમને બે વર્ષ માટે ૮૦ પાઉન્ડની શિષ્યવૃત્તિ મળી. એ પછી મૅથમૅટિકલ ટ્રાઇપૉસના પરિણામ પછી કૉલેજે તેમને બે વર્ષ માટે બીજી ૧૦૦ પાઉન્ડની શિષ્યવૃત્તિ આપી. આથી તેમની આર્થિક મુશ્કેલી ઘણી ઓછી થઈ ગઈ. પાંચમા વર્ષની આખરમાં તેમને છ વર્ષ માટે કૉલેજની શિષ્યવૃત્તિ પણ મળી. કૅમ્બ્રિજની ગણિતની પરીક્ષા ઘણી લાંબી અને અઘરી હતી. તેમાં કુલ ચૌદ પેપર્સ હતા: પ્રથમ ચાર દિવસ પ્યૉર ને ઍપ્લાઈડ મૅથમૅટિક્સના સર્વ શાખાના પ્રાથમિક અભ્યાસ પર આધારિત સાત પેપર્સ અને પછીના ચાર દિવસ આ જ વિષય ઉપર પણ ઉચ્ચ અભ્યાસક્રમ પર આધારિત સાત પેપર્સ આપવાના હતા. આ ચૌદે પેપર લાંબાલચક છતાં ત્રણ કલાકના સમયમાં જ પૂરા કરવા જોઈએ. ડૉ. પરાંજપે આ પરીક્ષાનું સ્મરણ કરતાં લખે છે કે અમે કૅમ્બ્રિજમાં આપેલા ચૌદ પેપરોની કઠણ પરીક્ષા યાદ આવે છે ત્યારે આજે એક દિવસમાં બે પેપર આપવાની વિચિત્ર અઘરી કામગીરી(!)માટે પ્રસંગોપાત્ત ફરિયાદ કરનાર હિંદી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ પ્રત્યે હસવું જ આવે છે! અમારા કરતાં આજના વિદ્યાર્થીઓની બૌદ્ધિક ને શારીરિક કક્ષા નાજુક બની ગઈ હોય તો કોણ જાણે!'

આ પરીક્ષાનું પરિણામ કેવળ પરાંજપેનું જ નહિ પણ સમગ્ર ભારતનું નામ ઉજાળનારું હતું. પૅમ્બ્રોકના જ્યૉર્જ બર્ટવિસલ સાથે સરખા ગુણ મેળવીને રઘુનાથ પરાંજપે સિનિયર (પ્રથમ ક્રમાંકના) રૅંગ્લરનું માન પામ્યા. આવું માન પામનાર એ સર્વ પ્રથમ ભારતીય હતા. અંગ્રેજી અને હિંદી પત્રોએ તેમના ઉપર પ્રશસ્તિની વૃષ્ટિ કરી. હિંદના તે વખતના વાઈસરૉય લૉર્ડ કર્ઝને ફર્ગ્યુસન કૉલેજ પર અભિનંદનનો તાર કર્યો. (જોકે આવો તાર કરવા માટે સેક્રેટરી ઑાવ સ્ટેટે તેની ખબર લઈ નાખેલી, કારણ ફર્ગ્યુસન કૉલેજ એ વખતે સરકારના 'બ્લૅક લિસ્ટ'માં હતી.) ઉપરાંત, પરાંજપેના પિતા ઉપર પણ તેના પુત્રની આ ભવ્ય શૈક્ષણિક કારકિર્દીને અભિનંદતો પત્ર લખ્યો. ગામડા ગામમાં જ્યારે વાઇસરૉયનો પત્ર પહોંચ્યો ત્યારે પરાંજપેના પિતાને પ્રથમ તો આવા સરકારી કવરથી ભય ને આશ્ચર્ય થયાં. ગામમાં કોઈ અંગ્રેજી વાંચી શકે એમ ન હતું તેથી એ પત્ર ભાષાંતર માટે દાપોડી લઈ જવામાં આવ્યો, ને ખરી હકીકત જાણતાં સૌનાં મનમાં આનંદ ઊભરાયો.



પુત્રી શકુન્તલા, પૌત્રી સઈ અને પ્રપૌત્રી અશ્વિની સાથે પરાંજપે

પરાંજપેની નિષ્ઠા ને સ્વાર્થત્યાગની કસોટી હવે થવાની હતી. એમની આવી ભવ્ય ને અપૂર્વ ફત્તેહ પછી ઘણાએ ફર્ગ્યુસન કૉલેજના સંચાલકોને પરાંજપેને આજીવન સભ્યપદના બંધનમાંથી મુક્ત કરી અનેકવિધ અધિક સમૃદ્ધ ક્ષેત્રોમાં જવા દેવા વિનંતી કરી. મુંબાઈ તાલુકાના શિક્ષણસંચાલકે પણ ગોખલેને પત્ર લખી જણાવ્યું કે પરાંજપેની ઇચ્છા હોય તો તેમને 'ઇન્ડિયન એડ્યુકેશનલ સર્વિસ'માં લઈ શકાશે. એ વખતે આ ક્ષેત્ર હિંદી માટે પ્રતિબંધિત હતું. ગોખલે પરાંજપેને મુક્ત કરવા તૈયાર પણ હતા; પરંતુ પરાંજપે, ઇંગ્લંડ જતાં પહેલાં સંસ્થાની સેવા કરવાનું પોતે જે વ્રત લીધું હતું તેમાંથી, મોટા પગારની નોકરી વૈભવ કે સાહ્યબી માટે ચલિત થવા લેશમાત્ર તૈયાર ન હતા. બધાં પ્રલોભનોને ઠોકરે મારી તેઓ પોતાની ભાવનાને વળગી રહ્યા; ને ૧૯૦૨માં ગોખલેના તેમજ સોસાઍટીના આગ્રહથી ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપલ બન્યા. તે પદ ઉપર છેક ૧૯૨૪ સુધી રહી આજીવન સેવક તરીકેની પોતાની પ્રતિજ્ઞા તેમણે પૂર્ણ કરી.

તેમના નેતૃત્વ નીચે ફર્ગ્યુસન કૉલેજની પ્રગતિ પરાકાષ્ઠાએ પહોંચી. જ્યાં કેવળ ૩૦૦થી પણ ઓછા વિદ્યાર્થીઓ હતા ત્યાં ૧૪૦૦ જેટલી સંખ્યા થઈ. પ્રાંતપ્રાંતના વિદ્યાર્થીઓ માટે ફર્ગ્યુસન કૉલેજ આકર્ષણનું કેન્દ્ર બની. પરાંજપેના માર્ગદર્શન નીચે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ ને નવીન રૅંગ્લરો ઘડાવા લાગ્યા, તેમાંના બે–ડૉ. જી. એસ. મહાજની અને પ્રો. એન. એમ. શાહ–નાં નામોનો ગૌરવથી ઉલ્લેખ કરી શકાય. ડેક્કન એડ્યુકેશન સોસાઍટીમાંથી જ પ્રેરણા મેળવી આગળ જતાં પ્રો. એન. એમ. શાહે સૂરતમાં સાર્વજનિક સોસાઍટીએ એમ. ટી. બી. કૉલેજની સ્થાપના કરેલી.

કૉલેજક્ષેત્ર ઉપરાંત મુંબાઈ ઇલાકાના શિક્ષણપ્રધાન, લખનૌ પૂના ઇત્યાદિ યુનિવર્સિટીના ઉપકુલગુરુ, ઑસ્ટ્રેલિયામાં હિંદ ખાતેના હાઈ કમિશનર તેમજ સરકારની વિવિધ સમિતિ ઉપર રહી પરાંજપેએ અમૂલ્ય કામગીરી બજાવી. પોતાના આ તેજસ્વી સંતાનનું મહારાષ્ટ્રે પ્રસંગોપાત્ત અભિનંદન કરી ભરપૂર કૃતજ્ઞતા અભિવ્યક્ત કરી છે. ગોખલે તો પોતાના પ્રિય શિષ્યના વિજયથી આનંદિત બને જ, પણ પરાંજપે રૅંગ્લર બનીને આવ્યા ત્યારે તેમને જે ભવ્ય મિજબાની આપવામાં આવેલી તેનું સ્મરણ જાળવવા તેનું આખું ચલચિત્ર ગોખલેના મિત્ર ને તે કાળના આગેવાન મિલમાલિક શેઠ નરોત્તમ મોરારજીએ ઉતરાવેલું. પૂના મ્યુનિસિપલ કૉર્પોરેશને ડૉ. પરાંજપેના બંગલાની પાસેના રસ્તાને 'રૅંગ્લર પરાંજપે રોડ' નામ આપી તેમનું બહુમાન કર્યું છે.

ડૉ. પરાંજપેનું લગ્ન એ પ્રીવિયસમાં ભણતા ત્યારે સોળ વર્ષની નાની વયે ૧૮૯૨માં થએલું; પણ ૧૯૦૦માં ડૉ. પરાંજપે ઇંગ્લંડ હતા ત્યારે જ પ્રથમ પત્ની ધનુર્વાતને લઈને અવસાન પામ્યાં. ૧૯૦૫માં સઈ (સીતાબાઈ જોશી) સાથે તેમણે લગ્ન કર્યાં (અનુ૦ પૃષ્ઠ ૩૭૨)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને આલેખક
રવિશંકર
રાવળ



મારા સસરા
(સ્કેચ: ર.મ.રા.)

મુંબાઈની બીમારી લઈ આવનારાઓમાંથી ભાગ્યે જ કોઈ ઊભા થતા. દવાદારૂ અને ઘરખર્ચ પાછળ દેવાં કરીને બચી ગએલા કોઈક જ; બાકી મોટે ભાગે નિરાશા અને દારિદ્ર-માં કુટુમ્બને રીબાતું રાખી રામશરણ પામતા. મારા માટે મારા પિતાશ્રીએ અપાર ચિંતા કરી કશું કરવામાં મણા રાખી નહોતી અને ઘરના એકેએક જણની લાગણી તથા સેવા મારા આયુષ્યમાં આશિષો પૂરતાં હતાં.

મેં ડૉક્ટરોની સલાહ પ્રમાણે શરીરની નબળાઈ અને ફીકાશ દૂર કરવા પેપ્સીન, આયર્ન ફૉસ્ફેટનાં પેટંટો એવીએવી અંગ્રેજી દવાઓની બાટલીઓ ખાલી કરી, પણ મારામાં શક્તિ, હામ કે ઉત્સાહ પ્રકટ્યાં જ નહિ. દિવસે દિવસે ક્ષીણ થતો ગયો. વૈદ્યરાજે આપેલાં અભ્રક, લોહ, પીપર વગેરેનાં મોંઘાં પડીકાં માખણ અને સોનાના વરક સાથે ગળે ઉતાર્યાં, પણ કોઈ નવી આશા મળી નહિ. હું ખાઈ શકતો નહિ અને સૂઈ પણ શકતો નહિ. દૂધ વગેરેના ઝાડા તદ્દન સફેદ રંગના એવા ને એવા પદાર્થો રૂપે મહા કષ્ટે થતા. હું દરેક વૈદ્ય અને ડૉક્ટર આગળ ફરિયાદ કરતો કે મારા પેટમાં ખૂબ ઝેર ભરાયું હોય એમ લાગે છે, તે કોઈ રીતે કાઢો; પણ તેઓ કહેતા કે એ માત્ર વહેમ છે. માતાપિતા પણ તેમની સલાહ માનતાં અને મને જ નરમ ઠપકો આપતાં કે હવે તારો આ બધો વહેમ કાઢી નાખ. મારી પત્ની ઘૂમટો તાણી મૂંગે મોંએ મારી પથારી તેમજ ઝાડા-પેશાબની માવજત રાખતી. રાત્રે મારા કાકા હરિલાલભાઈ આવતા અને મારી બાજુમાં જ ખાટલો નાખી સૂઈ રહેતા. ઘરમાં તેમની સાથે મારો જીવ વધુ મળેલો, એટલે મારી ફરિયાદો હું તેમને કર્યા કરતો.

૨૭૦ મારા સસરા

એ અરસામાં ગામડેથી મારા સસરા મારાં પત્ની અને તેમના ભાણિયાને લેવા આવ્યા. દીકરીની પહેલી સુવાવડ પછી તેનાં માબાપ તેને પોતાને ત્યાં લઈ જાય અને પછી બંને માટે, વસ્ત્રો ભેટ કે અલંકાર કરાવી મૂકી જાય એવા 'આણા'ના રિવાજ અનુસાર તેડવા જ આવ્યા હતા, પણ મારી બીમારી જોઈ તેઓ એમને લઈ જવાની વાત શી રીતે કરે? મારાં બાને વહુની મદદની પૂરી જરૂર હતી, પણ મારા સસરા તો ગામડાના વૈદ્ય હતા. એ કાળે ગામડાંના બ્રાહ્મણો બહુ ભણી શકતા નહિ. મોટો ભાગ તો ગામડાંમાં ભિક્ષાવૃત્તિ કરતો કે યજમાનોનાં દાન-દક્ષિણા ઉપર નભતો અને લગ્ન–જનોઈના કે ઉત્તરકાર્યના પ્રસંગે ગામમાં ઉઘરાણું કરી પોતાની એંટ પાર પાડતો. બ્રાહ્મણ તરીકે તે રોજ સ્નાન-પૂજા કરતો, કોઈ શિવાલય કે દેવમંદિરની પૂજા સંભાળતો અને અન્ય વરણનાં લગ્નો-વ્રતોમાં થોડી વિધિ કરાવી જાણતો. બાકી પૂરું અક્ષરજ્ઞાન પણ હોય નહિ. તેના ઘરનાં સ્ત્રી-બાળકો અન્ય કોમોથી આભડછેટ અને નવેણના નિયમો સખત રીતે પાળતાં અને સર્વ કોમો તેમની મર્યાદા સાચવતી. બ્રાહ્મણનો નિસાસો ન લેવાય, બ્રાહ્મણનું ખપે નહિ, ઊલટું બ્રાહ્મણ-સ્ત્રી બાળકને સહાય કરવી, તેમનું કૈં ચોરાય નહિ, લૂંટાય નહિ કે તેમની તરફ કોઈથી કુદૃષ્ટિ કરાય નહિ એવી સામાન્ય લાગણી રહેતી. અને બ્રાહ્મણ પણ બીજાનાં દ્રવ્ય કે વૈભવ કે ખેતીવાડીની ઈર્ષ્યા કરતો નહિ. 'બ્રાહ્મણને બોલે ને સૂરજની સાખે' એ જૂની કહેવતની છાપ ભૂંસાતી જતી હતી, તો પણ કેટલાકમાં તે સચવાઈ હતી.

મારા સસરાએ વૈષ્ણવ સંપ્રદાય સ્વીકાર્યો હતો અને કોઈ વિદ્વાન શાસ્ત્રીની પાઠશાળામાં ભાગવતનો પાઠ શીખી આવ્યા હતા; ઉપરાંત કોઈ પ્રૌઢ વૈદ્ય પાસે રહી વૈદકનો જેવોતેવો અભ્યાસ કરી ગામડામાં ઘેરબેઠાં નાડી-પરીક્ષા કરી દરદીને તાવ કે પેટના દર્દના ઉકાળા અને ફાકીઓ આપી ગુજારો કરતા હતા. તેમણે મને ખૂબ જોયા કર્યો, મારી ફરિયાદ સાંભળી અને છેવટ મારા પિતાશ્રીને કહ્યું કે, 'તમે તો મોટા માણસ, એટલે મોટા દાક્તર કે વૈદ્યો કહે તેમ કર્યું હશે. પણ મારા જમાઈ મારું ય માણસ છે, એટલે જો માનો તો હું મારું ગામઠી વૈદું કરી અમારી રીતે તેમનો કોઠો શુદ્ધ કરું. તો જ તેમની બધી નાડીઓ ઊઘડે અને ભૂખ-પાચન-દીપન પ્રાપ્ત થાય; અને તો જ શક્તિ આવે.'

૨૭૧ ગામડાના વૈદનો વિજય

મારા પિતાશ્રીએ તેમની વાત સ્વીકારી ને એમણે બંનેએ મળી વૈદક ગ્રંથોમાંથી શુદ્ધિ કરનારો ગરમાળાનો પાઠ ઉતારી તેનાં ઓસડિયાં મંગાવ્યાં. મારા સસરાએ જાતે વિધિસર કોરી માટલીમાં અગ્નિ પર ઉકાળો તૈયાર કર્યો, અને હું તેના માપ પ્રમાણે દિવસમાં ત્રણ વાર મને ગમે કે ન ગમે તો પણ જીવવાની આશાએ તે ગટગટાવી ગયો. પહેલા દિવસના ભાગથી કશું જણાયું નહિ; પણ બીજા દિવસની પ્રભાતે મારા પેટમાં વાદળ ચડયાં હોય અને ગડગડાટ થાય તેવા અવાજો થવા લાગ્યા. હું ગભરાવા લાગ્યો. ઉકાળાનો ઝાડો છૂટી જાય તો ચાલીને દૂર પણ ખસવાની મારામાં શક્તિ નહોતી. મોટું રાખનું ભરેલું લોખંડનું તગારું બાજુમાં રખાવ્યું. વહેલી સવારે મેં મારા કાકાને જગાડચા. પેટમાં પહેલી વાર મેં ધક્કા અનુભવ્યા. શું થશે? આટલો બધો ધક્કો મારાથી કેમ ખમાશે? એવી વિમાસણમાં હતો ત્યાં એકાએક હું બેઠો થઈ ગયો. મારા કાકાએ તરત ઊંચકીને મને તગારા પર બેસાડી દીધો. શું થયું તેની ખબર રહી નહિ. પેટની કોઈ એવી ભીંસ આવી કે હું મારા કાકાના ગોઠણ ઉપર બેભાન થઈ ઝૂકી ગયો. થોડી વારે ધીમા શ્વાસે મેં આંખ ઉઘાડી ત્યારે મને સ્વસ્થ કરી પથારીમાં સુવાડેલો જોયો. મારા કાકા હરખાતા બોલ્યા: 'દોસ્ત, તારો રોગ નીકળી ગયો. તગારું ભરીને કાળો કીટોડો ઉકાળાએ કાઢી નાખ્યો છે!'

ઉકાળા ચાલુ રહ્યા તેમ ઝાડા પણ ચાલુ રહ્યા. ત્રણ દિવસ આ રીતે પેટની શુદ્ધિ ચાલી. ગટરોમાં કાળા રંગનો ગંધાતો કાદવકીચડ ચોંટેલો હોય એવું જ કંઈ પેટમાંથી ખૂબ નીકળ્યું, અને છેવટ જ્યારે ઉકાળો જ નીકળવા માંડ્યો ત્યારે મારા સસરાએ તે બંધ કરાવ્યો. મારા પિતાશ્રીને એમણે કહ્યું કે 'ભાઈશાબ, તમે અમારું માન્યું તો



પ્રભુભાઈ (સ્કેચ: ર.મ.રા.) બૅન્ડવાળા અભુભાઈ

મારી દીકરીનો ચૂડલો અખંડ રહ્યો. મારો ય એટલો સ્વાર્થ હતો. હવે મગના પાણીથી આળાં બનેલાં આંતરડાંને એની મેળે કામ કરવા દો.' એમ છેવટે દૂધ-ચોખા સુધી હું આવ્યો ત્યારે તે તેમની પુત્રી અને ભાણિયાને લઈ પોતાને ગામ ગયા. મારી તબિયત સુધરી જોઇને મારા પિતાશ્રીએ લઘુરુદ્ર કરાવી આનંદ મનાવ્યો. મારા નામે બધાને મિષ્ટાન્ન માણતા જોઈ મને થતું કે હું ક્યારે ભરપેટ જમી શકીશ.

હવે હું હળવે હળવે ઘરમાં હરતોફરતો થયો હતો. મારી માંદગીમાં હું મારી પત્ની સાથે કંઈ વાત કરી શકતો નહિ, મારા બાળક સામે પણ જોઈ શકતો નહિ; માત્ર પત્ની મૂંગે મોંએ રસોડાનો અને ઘરની અંદર મારી શુશ્રૂષાનો બધો ભાર ખેંચતી હતી તે હું જોતો. તેને તેના ભાવિની મંગળ કલ્પનાઓનો વિનાશ દેખાયો હશે અને ક્રૂર વૈધવ્યના ખયાલો પણ આવ્યા હશે. હું પણ અત્યાર સુધી અભ્યાસની અને આગળ વધવાની ધૂનમાં તેના જીવન વિષે બેપરવાઈ રાખતો હતો. પણ મારી અવશ હાલતમાં તેની સેવા-શુશ્રૂષા અને મારામાં કેન્દ્રિત થએલી ચિંતાઓ જોઈ હું ખૂબ જ પ્રભાવિત થઈ ગયો હતો. જીવનમાં મમતા અને નિષ્ઠા જ સાચો વૈભવ છે એમ હું સમજતો થઈ ગયો.

મારી માંદગી લંબાતી ગઈ તેમ મારા જૂના મિત્રો (ભાવનગરમાં જે થોડા રહ્યા હતા તે) વારંવાર ખબર લેવા આવતા રહેલા. જેઓ પહેલાં હમેશના સાથીદાર હતા તે છૂટા પડી ગયા હતા. પરમાનંદ મુંબાઈ હતા. મસ્તરામ કૉલેજમાં ગયા હતા, અને કુટુંબમાં ઘરસંસારી બાબતો અભ્યાસમાં વિક્ષેપ કરે છે એવો મત થતાં તે નાનાભાઈની સલાહથી ગામમાં જ નવી બંધાએલી કૉલેજની હોસ્ટેલમાં રહેવા ગયા હતા. હરભાઈ ત્રિવેદી ઘણે ભાગે તેમની જ રૂમમાં જઈ સાથે વાંચતા હતા. તેઓ બધા એક અંગ્રેજીના નવા યુવાન પ્રોફેસર શાહાણીનાં બહુ વખાણ કરતા હતા. પ્રોફેસર હજુ એકલા જ હતા એટલે હૉસ્ટેલની એક બાજુની રૂમમાં રહેતા અને આવતા-જતા વિદ્યાર્થીઓ સાથે ચબરાક વાતો પણ કરતા હતા. આમ એ મિત્રોના અને મારા માર્ગો નિરાળા બની ગયા હતા. તેઓ વખત બચાવી અવારનવાર મારી ખબર કાઢી જતા, પરંતુ મને તો હવે ઘણો સમય આપી શકે એવા મિત્રની ઝંખના હતી. હું એકલો પડી જતો હતો.

૨૭૨ થીઓસૉફી-મંડળ

એવામાં એક જૂના મિત્ર માણેકલાલ શુક્લે પ્રભુભાઈ ઠક્કરનો પરિચય કરાવ્યો. તે ભાવનગરના સુપ્રસિદ્ધ થીઓસૉફિસ્ટ આગેવાન શ્રી પ્રાણજીવનદાસભાઈના એકના એક યુવાન પુત્ર હતા. કૉલેજમાં ઇન્ટર સુધી પહોંચેલા. પ્લેગ થતાં ઉપચારોથી બચેલા ખરા, પણ કમર નીચેના અવયવોને પક્ષાઘાત લાગી ગયો હતો અને જીવનભરના અપંગ બન્યા હતા. શ્રીમંત ને સૌજન્યશીલ માતપિતાના એ સ્વરૂપવાન ને વિદ્વાન યુવાનને લક્ષ્મી સમાં પત્ની અને દેવકાંતિવાળાં પુત્ર-પુત્રી હતાં. તેમને આવી આપત્તિ સર્જાતાં કુટુંબમાં નિરાશા અને ગમગીની આવી જાય તે સ્વાભાવિક છે. પણ શ્રીમંત પિતાએ તેમનાં સુખ-સગવડ માટે આખા દિવસ માટે સેવક અને ગાડીની વ્યવસ્થા કરી આપી હતી. તેમની ઉદાત્ત કેળવણી પ્રમાણે તેમણે શિષ્ટ ગ્રંથો વસાવ્યા હતા અને સંગીતનો શોખ માણવા ભાવનગરના બૅન્ડના સંચાલક અભુભાઈ પાસે ક્લૅરિયોનેટ જેવું અઘરું વાદ્ય શીખવા માંડયું હતું. છતાં તેમને સમાન વિચારસરણીના મિત્રની ભૂખ હતી. તેમના આખા કુટુંબમાં તેમજ તેમના પિત્રાઇ મંડળમાં થીઓસૉફીની ભારે અસર હતી, એટલું જ નહિ પણ ભાવનગરમાં થીઓસૉફીના સંપ્રદાય પ્રમાણે જ્ઞાનસાધના ને જનસેવામાં પણ તેઓ અગ્રણી હતા.

પ્રભુભાઈના પિતાશ્રી અને કાકા ગોપાળજીભાઈની સાથે ભાવનગરના દરબારી છાપખાનાના અધિકારી શ્રી ફરામજી કોચ-બિલ્ડર, દરબારી ઍકાઉન્ટ્સના અધિકારી નાગર ગૃહસ્થ ભાનુપ્રસાદ અને ઠક્કરબાપાના ભાઈ શ્રી પરમાનંદભાઈ (શ્રી કપિલભાઈ અને રામુભાઈ ઠક્કરના પિતાશ્રી) વગેરે ચુસ્તપણે અડ્યારના આશ્રમેથી આવતા શ્રીમતી બેસન્ટના આદેશો અનુસાર વર્તન-વ્યવહાર રાખતા હતા. પક્ષો અને સંપ્રદાયોથી અલિપ્ત છતાં સૌનો આદર કરનાર આ મંડળે ભાવનગરમાં એક સૌમ્ય નાગરિકત્વ પ્રચાર્યું હતું.

શ્રીમતી બેસન્ટે જ્યારે ભારતીય આદર્શો પ્રમાણે કેળવણીનું નવેસર નિર્માણ કરવાનો નિર્ધાર જાહેર કર્યો ત્યારે આ મંડળે એક 'સનાતન ધર્મ હાઈસ્કૂલ' શરૂ કરી દીધી અને વિદ્યાર્થીઓમાં રામાયણ-મહાભારતની કથાઓનાં લઘુ પુસ્તકોનું વાચન દાખલ કર્યું; તેમજ શ્રી ગોપાળજીભાઈ એ સંસ્થાના મંત્રી અને પરમાનંદભાઈ ઠક્કર તેના હેડ માસ્તર થયા હતા. એ ઉપરાંત તખ્તેશ્વરની ટેકરી નજીક એક નાની જગ્યામાં થીઓસૉફિકલ આશ્રમ બાંધ્યો હતો. ત્યાં આ મંડળના મુખ્ય સભ્યો સવારસાંજ મળતા, જ્ઞાનના ઉત્તમ ગ્રંથોનું વાચનવિવેચન કરતા અને ક્વચિત થીઓસૉફીના નેતાઓ કે વક્તાઓ આવતા ત્યારે એ નાનો હૉલ ઉત્સુક વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોથી ભરાઈ જતો. બહારના એ આગંતુકોના મુકામ ઘણે ભાગે પ્રભુદાસના પિતા પ્રાણજીવનભાઈ સાથે કે કાકા ગોપાળજીભાઇને ત્યાં જ હોય. એમની સ્કૂલમાં ચિત્રકામના રસિયા મારા એક મિત્ર માણેકલાલ શુક્લ હતા. એ ગોપાળજીભાઇને ઘેર જતા-આવતા, તેમાંથી પ્રભુદાસભાઈના પરિચયમાં આવેલા. તેણે હું ચિત્રસાધના કરતાં બીમાર પડીને ભાવનગરમાં આવ્યો છું એ વાત પ્રભુદાસને કરી.

૨૭૩ પ્રભુદાસ ઠક્કર

હું હવે ઘરમાં જરા હરતોફરતો થયો હતો અને કોઈ વાર કોઈની સાથે બગીચા સુધી ચક્કર પણ દઈ આવતો, પણ પોસ્ટ ઑફિસના મકાનમાં રોજ ધમાલ થતી. ઘણાં સગાંકુટુંબીઓ આવતાં-જતાં અને ઘરના રસોડામાં રોજ ભાતભાતના સ્વાદિષ્ટ પદાર્થો થાય તે હું જોઈ રહેતો. ઘણી વાર મન લલચાતું, પણ ભોગવેલી માંદગીનું કારમું રૂપ મનમાં ખડું થઈ જતું અને મન વાળી લેતો. હું માત્ર દૂધ-ભાત ઉપર રહેતો અને ચારે તરફના વાતાવરણમાં એકલો બની જતો. ક્યાંક કુદરતી સ્થળે કે કોઈ એકાંતમાં જવાનું મન થયા કરતું હતું, પણ એવી સગવડવાળું સ્થાન ક્યાં મળે, અને ત્યાં મારી માવજત કોણ રાખે તેની મૂંઝવણમાં દિવસ કાઢતો. બાર્ટન લાયબ્રેરીના કૃષ્ણપ્રસાદ નામે લાયબ્રેરિયને મારી હાલત જોઈ મને અપવાદ રૂપે આર્ટ જર્નલ-

ની ફાઇલો એક પછી એક વાંચવા માટે લાવી આપવા માંડી હતી. તે મેં પહેલેથી ઝીણવટથી જોવા માંડી ખરી, પણ મારી ક્રિયાશક્તિમાં સહાય કરી શકે એવો અભ્યાસ થતો નહોતો. હાથની કરામત લોપાઈ ન જાય તે માટે રોજ કંઈ ને કંઈ આલેખન તો કરવું જ એવો મેં નિયમ કર્યો હતો.

એવામાં એક દિવસ માણેકલાલ શુક્લ અચાનક પોસ્ટ ઑફિસના માળ પર ચડી આવ્યા અને મને કહ્યુ: 'નીચે પ્રભુભાઈ ગાડીમાં બેઠા છે; તમને બોલાવે છે.' હું તુરત નીચે ગયો. ભાવનગરમાં એ કાળે કોઈ વિરલ ગૃહસ્થને ત્યાં જ પોતાની ગાડી હતી. ગાડીમાં અકડવકડ બેઠેલા પ્રભુભાઈએ હાથ લંબાવી મારો હાથ સજ્જડ પકડયો ને કહ્યુ, 'હું તમારો પરિચય કરવા કે'દહાડાનો ઝંખું છું. આજ માણેકલાલ મળ્યા ત્યારે આવ્યો છું. ચાલો, વખત છે? ગાડીમાં શહેર બહાર કહો ત્યાં લઈ જાઉં; વાતો થશે ને તમને હવાફેર લાગશે.'

એ દિવસ પછી પ્રભુભાઈ રોજ સવારે કે સાંજે આવે ત્યારે મને શહેર બહાર ફરવા લઈ જાય. તેમના પિતાશ્રી સવારે થીઓસૉફિકલ લૉજમાં ઊતરી જઇને પછી પ્રભુભાઇને માટે ગાડી છૂટી કરતા. સાથે એક મજબૂત બાંધાનો નોકર રહેતો. તે અને ગાડીવાન પ્રભુભાઈને બે બાજુથી પોતાને ખભે ઉઠાવી ગાડીમાં ચડાવતા, ઉતારતા કે ઘરમાં લઈ જતા. અમે શહેરની બહાર જ્યાં માણસોની જરા પણ અવરજવર ન હોય ત્યાં ગાડી ઊભી રખાવી અરધો કલાક કંઈ વાતો કરતા. હું સ્કેચ કરતો તે જોવામાં પ્રભુભાઈને ખૂબ રસ પડતો, અને કહેતા કે 'મારા જીવનમાંથી કલા સાહિત્ય અને સંગીતે જ્યારે રૂસણાં લીધાં છે ત્યારે તેમના પ્રતિ મારી અનહદ ભક્તિ જાગી છે.' આ દેવ જેવા સ્વરૂપવાળો યુવાન લાચાર બની બોલતો ત્યારે મને વિધાતાની ક્રૂર કઠોરતાનો જ ખયાલ આવતો.

બેચાર વાર હું બપોરના બે વાગ્યા પછીના વખતે તેમને ત્યાં ગયો ત્યારે પ્રભુભાઈ પાસે નગરના બૅંડવાળા અલારખ અથવા તેના નાના ભાઈ અભુને બેઠેલા જોયા. એ વખતે ભાવનગરમાં સંગીતના શાસ્ત્રીય અભ્યાસવાળા સૌ નીલમબાગ (રાજકુટુંબ)ની હજૂરમાં રહેતા, ત્યાં આ એકાંકી અપંગ યુવાનની અછડતી કલાભક્તિ માટે કોણ સાથ આપે? પણ આ મુસ્લિમભાઈઓ પ્રભુભાઈની ઇચ્છાઓને જે અદ્દા અને સહાનુભૂતિપૂર્વક સંતોષતા તે પણ માનવસંબંધનું ઉમદા સ્વરૂપ હતું. એ લોકો સમજતા કે પ્રભુભાઈના હાથ કે આંગળાંની નસો પૂરતી છૂટતી નથી કે છૂટવાની યે નથી, પણ પ્રભુભાઈ તો જરા જેટલા પ્રયત્નથી પણ મલકાઈ જતા અને બાકીના વખતમાં તેમની પાસે જાતજાતની તર્જો વગડાવતા. અલારખ સારું કલૅરિયોનેટ બજાવતા અને અભુના હાથમાં વાયોલિન રમતી. એમને પણ બૅંડના ધંધામાંથી નવરાશે આ સંસ્કારી બેઠકમાં રસ પડતો. હું હાજર હોઉં ત્યારે પ્રભુભાઈ મારી પસંદગીની ચીજો વગડાવતા. ધીરેધીરે મને લાગ્યું કે મારી હાજરીમાં પ્રભુભાઈનો જીવ ખૂબ જ પ્રસન્ન રહેતો. થોડા વખત પછી તેમના પિતા પ્રાણજીવનભાઈ પણ આવીને મારી સાથે થોડી વાત કરતા અને કહેતા કે પ્રભુભાઈની એકલતામાં નવો રંગ આવે છે. તમે સંકોચ વિના આવતા રહેજો.

પ્રભુભાઈ સાથેનો ઘણોખરો સમય કળા-સાહિત્યની વાતો અને ચિત્રોનાં અવલોકનોમાં જતો. નાતાલમાં શ્રી પ્રાણજીવનભાઈ અને ગોપાળજીભાઈ નિયમિતપણે બહાર જતા. ત્યાંથી આ વર્ષે તેઓ જોસેફ બિબ્બીનું પહેલવહેલું જ બહાર પડેલું ઉચ્ચ વિચાર અને ઉમદા કલાનું જગવિખ્યાત વાર્ષિક 'બિબ્બીઝ ઍન્યુઅલ' લેતા આવ્યા. પ્રભુભાઈએ જાણે નવી મિજબાની મળી હોય તેમ મને તુરત તેડાવ્યો, અને જીવનને પુષ્ટ કરનારા લેખો તથા ભાવનાસભર સ્વચ્છ હૂબહૂ રંગોવાળાં ચિત્રોએ અમને બન્નેને આનંદનાં દ્વારો ખોલી આપ્યાં. એ કાળે ભારતમાં શ્રેષ્ઠ ચિત્રોની સારી રંગીન છાપો તદ્દન અપ્રાપ્ય હતી. જોસેફ બિબ્બીએ આ વાર્ષિક દ્વારા સંસ્કાર, સભ્યતા, સંસ્કૃતિ અને માનવતાનો એક ધ્વજ લહેરાવ્યો.

ઘરમાં સૌને સુખે હરતાં-ફરતાં-ખાતાં હું જોઈ રહેતો. નાનુભાઈને દક્ષિણામૂર્તિ ભવનમાં મૂક્યો હતો, પણ તેને ભણવા માટે તો હાઈસ્કૂલમાં જ આવવું પડતું; એટલે બપોરની રિસેસ તે પોસ્ટ ઑફિસમાં આવી ગાળે ત્યારે બા તેના માટે સ્વાદિષ્ટ નાસ્તો કરી જ રાખે. મારી ખાવાની મરજી છતાં ન ખવાતું તેથી મને લાગી આવતું કે હું ક્યાંક એકલો જ મારી રીતે રહી શકું એમ દૂર ચાલ્યો જાઉં. પ્રભુભાઈને મેં મારા વિચારો જણાવ્યા. એમણે તો તુરત કહ્યુ કે, 'તમે આવતા હો તો વરતેજમાં નદીકાંઠે આપણી ધર્મશાળા અને મકાન તૈયાર છે. ત્યાં અમારા સંબંધી દાદા બધું સંભાળે છે. તમે નક્કી કરો કે આવવું છે તો હું, ગકુલની બા તથા મોટાં બા જઈને રહીએ.'

એ જમાનામાં તો મારાથી પ્રભુભાઈને ત્યાં જમાય તો શું, પાણી સરખું યે પીવાય નહિ એવી પ્રથા હતી. મારે માટે બધું કોઈ બ્રાહ્મણ કરે અગર હું જાતે બનાવી લઉં તો થાય. પણ સુભાગ્યે મારે દૂધભાત ઉપર જ રહેવાનું હતું, એટલે દૂધ ભાત અને સાકરની ખીર ઉપર સવાર-સાંજ રહેવાનો મેં નિર્ણય કર્યો; અને વરતેજનું મકાન તૈયાર છે એવા ખબર આવ્યા એટલે પ્રભુભાઈ, તેમનાં લક્ષ્મી સમાં પત્ની અનુપબહેન અને બાળક ગકુલને લઈ મને પોસ્ટઑફિસના મકાન પર લેવા આવ્યા. માત્ર બે જોડ કપડાં અને માબાપની ચરણરજ લઈ હું તેમની સાથે ગામડું મહાલવા નીકળી પડચો. (ચાલુ)

કલા-અંક
મેળવવાનો અધિકાર

શ્રી રવિશંકર રાવળના ૭૫મા વર્ષપ્રવેશ નિમિત્તનો દળદાર 'કલા-અંક' ડિસેમ્બર માસમાં પ્રકટ થઈ શકશે.

સંખ્યાબંધ રંગચિત્રો, નાનાવિધ પુષ્કળ સાદાં ચિત્રો અને જગતકલાની કથા, ભારતીય કલાનો આસ્વાદ તથા ગુજરાત-કલાની રૂપરેખા ઉપરાંત શ્રી રવિશંકર રાવળ તથા તેમના શિષ્યોની ચુનંદી કૃતિઓથી સમૃદ્ધ એ અંક આપણા સાહિત્યમાં અનન્ય બનશે.

આજ સુધી નોંધાએલા 'કુમાર'ના સર્વ ગ્રાહકોને તથા હવે પછી જેઓ ૧૯૬૬ના જાન્યુઆરીથી કે જૂનથી પૂરા વર્ષના ગ્રાહક થશે તેમને જ તે લવાજમની રકમમાં મળશે. અન્યથા છૂટક કિંમતે ખરીદવો પડશે.

મધુમેહ (ડાયાબિટિસ)માં ખોરાક

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વૈદકવિજ્ઞાનના વિકાસ અને આધુનિક ઔષધોથી મધુમેહ (ડાયાબિટિસ)નો રોગી આજે લગભગ તંદુરસ્ત અને કામગરું જીવન જીવી શકે છે. ત્રણેક દાયકા પહેલાં મધુમેહના ઉપચાર અપૂરતા હતા. ઇન્સ્યુલિન ત્યારે તાજું શોધાયું હતું અને આ રોગ અંગે આહારનું જ્ઞાન મોઘમ હતું. બીજી રીતે કહીએ તો ખાવાનું પથ્ય આકરું હતું અને મધુમેહની એક માત્ર દવા ઇન્સ્યુલિન હતી.

આજે વૈદકવિજ્ઞાનના ઝડપી વિકાસથી ઇન્સ્યુલિનનાં ઇન્જેક્શનોનો ત્રાસ ઘટ્યો છે અને મધુમેહનો રોગી ઘણી નિરાંતની જિંદગી ગાળી શકે છે. ઇન્સ્યુલિનની સાપેક્ષ કે નિરપેક્ષ ન્યૂનતાના કારણે મધુમેહ એ જીવનક્રિયા (મેટાબોલિઝમ)નો રોગ છે. તેને અંકુશમાં રાખવા માટે અગ્ન્યાશય–પેન્ક્રીઆસ ઉપરનો બોજ ઓછો કરવા ખોરાકમાં જાળવવાનું છે, જરૂર પડે તો ઇન્સ્યુલિનનાં ઇન્જેક્શન અથવા ઔષધ લેવાનાં છે અને વ્યાયામની નિયમિતતા રાખવાની છે. ઇન્જેક્શન કે ઔષધ એ રોગહર ચિકિત્સા નથી પણ માત્ર અવેજીપૂરક ઉપચાર છે.

મધુમેહની સાચી અને મહત્ત્વની ચિકિત્સા તો ખોરાકના પથ્યની છે. ઇન્સ્યુલિન શોધાયા અગાઉ રોગીને વધારે ચરબી ને પ્રોટીન અને ઘણા થોડા કાર્બોહાઇડ્રેટ પદાર્થો આપવામાં આવતા હતા, પણ હવે તો રોગીના વજનના દર રતલ દીઠ અડધો ગ્રામ પ્રોટીન, સો ગ્રામ ચરબી, ઇન્સ્યુલિન ન લેતા પ્રૌઢો માટે સો ગ્રામ ને જુવાન કામગરા લોકોને દોઢસોથી ત્રણસો ગ્રામ કાર્બોહાઇડ્રેટ આપવામાં આવે છે.

મધુમેહ કોઈ પણ ઉંમરે થાય છે એટલે રોગીની સ્થિતિ મુજબ આહારની જરૂરતો નક્કી થાય છે. સુ-સમતોલ ખોરાક ને ઇન્સ્યુલિનનાં ઇન્જેક્શનોથી રોગીની તંદુરસ્તી જળવાય છે, પણ મોટી ઉંમરનાં ઘણાં રોગીઓ ઇન્સ્યુલિનથી કંટાળે છે. જો તે જાડાં હોય તો ખોરાકનાં પથ્ય ને પ્રમાણ જાળવવાથી પણ તેમને લાભ થાય છે. પાતળા રોગી માટે પથ્ય ઉપરાંત ઇન્સ્યુલિન લેવું જરૂરી છે.

મધુમેહમાં ઇન્સ્યુલિનની ન્યૂનતાના કારણે લોહીમાં પુષ્કળ શર્કરા હોવા છતાં ય શરીરમાં તે વપરાતી નથી અને આ કારણે ખોરાકના બીજા પદાર્થો પણ યોગ્ય રીતે વપરાતા નથી. ઇન્સ્યુલિનની ન્યૂનતા હોવાથી તેના વધારાના સ્રાવ માટે પેન્ક્રીઆસ ઉપર બોજો ઓછો થવો જોઈએ. પેન્ક્રીઆસને આરામ મળતો રહે એટલા સારુ રોગીએ પથ્ય ખોરાક અને તેની પસંદગી વિષે જાણવું અતિ જરૂરી છે.

આહારના પાંચ સિદ્ધાંતો છે: (૧) તંદુરસ્ત વ્યક્તિ કરતાં રોગીએ કાર્બોહાઇડ્રેટ પદાર્થો ઓછા ખાવા, (૨) પ્રોટીનો પૂરતા પ્રમાણમાં લેવાં, (૩) ન તો વધારે પડતું ખાવું કે ન તો ભૂખે મરવું, (૪) ઉંમર અને ઊંચાઈ અનુસાર શરીરનું ઇષ્ટ વજન જાળવવું (એ યોગ્ય આહાર અને રોગ ઉપર અંકુશ આપ્યાનું દર્શક છે), અને (૫) શરીરના વજન અનુસાર ઉષ્ણાંકની ગણતરી કરી ખોરાકનું પ્રમાણ રાખવું.

લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશને ઉંમર ઊંચાઈ અને વજનના કોઠા પ્રકટ કરેલા છે તેમાંથી રોગીએ પોતાનું ઇષ્ટ વજન જોઈ લેવું. રોજના આવશ્યક ઉષ્ણાંક (કૅલોરી)નું પ્રમાણ જાણવા એ ઇષ્ટ વજનના આંકડાને ૧૧·૩થી ગુણવો. આ પ્રમાણે ૧૩૦ રતલ વજનવાળાને રોજ પાયાની જરૂરત માટે ૧૪૬૯ ઉષ્ણાંક જોઈએ.

૧૩૦ રતલ વજનના મધુમેહના રોગીને ૬૫ ગ્રામ પ્રોટીન, ૧૦૦ ગ્રામ કાર્બોહાઇડ્રેટ, અને ૮૧૦૪ ગ્રામ ચરબી જોઈએ. આટલો ખોરાક આખા દિવસમાં નાસ્તો, જમણ ને વાળુના રૂપમાં પૂરો કરવાનો છે.

આવા ખોરાકથી હળવા રોગવાળાને પેશાબમાં સાકર આવતી નથી. જો આમ થાય તો થોડા પ્રમાણમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધારતા જઈ તે ૧૫૦ ગ્રામ સુધી લઈ જવું, પણ તેમાં બપોરના ખાધા પછી સાંજના પેશાબમાં સાકર ન આવે તે ખાસ જોવાનું છે. આની સાથે પ્રોટીન અને ચરબી પણ વધારવી. સો ગ્રામ કાર્બોહાઇડ્રેટથી જો પેશાબમાં સાકર આવે તો કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ ઓછું ન કરતાં રોગીએ ઇન્સ્યુલિનનું ઇન્જેક્શન લેવા સાથે કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ દોઢસો ગ્રામનું કરવું.

યુવાન અને ઊગતી વયના રોગીને વધારે કાર્બોહાઇડ્રેટની જરૂર રહે છે. એમને ૧૭૫ થી ૨૦૦ ગ્રામ સુધી કાર્બોહાઇડ્રેટ આપી શકાય, પણ આ વખતે ચરબી ૫૦ ગ્રામથી વધારે ન જોઈએ.

મધુમેહના રોગીને આપવાના ખોરાકના ઘટકોનાં પ્રમાણ માટે ભિન્નભિન્ન મત છે. એક મત એવો પણ છે કે ૧૩૦ રતલ વજનવાળો રોગી જો બેઠાડુ ધંધો કરતો હોય તો તેના રોજના આવશ્યક ઉષ્ણાંકની ગણતરી આ મુજબ કરવી. વજન ૧૩૦ રતલ × ૧૦ + આ ગુણાકારનો ચોથો ભાગ એટલે કે ૩૨૫=૧૬૨૫ ઉષ્ણાંક.

આ કુલ ઉષ્ણાંકના દસમા ભાગના કાર્બોહાઇડ્રેટ એટલે ૧૬૨ ગ્રામ કાર્બોહાઇડ્રેટ, એનાથી અરધા ભાગની એટલે ૮૧ ગ્રામ ચરબી અને પોતાના વજનના દર રતલ દીઠ અરધો ગ્રામ એટલે ૬૫ ગ્રામ પ્રોટીન લેવું.

ખોરાકની પસંદગીમાં રોગીએ ખાદ્યપદાર્થોની સંરચના ખાસ કરીને શર્કરાનું પ્રમાણ જાણવું જરૂરી છે. ખાદ્ય પદાર્થોમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ આ પ્રમાણે છે. (૧) શુષ્ક ધાન્યોમાં ૭૦ થી ૮૦ ટકા, (૨) શિંબી ધાન્યોમાં ૫૬ થી ૬૦ ટકા, (૩) મગફળી ને સૂકાં ફળમાં ૧૦ થી ૨૦ ટકા, (૪) દૂધ, દહીં, છાસમાં ૫ ટકા, (૫) શાકપાન ને પાંદડાંવાળી ભાજીમાં ૩ થી ૫ ટકા, લીલોતરી શાકમાં ૬ થી ૨૫ ટકા, કંદમૂળમાં ૧૫ થી ૨૫ ટકા, ફળમાં ૫ થી ૩૫ ટકા, અને (૬) માંસ, ઈંડાં ને મચ્છીમાં બિલકુલે ય કાર્બોહાઇડ્રેટ નથી.

રોગીએ ખાંડ, ગોળ ને મિષ્ટાન્ન તજવાનાં છે. ગળપણ માટે સેકેરિન કે સુકેરીલ વાપરવાનાં છે. ખૂબ ગળ્યા પદાર્થો જલદી શોષાય છે અને ભૂખ સંતોષવા વધારે પ્રમાણમાં ખાવા જોઈએ છે.

શુષ્ક ધાન્યો (ઘઉં, બાજરી, ચોખા, મકાઈ, જુવાર, જવ) માપસર જ ખાવાં. આમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધારે છે. ઘઉંના બદલે બાજરી ખાવાથી કોઈ લાભ નથી કારણ કે બન્નેમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ લગભગ સરખું છે. આમાંથી ઉષ્ણાંક પણ સરખા મળે છે અને કઠોળ પણ મિત પ્રમાણમાં લેવાનાં છે.

૧૦ થી ૧૫ ટકા કાર્બોહાઇડ્રેટ ધરાવતાં ફળો (જેવાં કે લીલી દ્રાક્ષ, સંતરાં, મોસંબી, નાસપત્તી, પાકી કેરી, અનનસ, સફરજન, જામફળ, દાડમ, અંજીર, જાંબુ, સીતાફળ, કેળાં, ખજૂર) આખા દિવસમાં ૪ ઔંસથી વધારે પ્રમાણમાં ન ખાવાં.

ભાજી ને લીલોતરી શાક વધારે પ્રમાણમાં ખાઈ શકાય. આથી ખોરાકનું પ્રમાણ વધવાથી પેટ ભરાયાનો સંતોષ થાય છે. બટાટા, સરગવાની શિંગ, ગાજર, સુરણ, રતાળુ, ડુંગળી વગેરેમાં ૧૦ ટકા કરતાં

વધારે કાર્બોહાઇડ્રેટ હોવાથી ન ખાવાં અગર તો બહુ થોડાં ખાવાં.

નિરામિષાહારીએ રોજ શેરથી સવાશેર દૂધ લેવાનું છે. ગાયના દૂધ કરતાં ભેંસનું દૂધ ખાદ્ય પ્રાણોમાં ચઢિયાતું છે. ૧૦૦ ગ્રામ ગાયના દૂધમાંથી ૬૫ ઉષ્ણાંક મળે છે તો ભેંસના આટલા દૂધમાંથી ૧૧ ઉષ્ણાંક; ચરબી ૩.૬ અને ૭.૫ ટકા. રોગીએ રોજ ગાયનું દૂધ સવાશેર લેવું.

માંસ, ઈંડાં ને માછલીમાં શર્કરા ન હોવાથી માંસાહારીને આ ખોરાકમાં રોજિંદા પ્રમાણમાં લેવામાં વાંધો નથી.

અમદાવાદની વા૦ સા૦ હૉસ્પિટલના ડાયાબિટિસ ક્લિનિકના તબીબ અને પ્રાધ્યાપક ડૉ. આર. એમ. શાહ અને પ્રાધ્યાપક ડૉ. જી. જી. ઓઝાએ ૧૪૦ રતલના વજનવાળા રોગી માટે ૧૭૬૦ ઉષ્ણાંક આપતા આહારની આયોજના આ પ્રમાણે દર્શાવેલી છે. સાડાત્રણ ઔંસ લોટ કે સાત રોટલી, દાળ ત્રણ ઔંસ, ચોખા અડધો ઔંસ, કઠોળ દોઢ ઔંસ, ઘી કે તેલ કે બન્ને એક ઔંસ, લીલોતરી શાકપાન આઠ ઔંસ, દૂધ સોળ ઔંસ અને ફળ (મોસંબી, નારંગી, પપૈયું, તરબૂચ, દ્રાક્ષ, અનનાસ, સ્ટ્રૉબેરી) એક ઔંસ.

આ ખોરાકની વહેંચણી નીચે પ્રમાણે કરવાની છે:

નાસ્તો: એક રોટલી, એક ચમચી ઘી, અરધો શેર દૂધ (આ દૂધમાંથી ખાંડ વગરની ચા બનાવી શકાય).

જમણ: ત્રણ રોટલી, ત્રણ ચમચી ઘી, ત્રણ ઔંસ દાળ, અરધો ઔંસ ભાત, ચાર ઔંસ લીલોતરી શાક પાન, દોઢ ઔંસ કઠોળ.

બપોરની ચા: ખાંડ વગરની ચા. ચમચીપુર ઘી કે માખણ સાથે એક રોટલી યા પાઉંનો ટુકડો. ઉપર દર્શાવેલું કોઈ એક ફળ એક ઔંસ.

વાળુ: બે રોટલી, (અગર તો એટલા લોટની ભાખરી) બે ચમચી ઘી, ચાર ઔંસ લીલોતરી શાક-પાન અને અરધો શેર દૂધ.

ઘી, માખણ, કોપરેલ વગેરેમાં સંતૃપ્ત સ્નેહામ્લો હોઈ આ ચરબી ઓછી વાપરવાની છે. મગફળી ને કરડીનું તેલ માપસર ખાવાનું છે. દરેક ખાણા વખતે કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ એક ધારું રાખવું. પ્રોટીન અને ચરબીના પ્રમાણમાં આવી ચોક્કસાઈની જરૂર નથી.

શરૂઆતમાં પુષ્કળ કાર્બોહાઇડ્રેટધારક અનાજ તો જોખીને જ લેવાં પછી નિયત થએલા પ્રમાણ માટે ચમચો કે પ્યાલાનું માપ નક્કી કરવાનું છે. રોગીએ કાર્બોહાઇડ્રેટના પ્રમાણધારક ખોરાકની યાદી જાણવી ઘણી જરૂરી છે. ઔષધો બનાવનાર સંસ્થાઓ આવી પુસ્તિકા પ્રકટ કરે છે. ગુજરાત સંશોધન મંડળે ડૉ. સી. જે. મોદી લિખિત 'મધુમેહ અને આપનો ખોરાક' નામની માહિતીપૂર્ણ પુસ્તિકા પ્રસિદ્ધ કરેલી છે; જે દરેક રોગીએ વાંચવાની ભલામણ છે.

વજન, કામકાજ અને રોગની તીવ્રતાના પ્રમાણમાં પ્રત્યેક રોગી જુદો પડતો હોઈ કોઈ એક પ્રમાણભૂત ખોરાક સૂચવવો મુશ્કેલ છે. ઉપર દર્શાવેલી સામાન્ય સૂચનાઓ રોગીને માર્ગદર્શક નીવડવા પૂરતી છે. બાકી રોગીએ દાક્તરના સૂચવ્યા પ્રમાણે ખોરાકનું પ્રમાણ દઢતા અને ચીવટથી જાળવવાનું છે. રોગીનો ખોરાક યોગ્ય રીતે અંકુશિત ન હોય તો ઇન્સ્યુલિન કે મોં વાટે લેવાનાં ઔષધોથી રોગ બરાબર કાબૂમાં નથી આવતો. રોગ જામી ગએલા રોગી માટે–ખોરાકનું પથ્ય એ મુખ્ય ને મહત્ત્વની ચિકિત્સા છે, ઔષધો તો ગૌણ છે. સ્થૂલકાયી રોગી માટે ખોરાકમાં પથ્ય એ જ એક માત્ર ચિકિત્સા છે.

પરાજયની ઉજવણી

હાંબે ગાળે ઇતિહાસમાં જેની ઊંડી અસર પડી છે એવી નિર્ણાયક લડાઈમાં હૅસ્ટિંગ્સની લડાઈ પણ ગણાય છે. (જુઓ આ અંકમાં પ્રસંગવિશેષ) હૅરોલ્ડ સામે જીત મેળવી વિલિયમે લંડન તરફ કૂચ આદરી. બરખમસ્ટેડ મુકામે અંગ્રેજો એને શરણે આવ્યા. ક્રિસ્ટમસને દિવસે વેસ્ટમિન્સ્ટર ઍબીમાં વિલિયમનું રાજ્યારોહણ થયું. આ પછી નૉર્મનોએ લગભગ એક સદી સુધી ઇંગ્લંડ પર રાજ કર્યું.



પણ હારજીત એ જ આ લડાઈનું મહત્ત્વ નથી. આ નૉર્મનો સામે ઇંગ્લંડમાં પણ માથાં ઊંચકાયાં હતાં. ઇંગ્લંડનું રાજ મેળવ્યા પછી આ જ નૉર્મનોને ફરી ફ્રાંસમાં પોતાના રાજદાવાઓ ઊભા કરવા પડ્યા હતા અને પરિણામે ફ્રાંસ અને ઇંગ્લંડ વચ્ચે લોહિયાળ યુદ્ધોની એક હારમાળા સર્જાઈ હતી. પણ નૉર્મનો સાથે ઇંગ્લંડમાં કેટલાંક નવાં તત્ત્વો પણ ઉમેરાયાં. નૉર્મનોની એક ખાસિયત હતી કે તેઓ જીતેલી પ્રજામાં ભળી જતા. વિલિયમ વિજેતા હતો, પણ ક્રૂર નહોતો. પોતાને ઇંગ્લંડનો જ રાજવંશી સમજતો હોઈ એણે અંગ્રેજ પ્રજાના રસમોરિવાજ જાળવી રાખ્યા. અંગ્રેજી ભાષામાં નૉર્મન ભાષાની અસર ઉમેરાઈ. ઇંગ્લિશ ધર્મસ્થાનોનો નાશ તો ન થયો, પણ એમાં ફેરફારો થયા. દસમી સદીમાં યુદ્ધદેવતાને પૂજતા નૉર્મનો પાંચ છ પેઢીમાં તો ખ્રિસ્તિધર્મના આધારસ્તંભ જેવા બની રહ્યા. એમણે આણેલા કાનૂનોની અસરતળે જ ઇંગ્લંડના કાયદા વિસ્તર્યા. નૉર્મન સ્થાપત્યની એક પ્રભાવશાળી શૈલી પણ ઇંગ્લંડમાં આવી. ડર્હામ, ગ્લોસ્ટર, નૉરિચ, ડૉચેસ્ટર, ચીસેસ્ટર વગેરે દેવળો આજે યે એની શાખ પૂરે છે. ડર્હામ, ઍસ્ટર, લડલો, ટાવર ઑવ લંડન વગેરે કિલ્લા વિલિયમે બંધાવેલા ને સંરક્ષણ સજ્જડ બનાવેલું. જરૂર પડ્યે સશસ્ત્ર સહાય આપવાની શરતે એણે અંગ્રેજ ઉમરાવોને અને પોતાની સાથે આવેલા મહારથીઓને જાગીરો આપી, જેમાંથી આગળ જતાં સામંતશાહી-ફ્યૂડલ પદ્ધતિ વિકસી. વિલિયમે 'ડૂમ્સ ડે બુક'-નું કામ પૂરું કર્યું અને એથી સમગ્ર પ્રજા વિષે સ્પષ્ટ ખ્યાલ મેળવવાનું શક્ય બન્યું.

ઇંગ્લંડનો યુરોપ સાથેનો સંબંધ પણ ફેરવાઈ ગયો. જર્મની અને સ્કૅન્ડિનેવિયા તરફ દૃષ્ટિ રાખતું ઇંગ્લંડ હવે નૉર્મંડી ને ફ્રાંસ તરફ જોતું થયું. દરિયાપાર જઈ નવી વસાહતો ઊભી કરવાની વૃત્તિ પણ આ નૉર્મનો જ લાવ્યા. ઇંગ્લંડ અને અંગ્રેજો આજે જેવાં છે તેવાં આ નૉર્મનો વિના ન જ હોત. અને એટલે જ એ નવ કલાકની લડાઈમાં મળેલા પરાજયને ઇંગ્લંડ આજે નવસો વર્ષે હરખથી ઊજવી રહ્યું છે.

'દર્ભાવતીનો ઇતિહાસ': શ્રી સયાજી સાર્વજનિક પુસ્તકાલય–ડભોઈ દ્વારા 'દર્ભાવતીનો ઇતિહાસ' નામે દળદાર પ્રકાશનની યોજના થઈ છે. તે કાર્ય માટે ડભોઈને લગતી પ્રાચીન કે અર્વાચીન, ઉપયોગી કે મદદરૂપ માહિતી–માર્ગદર્શન–સૂચનો નીચેના સરનામે મોકલી સહકાર આપવા સાહિત્યકારો, ઇતિહાસકારો, શાસ્ત્રવેત્તાઓ આદિને વિનંતી છે: **શ્રી સયાજી સાર્વજનિક પુસ્તકાલય, ડભોઈ (જિ. વડોદરા, ગુજરાત રાજ્ય).**

અને આ પણ જોયું........................

મૂળ લેખક · **વિમળ મિત્ર**
અનુવાદક · **ગુણવંત છો. શાહ**

'**વા**ર્તાની શરૂઆત ક્યાંથી કરું? અંતથી કે આરંભથી?' મિ. રિચાર્ડે મને પૂછ્યું.

હું કલકત્તાથી મુંબાઈ જતો હતો. મિ. રિચાર્ડ સાથે રસ્તામાં જ પરિચય થયો. ફક્ત ચાર જ કલાકની ઓળખાણ. ડમડમના હવાઈ મથકેથી સાંજે છ વાગ્યે મેં ઊડવાનું શરૂ કર્યું હતું. વાઇકાઉન્ટ વિમાનમાં મિ. રિચાર્ડનો સીટ નંબર હતો થ્રી-સી અને મારો હતો થ્રી-ડી. સાવ અડીને અમે બંને બેઠા હતા. કંઈક વાતો કરવાની એને ઇચ્છા થઈ હશે. તેણે પૂછ્યું: 'આર યુ અ વેજિટેરિયન? (તમે શાકાહારી છો?')

હું શાકાહારી છું કે નહિ એ વિષે એમને કંઈ ચિંતા કરવાની જરૂર નહોતી, પરંતુ હું સમજી ગયો કે એમણે પોતાના પાડોશી સાથે વાત કરવાનું નિમિત્ત શોધ્યું હતું. પછી તો ધીરેધીરે ઘણી વાતો થઈ: ભારતની આઝાદીની, આટલાં વર્ષમાં શો શો વિકાસ થયો, શી શી ભૂલો થઈ, શું શું ન થઈ શક્યું એવી બધી પરચૂરણ વાતો થઈ. આવી વાતોમાં પરદેશીઓ બહુ રસ ધરાવે છે.

ભારત એ પહેલી જ વાર આવ્યા હતા. ગૌતમ બુદ્ધનો, લૉર્ડ ચૈતન્યનો, સ્વામી વિવેકાનંદનો દેશ: 'અ લૅન્ડ ઑવ ટેમ્પલ્સ', 'ધ ગ્રેઈટ ઇન્ડિયા!' પેલી બાજુ 'કૅશ્મીર', અહીં 'કુમારિકા!' 'ધ હિમાલયઝ ઍન્ડ ધ ગૅંજિસ!' બનારસના સંન્યાસીઓ, મથુરાના પંડાઓ, વૃંદાવનના ભિખારીઓ, દિલ્હીના ટાંગાવાળા—એકેએક વસ્તુની ચર્ચા થતી હતી. એ બધું જોઈને મિ. રિચાર્ડ આવ્યા કલકત્તા. ચૌરંગી પરની એક હૉટેલમાં ઊતર્યા હતા. હવે પોતાને દેશ અમેરિકા પાછા ફરતા હતા.

કલકત્તા વિષે વાત નીકળી. મને જરા કુતૂહલ થયું અને પૂછ્યું: 'કલકત્તા કેવું લાગ્યું આપને?' એ મારી તરફ ફરીને બોલ્યા: 'કહું?'

મેં કહ્યું: 'જરૂર કહો.'

'તો કહો, ક્યાંથી શરૂ કરું અંતથી કે આરંભથી?'

'એટલે?' મેં સામે પૂછ્યું.

એમણે કહ્યું: 'કૅલકટ્ટાની હૉટેલમાં હું બહુ ઓછું રોકાયો હતો એટલે એના અનુભવના આધારે કોઈ જગ્યા વિષે કશું કહેવું એ બરોબર ન કહેવાય. છતાં એ પહેલા જ દિવસે એક એવો બનાવ બનેલો કે એના ઉપરથી આપને એક વાર્તા મળી જશે. પરંતુ એ બનાવનો અંત હું નથી જોઈ શક્યો.'

'તો પછી શરૂઆતથી જ કહો.' મેં કહ્યું.

મિ. રિચાર્ડ બોલ્યા: 'આ બનાવ પહેલી રાત્રે જ બન્યો હતો. સાંજના ચાર વાગ્યે પ્લેઈન 'કૅલકટા' આવ્યું. વિમાન મથકેથી જ સીધો હૉટેલ પહોંચ્યો. શાનદાર હૉટેલ હતી; આલીશાન મકાન હતું. રૂમ અગાઉથી જ રિઝર્વ કરાવ્યો હતો. બૉય-બબરચી, મૅનેજર-કૅશિયર, સૌને જોયા. સૌએ મારી સરસ ખાતરબરદાસ્ત પણ કરી. હું શું ખાઉં છું, ગરમ પસંદ કરું છું કે ઠંડું, કયા સમયે કઈકઈ વસ્તુની જરૂરત રહે છે, એ બધું મારી પાસેથી જાણી લીધું પછી હું શહેરમાં ફરવા નીકળ્યો. માર્કેટમાંથી થોડો સામાન ખરીદ્યો. બંગાળીઓ મઝાના માણસ છે એવું મને લાગ્યું. આજે પણ પરદેશીઓને તેઓ દેવતા સમજે છે.'

મિ. રિચાર્ડે એક સિગારેટ સળગાવી. મેં કહ્યું: 'હં, પછી?'

'આપનું શહેર બહુ જ સુંદર છે. એક જમાનામાં બ્રિટિશ સામ્રાજ્યનું એ બીજા નંબરનું શહેર હતું. શહેરની વચ્ચોવચ આવડું મોટું મેદાન પશ્ચિમમાં ક્યાં યે મેં નથી જોયું. ગવર્નરનું મકાન પણ જોયું. આપના મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે આઝાદી પછી ત્યાં એક મ્યૂઝિયમ બનાવવામાં આવશે. મનમાં હતું કે ત્યાં મ્યૂઝિયમ જ જોવા મળશે, પણ મારા બંગાળી ગાઇડે જણાવ્યું કે ત્યાં એવું કશું નથી. ચાલો, ત્યાં એવું કૈં નથી એ જ સારું છે. એ જ પહેલાંના જેવું 'ગાર્ડ ઑવ ઑનર', એ જ આઠ ઘોડાવાળો બૉડીગાર્ડ... બ્રિટિશ 'લીગસી'ની તમામ વસ્તુઓનો 'ઇન્ડિયન ગવર્નર' પણ પૂરો ઉપભોગ કરે છે. મારા રૂમની ટૅરેસમાં ઊભોઊભો હું એ બધું વિચારી રહ્યો હતો.'

'પછી?'

'પછી તો હું, સાહેબ, ડિનર લઈને મારા રૂમમાં ગયો. સૂતાં પહેલાં બૉય મારા માટે કૉફી લઈને આવ્યો. એ પછી મારી 'ગાઈડબુક' વાંચતોવાંચતો હું ઊંઘી ગયો. એકાએક મારી આંખ ઊઘડી ગઈ. કેટલી રાત વીતી ગઈ હશે એનો મને ખયાલ ન હતો, પરંતુ મારા રૂમનું બારણું કોઈ ઠપકારતું હતું એવું મને લાગ્યું. પલંગમાં સૂતાંસૂતાં જ મેં પૂછ્યું, 'હૂ ઈઝ ધેઅર? (કોણ છે ત્યાં?)'

'હું!' અત્યંત ધીમો અવાજ હતો, પરંતુ એ મારા બૉય હુકમઅલીનો હતો એટલું પારખતાં મને વાર ન લાગી. મેં બારણું ઉઘાડ્યું. હુકમઅલીએ કહ્યું: 'સાહેબ, તકલીફ માફ કરજો...'

મેં કહ્યું: 'છે શું, પણ?'

હુકમઅલીએ કહ્યું: 'એક સાહેબ આપને મળવા માગે છે.'

'કોણ છે?'

અને મેં આજુબાજુ નજર કરી. તો સહેજ દૂર ટૅરેસના ખૂણામાં અંધારામાં એક માણસ ઊભેલો જણાયો. એટલી વારમાં એ મારી સામે આવી ગયો હતો. એક અમેરિકન હવાઈ જાકીટ અને ટ્રાઉઝર્સ પહેરેલો યંગ મૅન. અબાઉટ થર્ટી. ફેઇસ ગ્રૅઝ ડાર્ક ટૅન. હાથમાં લેધરનો પોર્ટફોલિયો. નજીક આવી તેણે કહ્યું: 'ગૂડ ઇવનિંગ, સર; ગૂડ ઇવનિંગ!'

હું બોલ્યો: 'ગૂડ ઈવનિંગ, યેસ!'

'યુ વૉન્ટ આર્ટિસ્ટ સર?' તેણે લાગલું જ પૂછ્યું.

આર્ટિસ્ટ? શાનો આર્ટિસ્ટ? શું કામ કરવા? તસવીરો ચીતરવા? કોની, મારી? પોર્ટ્રેટ? હું કંઈ સમજતો નહોતો એટલે પૂછ્યું: 'આર્ટિસ્ટ એટલે તમે શું કહેવા માગો છો?'

'વેરી ગૂડ આર્ટિસ્ટ, સર; યંગ ઍન્ડ બ્યૂટીફુલ!'

'એટલે?'

'યંગ વૂમન—ગર્લ્સ, સર! ઑલ કૉલેજ ગર્લ્સ. મારી પાસે એમની તસવીરો છે. આપ જુઓ અને પસંદ કરો.'

એટલું કહીને તેણે ચામડાની બૅગ ખોલી અને તસવીરોનો ગંજ મારી સામે ખડકી દીધો. જાતજાતની છબીઓ હતી: બધી જ યુવાન છોકરીઓ હતી. 'યંગ સ્ટ્રીટ ગર્લ્સ'ના ફોટોગ્રાફ્સ. ખૂબસૂરત, વેલ ડ્રેસ્ડ!'

તસવીરો બતાવતી વખતે તે એનું વર્ણન પણ કરતો હતો: 'જેને આપ પસંદ કરો, જેને આપ ઇચ્છો તે આપની પાસે હાજર થવા રાજી છે. આ બધી 'રિસ્પેક્ટેબલ સોસાએટી-ગર્લ્સ' છે. આ જુઓ, મિસ કદમ, ઉમર ફક્ત નાઇનટીન; આની સેવન્ટીન છે; અને આ છે 'અ પંજાબી ગર્લ!' દરેક પ્રકારનાં આર્ટિસ્ટ આપને મળશે. મારી પાસે દરેક પ્રકારનાં છે—ચાઇનીઝ, બર્મીઝ, બંગાળી...ઑલ વેરાએટી.'

મને મૂંગો જોઈને એ યુવક વધુ જોરમાં આવ્યો: 'બીજા એજન્ટો આપની પાસે આવશે; એ લોકો પણ જાતજાતની તસવીરો લાવશે; પણ

મારી પાસે છે એવી તો નહિ જ હોય.'

પછી તસવીરોને ભેગી કરતાં બોલ્યો: 'આપને કદાચ મારી ઉપર વિશ્વાસ નથી. અમારી લાઇનમાં એવું બને છે પણ ખરું. પણ આપ મારો ભરોસો રાખજો. મારા વિષે હું એટલું જ કહીશ કે હું એક સારા કુટુંબનો છું અને કૅલકટ્ટા યુનિવર્સિટીનો ગ્રૅડયુએટ પણ છું.'

એણે બૅગ ખોલીને એક વિઝિટિંગ કાર્ડ કાઢી મને આપ્યું. એમાં લખ્યું હતું: એ. સી. ચક્રવર્તી, આર્ટિસ્ટ સપ્લાયર.

મારા અચરજનો પાર ન રહ્યો. કૅલકટ્ટા યુનિવર્સિટીનો ગ્રૅડયુએટ; યંગ, હૅન્ડસમ; એણે આ ધંધો ક્યાંથી શોધ્યો? આવો ધંધો કરવાની એને શી જરૂર પડી?...હજી હું મૂંગો જ હતો. ચક્રવર્તીએ વળી પાછું બોલવાનું શરૂ કર્યું: 'રેઈટની આપ ચિંતા ન કરતા. મારા ફિક્સ્ડ રેઈટ છે, તો પણ કમ્પૅરૅટિવલી ચીપ પણ છે; બહુ જ ચીપ. કલાકના ફક્ત ફિફ્ટી રૂપીઝ, ઑન્લી ટેન ડૉલર્સ.'

મેં અચાનક પૂછયું: 'હૉટેલના મૅનેજરની પરમિશન લઈને તમે અંદર આવ્યા છો?' મારો પ્રશ્ન સાંભળીને એ ચોંકી ઊઠયો. બોલ્યો: 'પરમિશન, સર? આવી વાતની પરમિશન લેવાની જરૂર નથી હોતી.'

'હું પૂછું છું કે તમારી પાસે પરમિશન છે કે નહિ? જલદી જવાબ આપો! ક્વિક!' હવે છોકરો ગભરાયો હોય એમ લાગ્યું. એ આજુબાજુ જોવા લાગ્યો અને આઘા ખસવાનો પ્રયાસ પણ કરવા લાગ્યો. હુકમઅલી અત્યાર સુધી અમારી પાસે જ ઊભો હતો એ પણ ક્યાંક ગુમ થઈ ગયો. ચક્રવર્તી પણ ભાગવા લાગ્યો, પણ મેં એકદમ તેનું બાવડું પકડી લીધું અને કહ્યું: 'ચાલો જલદી મૅનેજરની પાસે.'

મારો દેખાવ અને અવાજ સાંભળીને એ થરથરવા લાગ્યો. રડતાં રડતાં કહે: 'સર, મને છોડી દો. હું તમારી માફી માગું છું, ફરી આવું નહિ કરું. મને જવા દો.'

'નો! નેવર!' કહીને મેં વધુ મજબૂતીથી એનો હાથ પકડયો. બળમાં એ મારો મુકાબલો કરી શકે તેમ નહોતો તો યે પોતાનો હાથ છોડાવવાનાં ફાંફાં મારવા લાગ્યો. ફરીફરીને એ કહેવા લાગ્યો: 'સર મને છોડી મૂકો, પ્લીઝ... હું તમને વચન આપું છું કે ફરી તમારી પાસે નહિ જ આવું; પ્લીઝ... સર... પ્લીઝ...'

રાતના અંધારામાં યે એનો ચહેરો બહુ પૅથેટિક દેખાતો હતો. એ અસહાયની જેમ કરગરવા લાગ્યો. અમારા દેશમાં યે આવા બનાવો બને છે. આના કરતાં યે વધારે ખરાબ અને ગંદું બને છે. પરંતુ અહીં? આ ઇન્ડિયામાં? પવિત્ર દેશ ભારતમાં? આ તો અમારા માટે 'લૅન્ડ ઑવ લૉર્ડ ચૈતન્ય, લૅન્ડ ઑવ ગૌતમ બુદ્ધા, લૅન્ડ ઑવ મહાત્મા ગૅન્ડી!

મેં એને ધીમે અવાજે પૂછ્યું: 'તું આ હોટેલમાં શી રીતે આવ્યો?'

સંકોચ સાથે એણે જવાબ આપ્યો: 'હુકમઅલીને બક્ષિશ આપીને.'

'કેટલી બક્ષિશ આપેલી?'

'એક રૂપિયો.' થોડી વાર રહીને એ ફરી બોલ્યો: 'મને છોડી દો, સર... પ્લીઝ. હું સોગંદ ખાઈને કહું છું કે હવે હું અહીં ક્યારે ય નહિ આવું. સર... મારા ઉપર વિશ્વાસ રાખો... હું યુનિવર્સિટીનો ગ્રૅડયુએટ છું. પૈસાની જરૂર હોવાથી આ કામ કરું છું. મારાં બાળકો કેટલા ય દિવસનાં ભૂખ્યાં છે. મારી વાઈફ ટી.બી.માં પડી છે... સર, પ્લીઝ...'

હું જાણતો હતો કે આ બધું બનાવટી છે; એ ઢોંગ કરી રહ્યો છે. આવા માણસો જ્યારે પકડાઈ જાય છે ત્યારે આવી જ વાતો કરે છે. મેં પૂછ્યું: 'તું કહે છે કે તું ગ્રૅડયુએટ છે, તો તેની સાબિતી બતાવીશ?'

'હા, સર; જરૂર બતાવીશ, કાલે સવારમાં જ લાવીશ.'

મને થયું કે આ બદમાશ મને બેવકૂફ સમજે છે. કાલે તો એ હાથમાં આવે જ શાનો? મેં કહ્યું: 'કાલે નહિ, આજે જ મારે જોઇએ.'

એ કહેવા લાગ્યો કે ઘર દૂર છે; ત્યાં પહોંચતાં બહુ વાર લાગે એવું છે; એની સાથે હું જાઉં તો હું બહુ હેરાન થઈ જાઉં. પણ હું ડગ્યો નહિ. મેં કહ્યું: 'વાંધો નહિ, ટૅક્સીનું ભાડું હું આપીશ.' એમ કહેતી વખતે મારો આશય એવો હતો કે જ્યારે ઇન્ડિયા આવ્યો છું ત્યારે ઇન્ડિયાની અસલી સૂરત પણ જોઈ લઉં. મારે લૉર્ડ ચૈતન્ય અને મહાત્મા ગાંધીના ઇન્ડિયાનું—સ્વતંત્ર ભારતનું દર્શન કરવું હતું.

ચક્રવર્તીનો હાથ હજી પણ થરથરતો હતો. કેવો દૂબળો એ હાથ હતો! સહેજ જોર કર્યું હોય તો તૂટી જાય! કદાચ એને પેટ ભરીને ખાવાનું પણ મળતું નહિ હોય. હોટેલની બહાર નીકળીને એણે જ ટૅક્સી બોલાવી. મેં કહ્યું: 'ક્યાં જવાનું છે એ કહી દે.'

એણે ડ્રાઈવરને જગ્યાનું નામ કહ્યું અને ટૅક્સી હવાની ગતિએ ઊપડી. વચ્ચે ચક્રવર્તી એકાએક બોલ્યો: 'સર, આપને બહુ હેરાનગતિ થશે, હં! મારું ઘર બહુ દૂર છે.'

મેં પૂછ્યું એટલે એણે કહ્યું કે ટૉલીગંજ નામના વિસ્તારમાં એ રહે છે. ગાઈડબુકમાં એવું નામ મેં જોયું ન હતું. ગાર્ડન્સ, વિક્ટોરિયા મેમોરિયલ, લેઇક્સ, મ્યૂઝિયમ બધું હતું પણ ટૉલીગંજનો ક્યાં ય ઉલ્લેખ નહોતો. એટલે મેં પૂછ્યું: 'આ ટૉલીગંજ કૅલકટ્ટાની બહાર છે?'

'જી નહિ, કલકત્તામાં જ છે.'

'એમ? કૅલકટ્ટામાં જ છે? તો ગાઈડબુકમાં એ કેમ નથી?'

'ટૂરિસ્ટોએ જોવાલાયક એ જગ્યા નથી, એટલે.'

થોડી વાર રહીને મેં પૂછ્યું: 'આટલા બધા ધંધા હોવા છતાં તેં આ જ ધંધો કેમ પસંદ કર્યો?'

ચક્રવર્તીએ જવાબ આપ્યો: 'સર, પહેલાં હું નોકરી કરતો હતો—એક સરકારી ખાતામાં. દોઢસો રૂપિયાનો પગાર મળતો હતો. એક વાર ઑફિસમાં હડતાળ પડી. એ હડતાળમાં હું પણ ભળેલો. પણ મારી નોકરી ટેમ્પરરી હતી, એટલે મને છૂટો કર્યો. મને કહેવામાં આવ્યું કે તમે 'ડિસ્ટર્બિંગ એલિમેન્ટ (તોફાની તત્ત્વ) છો.'

મેં ચક્રવર્તીની સામે જોયું: 'સાચું કહે છે તું?'

'ઑન ગૉડ! હું ટેમ્પરરી હતો એટલે. મારે ઘરડી મા છે, બીમાર પત્ની ને બે બાળકો છે એવું કહીને દયા યાચવાનો સવાલ જ નહોતો.'

'તો ય નોકરી ગઈ?'

'જી, સર. સાત સાત વરસ સુધી નોકરી તો કરેલી, છતાં ટેમ્પરરી જ રહેલો, એટલે મારી નોકરી તો ગઈ જ; સાથે સાથે હડતાળ માટેના ફંડમાં પાંચ રૂપિયા આપેલા એ પણ ગયા.'

તો પણ મને હજી આ બધી બનાવટ જ લાગતી હતી. સાત સાત વર્ષ થયાં હોય તો પણ કોઈ ટેમ્પરરી હોઈ શકે? છતાં મેં પૂછ્યું: 'પછી શું થયું? આ ધંધામાં ક્યાંથી આવ્યો?'

'પછી તો સાહેબ, બીજી નોકરી મેળવવા બહુ અરજીઓ કરી, પણ નોકરી મળી જ નહિ. ઘરનું ગુજરાન કરજ વધારીને કરતો હતો. પણ એ કેટલા દિવસ ચાલે? એવામાં વાઈફને ક્ષય થઈ ગયો. અંતે આ એજન્સી મળી ગઈ.'

'એજન્સી?—એટલે?'

'સાહેબ, હું તો ફક્ત અરધા ટકાનો જ હકદાર છું; બાકીના પૈસા તો ઑફિસમાં આપી દેવા પડે છે.'

'તમારી ઑફિસ પણ છે, એમ?'

'જી હા, સાહેબ. વધારે નફો તો એ લોકો જ લઈ જાય છે.'

ટૅક્સી ઝડપથી જઈ રહી હતી. મેં પૂછ્યું: 'હજી કેટલું દૂર છે?'

'બસ હવે આ આવી ગયું! પણ ઘેર જઈને શું જોઈશ એની જ અત્યારે તો ચિંતા થાય છે મને!'

'કેમ, શું થયું છે?'

'સવારે સાત વાગ્યે ઘેરથી નીકળ્યો, ત્યારે વાઈફને સખત તાવ ચડેલો. કહેતો આવેલો કે ડૉક્ટરને લેતો આવીશ; પણ સવારની કંઈ જ કમાણી નથી થઈ. અંતે થાકીને રાતના પાછો ફરી રહ્યો હતો ત્યારે થયું કે એક વાર તમારાવાળી હોટેલમાં આંટો લગાવતો જાઉં. હુકમઅલીએ ખબર આપેલી કે સાંજના જ એક અમેરિકન ટૂરિસ્ટ આવેલા છે એટલે એને લાલચ આપીને આપની પાસે આવેલો.'

ત્યાં તો એકાએક ચક્રવર્તીએ ટૅક્સી અટકાવવા કહ્યું. મને કહે: 'સાહેબ, અહીં ઊતરી જાઓ; આગળ બહુ કીચડ છે એટલે ગાડી નહિ જઈ શકે. હવે આપને ચાલવું પડશે. પાંચેક મિનિટનો જ રસ્તો છે.'

એ જગ્યા ગજબની વિચિત્ર હતી. સિટી ઑવ કૅલકટ્ટામાં આવી પણ જગ્યા હોઈ શકે એ હું કદી વિચારી શકતો જ નથી. કાંડા ઘડિયાળમાં જોયું તો રાતનો દોઢ વાગ્યો હતો. ચક્રવર્તીએ એક ઘરની સામે જઈને બારણું ખખડાવ્યું: 'મા, ઓ...મા!'

બારણું ઊઘડતાં જ એક વૃદ્ધા દેખાઈ. એના હાથમાં ફાનસ હતું. ચક્રવર્તીને જે કહ્યું તેનો ભાવ હતો: 'અરધી રાત સુધી ક્યાં હતો?'

ચક્રવર્તી અંદર ગયો. મને કહે, 'આવો સાહેબ!' પછી પોતાની મા તરફ જોઇને કહે: 'ડૉક્ટર સાહેબને પણ સાથે લેતો આવ્યો છું.'

અંદરનો ઓરડો જોઈને તો હું ડઘાઈ જ ગયો! નીચે લાદી ઉપર બે નાનાં બાળકો પડ્યાં હતાં. બંને ઊંઘમાં હતાં. શરીર સાવ ઉઘાડું હતું—કમ્પ્લીટ્લી નેકેડ! એમનાં હાડકાં ગણી શકાય એવું શરીર હતું. ખૂણામાં એક પથારી હતી. એમાં સૂતી હતી ચક્રવર્તીની વાઈફ. એની ઉંમર કંઈ બહુ નહિ હોય. પણ મોં સાવ સફેદ હતું—બ્લડલેસ! સહેજે ય લોહી નહિ. વૉટ અ પૅથેટિક સીન! દુનિયામાં કોઈક ખૂણે આવું દૃશ્ય હોઈ શકે છે એવો કોઈ અમેરિકનને વિચાર પણ નહિ આવ્યો હોય. આ એક જ ઓરડામાં બધું હતું. સમગ્ર વિશ્વ ત્યાં સમાપ્ત થઈ ગયું હતું: હવા અને પ્રાણ, આનંદ અને વિશ્વાસ, જીવનની સઘળી કડવાશ, બધું જ એ ચાર દીવાલોમાં સમાઈ ગયું હતું.

થોડી વારે ચક્રવર્તીએ પોતાની મા પાસે બૅગની ચાવી માગી.

પથારીની સામેના એક ખૂણામાં બે ટ્રંક પડ્યા હતા. એકની ઉપર બીજો મૂકેલો હતો. ચક્રવર્તીએ એમાંની એક પેટી ઉઘાડીને ખૂબ ફંફોળ્યા પછી એક વસ્તુ બહાર કાઢી. તરત બોલ્યો: 'મળી ગયું, સાહેબ! આ રહ્યું. કૅલકટ્ટા યુનિવર્સિટીનું બી.એ.નું સર્ટિફિકેટ!'

મેં એ લઈ લીધું, પણ ઉઘાડીને જોવાનું દિલ ન થયું. હું જોઈને અવાચક જ થઈ ગયો હતો: હાડકાં અને ચામડાંનો જાણે ઢગલો! માનવીનું એ શરીર હતું શું? એ જીવતું હતું કે મરેલું? કશી ખબર પડતી ન હતી. સમગ્ર શરીર સંકોડાઈને પડ્યું હતું. મને થયું કે એ શરીર ચક્રવર્તીની વાઈફનું ન હતું, ક્ષયના એક દર્દીનું નહોતું, પણ એક પ્રશ્નચિહ્ન હતું એ તો! છાતી કાઢીને એ પ્રશ્નચિહ્ન ઊભું હતું—વીસમી સદીની અધુનાતમ સભ્યતાની સામે એ એક તીખા તીર જેવું ઊભું હતું.

ચક્રવર્તી મારી બાજુમાં જ હતો. એ બોલી રહ્યો હતો: 'સાહેબ, ઉઘાડો એને. જુઓ, એ જેન્યુઈન ડિગ્રી છે,—સાવ સાચી! નીચે વાઈસ ચૅન્સેલરની સહી પણ છે.'

ચક્રવર્તીના શબ્દોથી હું ભાનમાં આવ્યો! મેં એને કહ્યું: 'તું તારી વાઈફને હૉસ્પિટલમાં કેમ નથી દાખલ કરતો? આવા દર્દીને આવી દશામાં ઘરમાં ન રખાય. એક જ ઓરડામાં બાળકો, મા અને તું એની સાથે રહો છો એ પણ જોખમી છે.'

ચક્રવર્તીએ કહ્યું: 'હૉસ્પિટલમાં, સાહેબ, મારી ઓળખાણ નથી.'

શો જવાબ આપવો એ મને સૂઝતું જ ન હતું.—મારી મતિ મૂંઝાઈ ગઈ હતી. હિપ-પૉકેટમાં સાતસો રૂપિયા હતા. એકદમ એ કાઢીને એના હાથમાં આપતાં કહ્યું: 'ચક્રવર્તી, લો આ રાખો. કીપ ઈટ ફૉર યૉર વાઈફ્સ ટ્રીટમેન્ટ!'

એ કોઈ પણ હિસાબે લેવા રાજી નહોતો. અંતે ખૂબ સમજાવીને એને મનાવ્યો. જતાં જતાં મેં કહ્યું: 'જો, કાલે છ વાગ્યે હું કલકત્તા છોડીને જઈ રહ્યો છું. તું બપોરના હોટેલ ઉપર આવી શકીશ? બરોબર ત્રણ વાગ્યે આવજે—પૉઝિટિવલી—ત્રણ વાગ્યે ચોક્કસ આવજે.'

ચક્રવર્તીએ પૂછ્યું: 'કેમ, ત્રણ વાગ્યે શું કામ છે?'

'હું તને વધારે રૂપિયા આપવા માગું છું. અત્યારે અહીં પાસે હતું એ તો તને આપી દીધું, હજી ત્રણસો રૂપિયા આપી શકું એમ છું, એટલે તું હોટેલ ઉપર આવજે!'

ઘડિયાળમાં એ વખતે રાતના અઢી વાગ્યા હતા.

સવારે ઊંઘ ઊડતાં વાર લાગી. ઊઠીને હું ક્યાંય ન ગયો. મારો ગાઈડ આવ્યો એને પણ પાછો મોકલી દીધો. હુકમઅલી પણ એક-બે ચક્કર મારીને બહાર જતો રહ્યો.

અંતે ત્રણ વાગવા આવ્યા. એને આપવા માટે ત્રણસો રૂપિયા બહાર જ રાખેલા. હવે ચક્રવર્તી આવવો જ જોઇએ. ત્રણ વાગી ગયા હતા. ઘડિયાળમાં જોયું. ત્રણ ઉપર પંદર મિનિટ થઈ હતી. હું ઊભો થઈ ગયો કેમ કે એર-પોર્ટ ઉપર લઈ જનારી બસ આવવાનો સમય થઈ ગયો હતો. એટલામાં હુકમઅલીએ આવીને એક સીલબંધ કવર મને આપ્યું. ખોલીને જોયું તો મારા અચંબાનો પાર ન રહ્યો. અંદર પેલા સાતસો રૂપિયા જ હતા! નાનકડો પત્ર પણ હતો. લખ્યું હતું:

'પ્રિય મહાશય,

કાલે આપે જે સાતસો રૂપિયા આપેલા એ પરત કરી રહ્યો છું. આજે આપને ત્રણ વાગ્યે મળવાનું વચન આપેલું પણ એ પાળી શક્યો નથી. કાલે રાત્રે જ મારી પત્નીનું અવસાન થઈ ગયું. આભાર.'

બસ, આટલું જ લખેલું. એક લીટી પણ વધુ નહિ. એ રૂપિયા ને કાગળને પકડીને હું ક્યાંય સુધી ઊભો રહ્યો! કંઈ વિચારી જ ન શક્યો'.

મેં કહ્યું: 'પછી?' મિસ્ટર રિચાર્ડે જવાબમાં કહ્યું: 'પછી શું? બસ!' હવે આ જઈ રહ્યો છું.

જમીનથી સોળ હજારની ઊંચાઈએ અમે હતા. ત્યાં બેઠાંબેઠાં દુનિયાના માનવોની સમસ્યાઓ વિષે વિચારવું એ મને કેવળ વિલાસ જ લાગ્યો. આ ડિનર, આ લેમન સ્ક્વૉશ, એ બધાં વચ્ચે આ દેશની સમસ્યાઓની ચર્ચા કરવી એ મને એક પ્રકારનો ગુનો લાગતો હતો. આંસુ સારવાં એ પણ ત્યાં 'ક્રાઈમ' હતો. કેટલી ય વારે મિ. રિચાર્ડે મને પૂછ્યું: 'તમને એક સવાલ પૂછું? જવાબ દેશો?'

મેં કહ્યું 'શું?' અને રિચાર્ડે કહ્યું: 'અમે જે લાખો ટન વ્હીટ, રાઈસ અને મિલ્ક પાઉડર ઇન્ડિયાનાં ગરીબો માટે મોકલીએ છીએ એ તમામ જાય છે ક્યાં? એ બધું ગરીબો સુધી પહોંચતું કેમ નથી?'

શું જવાબ આપું? વિચાર્યું કે કહી દઉં: સાહેબ એક જ દિવસમાં કલકત્તા જોઈને તમારી આ હાલત થઈ છે તો અમે જિંદગી આખી અહીં વીતાવી છે એમનો તો વિચાર કરો! માનવીની બેઈજ્જત, માનવીની લુચ્ચાઈ અમે અહીં ડગલે ને પગલે જોઈએ છીએ. માનવતાનું અપમાન તો અમે પળેપળે જોઈએ છીએ! એટલે જ અમારાં આંસુ સુકાઈ ગયાં છે, ચામડી જાડી થઈ ગઈ છે...પણ હું કંઈ બોલ્યો નહિ.

એવામાં સામે બત્તી સળગી. એમાં લખ્યું હતું: 'ફાસન યૉર બેલ્ટ્સ' અમે એકદમ તૈયાર થઈ ગયા. બારીમાંથી જોયું તો નીચે વીજળીની ઝળહળાટી વચ્ચે મુંબાઈનું હવાઈ મથક આવી રહ્યું જણાયું.

ટિકિટ-સંગ્રહ







નીચે:
સ્વ. લાલબહાદુર શાસ્ત્રીની યાદમાં હંગેરીએ બહાર પાડેલી ટિકિટ (પ્રેષક: કિન્નરી ઝવેરી-મુંબાઈ-૭), તથા પોતાને ત્યાં શાંતિ સ્થાપવામાં સ્વ. જનરલ થિમૈયાએ આપેલી સેવાને બિરદાવતી સાયપ્રસની ટિકિટ. ઉપર અનુક્રમે: ૧) અણુશક્તિના શાંતિમય ઉપયોગ નિર્દેશતી કૅનેડાની ટિકિટ (પ્રેષક: અશ્વિન ભાવસાર-વાનકુંવર), ૨) તાનાનરીવમાં આફ્રિકન ફ્રેન્ચ સંસ્થાનોની પરિષદ નિમિત્તની માલાગાસીની ટિકિટ (પ્રેષક: ફિદાહુસેન-માઝુંગા) અને ૩) આંતરરાષ્ટ્રીય બાલદિન નિમિત્તની પાકિસ્તાનની ટિકિટ (પ્રેષક: ગુલામહુસેન મુસ્તફા-કરાચી).









રંગ, આકાર, ચિત્રશૈલી અને વિષયના વૈવિધ્યવાળી ઈઝરાએલની ટિકિટો. એમાં ઉપરની પાંચ ઊભી ટિકિટો યહૂદી નવા વર્ષ નિમિત્તની હોઈ એના પર ધાર્મિક ક્રિયામાં વપરાતાં સાધનોનું આલેખન છે. નીચેની પહેલી બાર ટિકિટોમાં રાશિઓ અને તેની નીચેની ટિકિટો પર માર્ગ-સલામતીની સંજ્ઞાઓ આપી છે. (પ્રેષક: કિરણચંદ્ર જોષી-અમદાવાદ)

કલાવાર્તા

નરેન પંચાલ


આ અંકના મુખચિત્ર અને પૂઠા પર જેમની કૃતિઓ પ્રકટ થઈ છે એ નરેન પંચાલ નવોદિત ગુજરાતી કલાકારોમાંના એક આશાસ્પદ ચિત્રકાર છે. સૂરત જિલ્લાના ઉમરગામમાં ઈ. ૧૯૩૯માં એમનો જન્મ થયો. પિતા મુંબાઈમાં કૉન્ટ્રૅક્ટર હતા, પણ અકાળે અવસાન થતાં કુટુંબ ભીંસમાં આવી પડ્યું અને એમને માતાથી વિખુટા પડી આશ્રમના આશરે જવું પડ્યું. ત્યાં અંગ્રેજી પાંચમા ધોરણ સુધી અભ્યાસ કર્યો; તે સાથે બચપણથી જ જેના પ્રત્યે એમને બહુ ચાહના હતી એ ચિત્રકળાના વર્ગો પણ ભર્યા. આગળ જતાં ભણવામાંથી મન ઊઠી જતાં એમણે જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં માત્ર ચિત્રકળાનો જ અભ્યાસ કરવા માંડ્યો; પણ આશ્રમના વિદ્યાર્થીઓની એક હડતાલમાં અગ્ર ભાગ લેવા જતાં એમને આશ્રમ છોડવો પડ્યો અને ચિત્રકળાની ડિપ્લોમાની પરીક્ષા પણ રખડી પડી. હવે સ્વાવલંબી બન્યા વિના જીવનપથ કાપવો કઠિન છે એવું ભાન એમને થઈ ગયું.



સેરામિક-ટાઈલ્સ (લાદીઓ) પર કરેલાં ત્રણ શોભન-આલેખનો

એ કપરા દિવસોમાં એમને નૃત્યકાર શ્રી સત્યવાનનો પરિચય થયો, જેઓ એ વેળા ભારતીય વિદ્યાભવનમાં 'રામ–શબરી'ની નૃત્યનાટિકા તૈયાર કરી રહ્યા હતા. તેઓ સુંદર વસ્ત્રસજાવટ અને માસ્ક(મહોરાં)પણ બનાવે છે. નરેનને એમણે પોતાની સહાયમાં કામે લગાડી દીધા. આ કામ દરમિયાન ઇન્ડિયન નૅશનલ થીએટરના શ્રી શચિનશંકર તથા રાજસ્થાનની નૃત્ય-સંસ્થા ભારતીય લોકકલામંડળના સંપર્કમાં આવ્યા. શ્રી શચિન શંકર સાથે સ્ટેઈજ ડેકોરેટર તરીકે આખા ભારતનો પ્રવાસ કર્યો. રાજસ્થાનના લોકકલામંડળની પંચવર્ષીય યોજના પર આધારિત નૃત્યનાટિકા 'ઇન્દ્રપૂજ'-ના સેટ અને વેષભૂષા એમણે જ તૈયાર કરેલાં. એ મંડળ દ્વારા રાજસ્થાનનો પણ સારો પરિચય મળ્યો. દરમિયાન એમનાથી ચિત્રો તો ન થઈ શક્યાં, પણ ચિત્રો માટેનું સારું ભાથું એકઠું કરી શકાયું એમ તેઓ માને છે.


રાજસ્થાનથી આવ્યા પછી તેઓ ઑલ ઇંડિયા હૅન્ડી ક્રાફ્ટ્સ બોર્ડ વતી શૈક્ષણિક રમકડાં અંગે સંશોધન કરી રહેલા શ્રી બાબુજી શિલ્પી (જેમનો પરિચય 'કુમાર'ના ૪૫૨મા અંકમાં આવી ગયો.) પાસે રહ્યા. શ્રી બાબુજીની કળા






અને એમણે વિકસાવેલાં રમકડાંના સરળતમ આકારો તથા એના રંગનો નરેન પર એટલો તો પ્રભાવ પડ્યો કે એમણે એ પછી કરેલાં ચિત્રોમાં એનો પ્રયોગ કરવા માંડ્યો; અને બીજી બાજુ પેઇન્ટિંગના ડિપ્લોમાનો અધૂરો રહી ગએલો અભ્યાસક્રમ પણ પૂરો કર્યો.

આર્થિક રીતે હવે અનુકૂળતા થવા માંડતાં એમની કળાસાધના પણ કંઈક સ્થિર થવા લાગી. શ્રી બાબુજી પાસે ચાર વર્ષ કામ કર્યા પછી તેઓ કુશળ જર્મન કૅમેરામૅન મિ. પૉલ જિલ્સની સંસ્થા 'આર્ટ ફિલ્મ ઑવ ઇંડિયા'-માં કૉન્ટ્રૅક્ટથી જોડાયા. ત્યાં એમણે 'લિન્ટાસ' કંપનીની જાહેરખબરની કેટલીક ફિલ્મોના સેટ, પપેટ્સ, ને માસ્ક તથા ટાઈટલ વગેરેનું કામ કર્યું. દરમિયાન ત્યાંના શ્રી જગમોહને એમની સ્કેચબુક જોઈ એમની કળાની લગનીને પ્રમાણી પ્રોત્સાહન આપવા માંડ્યું. આ જ અરસામાં 'બૉમ્બે આર્ટ સોસાએટી'ના ૭૨મા પ્રદર્શનમાં એમને ભારતીય શૈલીની ચિત્રકૃતિ માટે પ્રથમ ઇનામ ને રૌપ્ય ચંદ્રક મળ્યાં. શ્રી જગમોહનની સહાયથી તેઓ 'વિટ્રમ સેરામિક સ્ટુડિયો'માં જોડાયા. ત્યાં સેરામિક (માટીકામ)માં એમણે કેટલીક ચિત્રકૃતિઓ ઉતારી અને મુંબાઈમાં કેન્દ્ર સરકારના લેબર ઇન્સ્ટિ-










ડ્યૂટ માટે મોઝેઈક (ચીની માટીના ચમકતા વિવિધરંગી ટુકડા)માં એક ભીંતચિત્ર પણ બનાવ્યું. વિટ્રમ સ્ટુડિયોમાંનું એમનું કામ તો પરદેશમાં પણ પ્રદર્શિત થએલું ત્રણેક વર્ષ પછી એ સ્ટુડિયો બંધ થતાં હવે તેઓ સ્વતંત્ર ચિત્રકાર તરીકે કામ કરે છે. આજે દિલ્હીની લલિતકલા અકાદમી, મુંબાઇનું રાજભવન, નેધરલૅન્ડ જર્મની અને પૉલૅન્ડનાં એલચીખાતાં, તાતા કેમિકલ્સ, એર ઇંડિયા, કામાણી, 'ઈન્ટર નૅશનલ મૉનિટરી ફંડ (વૉશિંગ્ટન) વગેરે અનેકના સંગ્રહો એમની કલાકૃતિઓ ધરાવે છે.


છેલ્લાં ત્રણેક વર્ષથી દર વર્ષે તેઓ વૈયક્તિક પ્રદર્શનો દ્વારા પોતાની કૃતિઓ રજૂ કરતા રહ્યા છે. આ માસમાં પણ મુંબાઈમાં એમનું વૈયક્તિક પ્રદર્શન યોજાયું છે.

ભારતીયતાથી હૃદ્ય બનતી અને લોકકલાની અસરવાળી એમની આગવી પરિપાટી આધુનિક કલાની મૂર્ત-અમૂર્તની સંદિગ્ધતાથી છેટી





ગ્રામજીવન અને સૌરાષ્ટ્રના બહારવટિયાઓનું નરેન પંચાલને વધુ આકર્ષણ છે તે એમની અહીં આપેલી કૃતિઓમાં વ્યક્ત થાય છે. ઉપર ડાબી બાજુની કૃતિ એમણે પિત્તળના પતરા પર ઉપસાવેલી છે. ખાંભી દ્વારા એમણે ભૂતકાળનું સૂચન કર્યું છે. પછીના ચિત્રમાં ગામડાને માર્ગે રાત્રે પસાર થતા બહારવટિયા, વચ્ચે : દીકરીની વિદાય, નીચે સૌરાષ્ટ્રના મોતીના ચાકળાની શૈલીમાં દાંડિયારાસનું શોભન-આલેખન અને ડાબીબાજુ (નીચે) ગામડાનાં છાપરાંનો એક બેરંગી સ્કેચ.




રહેલી જણાય છે. એમને પોતાને પણ એવી ચિત્રશૈલીમાં બહુ શ્રદ્ધા નથી. સરળ આકારો અને ખાસ કરીને ચોરસ આકાર પ્રત્યે એમનું વલણ ઢળતું જણાય છે. એમનાં ચિત્રોનું વસ્તુ મહદંશે ભારતના ગ્રામજીવનમાંથી લીધેલું હોય છે. છેલ્લે છેલ્લે સૌરાષ્ટ્રના પ્રવાસ પછી ત્યાંના બહારવટિયાઓની શૌર્યકથાઓ, એમના પાળિયા અને કચ્છનાં ભીંત પરનાં લીંપણનો એમના પર પ્રભાવ પડયો. જે એમણે ખંડેર ભીંતો પર ઉપસાવેલાં ચિત્રો પેઠે કાગળ અને પતરા ઉપર ઉપસાવીને કરેલી કલાકૃતિઓમાં જોવા મળે છે. આમ, સંજોગાનુસાર પોતાની કલાસાધનાને યોગ્ય એમને જ્યાંથી મળી ત્યાંથી પ્રેરણા લીધી છે. વિવિધ શૈલીના પ્રયોગ છતાં એમનાં ચિત્રોમાં સામાન્ય રીતે ભારતીયતા નીતરતી જોવા મળે છે. આ અંકનું પૂઠું પણ એમણે પોતાના જ આવા એક ચિત્રને સાંકળી લઇને ખાસ ચીતરી આપ્યું છે.

એની સમજ આપતાં કલાકાર જણાવે છે કે 'કાઠિયાવાડના બહારવટિયાઓની પરાક્રમ ગાથાઓનો મારા મન પર પડેલો પ્રભાવ એમાં વ્યક્ત થાય છે. નરમ પતરા પર આકારો ઉપસાવીને ગારગોમટડીની ખંડેર દીવાલનો ભાસ ઊભો કરી, એમાં ભૂતકાળને વ્યક્ત કર્યો છે. એમાં બુકાની બાંધેલા બહારવટિયાના કરડા ચહેરા સાથે એમની જલદ ભાવનાને વ્યક્ત કરતી વીંછી અને સાપની આકૃતિઓ, એમની ન્યાયની ભાવના રજૂ કરતી સૂરજની શાખ, અને ખુમારીભરી એમની તેજસ્વી આંખની, સાથે એમના શૌર્યને વ્યક્ત કરતી ઢાલતલવારો તથા એમના પરમ સાથી ઘોડા, વગેરેને પ્રતીકાત્મકરીતે ઉપસાવવાનો પ્રયત્ન છે.'

સ્વ. ડૉ. ડી. જી. વ્યાસ




પોતે કલાકાર નહિ છતાં ભારતીય કળાશૈલીઓના ઊંડા મર્મજ્ઞ, ભુલાતી જતી ધ્રુપદ ગાયકી અને પુષ્ટિમાર્ગીય કીર્તનશૈલીનું ખરું રસદર્શન કરાવી એની પુનઃપ્રતિષ્ઠા કરાવનાર સંગીતજ્ઞ, ભારતીય નૃત્યપ્રકારોના ઉત્તમજ્ઞાતા, ચલચિત્રો સામે ગુજરાતી તથા મરાઠી રંગભૂમિને ટકાવીરાખવામાં ઉમદા સહાયક, તથા બૉમ્બે હાયર આર્ટ એક્ઝામિનેશન બોર્ડના અધ્યક્ષ ને પાંચ-છ ભારતીય ભાષાના જાણકાર એક અગ્રગણ્ય કલાવિવેચક, એવા પ્રસિદ્ધ સહૃદયી નેત્રચિકિત્સક ડૉ. ડી. જી. વ્યાસ—શ્રી ધરમશી ઘેલારામ વ્યાસ—નું ગઈ ૧૭મી સપ્ટેમ્બરે ૭૨ વર્ષની વયે દુઃખદ અવસાન થતાં પત્ની પુત્ર અને બે પુત્રીના પરિવારને જ નહિ, પણ સાહિત્ય અને કલાના કોઈ પણ ક્ષેત્ર સાથે સંકળાએલી પ્રત્યેક વ્યક્તિને પણ અંગત ખોટ પડયા જેવું લાગશે. એમની પેઠે બહુ નજીવા આરંભથી માંડી, આપબળે જીવનની કારકિર્દી ઘડી ઊંચે આવનાર તો ઘણા પુરુષાર્થી મળશે, પણ એમની પેઠે જીવનને ઉચ્ચ સંસ્કારોથી સિંચી, પોતાની બધી શક્તિઓને જનહિતને માર્ગે—અને એ પણ કલાના સુંદર માર્ગે પ્રયોજી, સમાજના સંસ્કારધનને ટકાવી રાખનાર ડૉ. ડી. જી. વ્યાસ જેવી વ્યક્તિવિશેષ સુલભ નથી. (એમનો વિગતે પરિચય ૪૬૧મા અંકમાં આવી ગયો.)



નરેન પંચાલનાં ચાર લલિત આલેખનો
જમણી બાજુ ઉપર: એક ગ્રામવાસી,
નીચે: મિત્રો, ગાડીને ઘોડા અને ઊંટ





બંગાળી લોકસંગીત


લેખક · અજિત શેઠ

એઈ ચૉલે ચૉલે ચૉલે રે,
એઈ હિલે હિલે હિલે રે,
અરે, આહ્ના મોરી ભેશ, ભેશ, ભેશ...
લંગર છાડિયા નાવેર દે...


બંગાળના નદીપાન્તે ઉત્સવ નિમિત્તે થતી નાવ-સ્પર્ધામાં ગવાતું આ ગીત જ્યારે **શ્રી** નિર્મલેન્દુ ચૌધરી, તેમનાં બહેન ગીતા અને સાથી શ્રી બૅાલોય ચક્રવર્તિનાં ગળે સાંભળ્યું ત્યારે દસ વર્ષ પહેલાંનાં સ્મરણો મનમાં તાજાં થયાં.

સન ૧૯૫૬ના ડિસેમ્બરમાં 'આ માસનાં ગીતો'ની શ્રેણીમાં 'સૉંગ ઑવ ઇન્ડિયા'નો છેલ્લો કાર્યક્રમ હતો. ખ્યાતનામ સંગીતનિર્દેશક **શ્રી** સલિલ ચૌધરી એના સંગીતનિયોજક હતા. વિવિધ ભારતીય ભાષાનાં લોકગીતોના એ કાર્યક્રમમાં બંગાળથી શ્રી દ્વિજેન મુખર્જી અને ભાટિયાલી લોકગીતોના ગાયક **શ્રી** નિર્મલેન્દુ ચૌધરી આવ્યા હતા. મુંબાઈને નિર્મલ'દાનો એ પહેલો પરિચય. તે પ્રસંગે એમણે પોતાના બુલંદ અવાજે બંગાળી ગ્રામજીવનની તાજગી, સ્ફૂર્તિ અને નિર્બન્ધતા વહાવી સૌનાં ચિત્ત હરી લીધાં હતાં.

આજ દસ વર્ષે એ સ્મરણોની ફોરમ મહેકી ઊઠી. થોડા સમય પહેલાં તેઓ મુંબાઈ આવ્યા ત્યારે એમની સાથે બંગાળના પ્રસિદ્ધ બાઉલ ગાયક શ્રી પૂરણ દાસ અને તેમનાં પત્ની **શ્રી**મતી મંજૂ દાસ પણ આવ્યાં હતાં. બંગાળનાં 'ભાટિયાલી' લોકગીતો અને ભક્તિસંગીત 'બાઉલગીતો'નો આસ્વાદ લેવાનો આ દુર્લભ અવસર હતો. એમાં પણ 'ઘરોબા' નામના અમે યોજેલા ગીત-ગોષ્ઠિના નાનકડા કાર્યક્રમમાં પરસ્પર સ્વરોની જે લ્હાણ થઈ તે તો અનેક રીતે અવિસ્મરણીય બની. સૌરાષ્ટ્રનાં લગ્નગીતો, સંતવાણી, હાલરડાં વગેરે લોકજીવનનાં ગીતો નિરૂપમા અને **શ્રી** દુષ્યન્ત જોગીશે રજૂ કર્યાં, અને સામે પક્ષે આ મહેમાન કલાકારો આપણાં એ લોકગીતોના જ સ્વર અને છંદને મળતાં આવતાં બંગાળનાં લોક-



નિર્મલેન્દુ, ગીતા ચૌધરી તથા બલય ચક્રવર્તિ



અગાઉ 'કુમાર'ના ૫૧૧મા (જુલાઈ ૧૯૬૬) અંકની કલાવાર્તામાં જેમનો પરિચય આવેલો એ શ્રી માલવણકરના આંગળાંની છાપ વડે ઉપજાવેલા આ ચિત્ર 'નવરત્ન'ને મુંબાઈ આર્ટ સોસાએટીના ૭૫મા વાર્ષિક પ્રદર્શનમાં સર્વોત્તમ ચિત્ર તરીકે અને ભારતીય શૈલીના શ્રેષ્ઠતમ ચિત્ર તરીકે રૂા. ૧૦૦૦નું પ્રથમ ઇનામ મળ્યું છે. મુંબાઈની સૂરસિંગાર સંસદે પણ 'સંગીતનું નિરૂપણ' કરતા આ ચિત્રને ૩૦૦ રૂપિયાનું પારિતોષિક આપ્યું છે. એમની આવી કેટલીક કૃતિઓ 'યુનેસ્કો'ના મુખપત્ર 'યુનેસ્કો કુરિયર'માં પ્રકટ કરવા માટે પસંદ કરવામાં આવી છે.

ગીતો રજૂ કરતાં ગયાં, ત્યારે રાગ, ઢાળ અને લય-તાલની દષ્ટિએ આપણા તથા બંગાળના લોકસંગીતમાં સમાએલાં સમાન તત્ત્વો પિછાનવાનો અનેરો આનંદ પ્રાપ્ત થયો.

આકાશવાણી અને ગ્રામોફોન રૅકૉર્ડ દ્વારા જેમનો સ્વર વર્ષોથી વહ્યો છે એ શ્રી નિર્મલેન્દુ ચૌધરીનો જન્મ ૧૯૨૨માં. ૧૯૫૫માં વૉર્સોમાં મળેલી આંતરરાષ્ટ્રીય લોકસંગીત પરિષદમાં એમણે સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. ભારતના સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે એમણે રશિયા, ચૅકોસ્લોવાકિયા, પોલૅંડ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ વગેરે દેશોનો પ્રવાસ કર્યો છે. ભારતની મુલાકાતે આવેલાં રાણી એલિઝાબેથ, પ્રમુખ આઈઝનહોવર, વૉરોશિલોવ, ટીટો વગેરે રાજપુરુષો સમક્ષ પણ તેમણે લોકગીતો રજૂ કર્યાં છે. કલકત્તામાં તેઓ 'લોકભારતી' નામે ભારતીય લોકસંગીતની શિક્ષણસંસ્થા ચલાવે છે.

શ્રી નિર્મલેન્દુએ બંગાળનાં લોકગીતોને નાગરી સમાજ સમક્ષ લાવી તેનો પ્રચાર કરવામાં મૂલ્યવાન ફાળો આપ્યો છે. તેઓ બહુધા બંગાળના જનપદનાં તેમજ નદીપ્રાન્તનાં મા-



પૂરણ દાસ

નવ અને પ્રકૃતિના વિવિધ રીતે પલટાતા ભાવો-નું આલેખન કરતાં ભાટિયાલી ગીતો જ ગાય છે. તેમના અવાજમાં નદીપ્રાન્તનાં વાસીઓને અનુરૂપ જે બુલંદી છે તે ખરેખર શ્રોતપેય છે.

જોકે એમનામાં એક પ્રકારની સભાનતા હોવાથી એમનાં ગીતોમાં ઘણાને પ્રસાદગુણ નથી જણાતો. કોઈક વેળા એમનાં ગીતો હૃદય-સ્પર્શી થવાને બદલે ચાતુરીયુક્ત પણ લાગે છે. એમણે ગાએલાં ગીતોમાં આવતી અવાજની ફિરત, પ્રસ્ફુટ બુલંદીના અનુસંધાનમાં તુરત જ રમાડાતી પ્રલંબ સ્વરોની સૂક્ષ્મતા વગેરે સૂરગૂંથણીઓ નાવિકો ખરેખર ગાવામાં લાવતા હશે કે કેમ એ ચર્ચાસ્પદ હોવા છતાં એ ગીતો પૂરાં આસ્વાદ્ય હોય છે. એમાં પણ 'લંગર છાડિયા', 'ઘાટે કેઉના' વગેરે કેટલાંક નાવિક ગીતો સહૃદય શ્રોતાને સંપૂર્ણતયા પરિતોષ આપે એવાં છે. આ ભાટિયાલી ગીતો તો સમગ્ર બંગાળી સંગીતની સિદ્ધિ છે.

ભાટિયાલી, સારી, ભાવૈયા, જારી વગેરે ગીતો બંગાળી લોકસંગીતના વિવિધ પ્રકારો છે. ભાટિયાલી એ નાવિક અને ખેડૂનાં ગીતો છે. હોડીનાં હલેસાંનાં ગતિ અને લય નાવિકોનાં ગીતોમાં પ્રછન્નપણે ગૂંથાએલાં હોય છે. સંધ્યા સમયે નદીનાં નીર ઉપર તરતા રાત્રીના ઓળા સાથે અંધકારની સોડ તાણી સૂતેલા ગ્રામીણ સ્વરોમાં નાવિકના મનની ભાવસ્થિતિનાં ગાન, કે કલકોલાહલભર્યા જગતથી દૂર એકાંતમાં સંધ્યાધૂસર નીરતરુયુક્ત પ્રદેશમાં અથડાઈ અથડાઇને સમષ્ટિમાં ખોવાઈ જતા, નદીની સામે પારના કોઈ નાવિકના સૂરો સાંભળવા એ એક લ્હાવો છે.

ભાટિયાલી ગીતો સાધારણ રીતે સન્ધ્યા સમયે નાવિકો અને ગોવાળિયાઓના સમૂહમાં, ચરણના છેલ્લા સૂરોને તાર સપ્તકમાં ખેંચીને ગવાય છે, અને તેથી સ્વાભાવિક મીંડ-યુક્ત પ્રલંબ સૂરોની બંદિશ એમાં સવિશેષ હોય છે. લય જળવાય પણ તાલનું ખાસ બંધન નહિ. બંગાળના લોકજીવન પર આની પ્રબળ અસર છે અને તેથી આ સંગીતપ્રકાર ત્યાંનાં અન્ય લોકગીતોમાં પણ ઝીલાયો છે. બંગાળી લોકજીવનનાં ઉત્સવગીતોમાં, કથા-ગીતોમાં તથા નારીજીવનનાં ગીતોમાં ભાટિયાલી શૈલીની ખૂબ અસર છે. વળી ત્યાંના 'સારી' નામના, સ્વર તાલની બારીક ગૂંથણી-વાળા એક અન્ય લોકસંગીત પ્રકારમાં પણ ભાટિયાલી સંગીતની અસર છે. ઉચ્ચાંગ સંગીતમાં આવતાં શોરી ટપ્પાની પણ સ્પષ્ટ અસર ભાટિયાલીમાં જણાય છે. આમ, મૂળ ખેડૂત અને નાવિકનું હોવા છતાં ભાટિયાલી સંગીત બંગાળી લોકસંગીતમાં ઘણું વિસ્તર્યું હોઈ તે સમસ્ત બંગાળના લોકજીવનને પ્રતિબિંબિત કરતું પ્રતિનિધિ સંગીત બની ગયું છે.

'સારી' એ બંગાળી નાવિકનાં લોકગીતોનો એક બીજો પ્રકાર છે. તેમાં તાલનું મહત્ત્વ વધુ છે. ખાસ કરીને એ પૂર્વ બંગાળમાં ગવાય છે. તેમાં હોડી-સ્પર્ધાનાં પણ ગીતો હોય છે.

કૂચબિહારની આસપાસના લોકજીવનનાં ગીતો 'ભાવૈયા' નામે ઓળખાય છે. એમાં લય તથા તાલ પ્રબળ હોય છે. પૂર્વ બંગાળના મુસલમાનો 'જારી' ગાય છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં 'ઝૂમર' ગવાય છે. સંથાલ-ક્ષેત્ર પાસે હોઈ તેમાં સાંથાલી સ્વરોની છાયા સવિશેષ છે. 'ઝૂમર' ગીતોની બંદિશ ઘણી કઠિન અને જટિલ છે, બંગાળના માલદા જિલ્લામાં આજનાં આધુનિક ગીતો અને લોક-ગીતોની વચ્ચેનું એક સ્વરૂપ 'ગંભીરા' નામે જાણીતું છે. એમાં ભગવાન શંકર ગ્રામીણ-જીવનના વૃદ્ધ-વડીલ સ્વરૂપે પૂજાય છે.

આમ, ભાટિયાલી, સારી, ભાવૈયા, જારી, ગંભીરા વગેરે લોકજીવનના રસો પ્રકટ કરે છે ત્યારે 'બાઉલ ગીતો' આધ્યાત્મિક ભક્તિસંગીત આપે છે. બાઉલ એ પ્રભુની આરાધનાનું સંગીત છે. બાઉલનો અર્થ છે. 'વાયુગ્રસ્ત'. બાઉલ-ગાયક બ્રહ્માનંદના ઉપાસક હોય છે. પ્રેમલક્ષણા ભક્તિ આ સંગીતનું આગવું લક્ષણ છે. બાઉલને કોઈ ધર્મ કે પંથ નથી. બાઉલ ગાયક મુસ્લિમ ફકીર કે રસિક વૈષ્ણવ પણ હોય. પોતાના ગુરુ અથવા દરવેશ પાસે દીક્ષા પામી સાધક બાઉલ બને છે. 'ગોપીજન્ત્ર' વગાડતા માગણ સ્વરૂપે બંગાળના જનપદમાં દ્વારે દ્વારે બાઉલ ગાયકો ફરતા રહે છે. 'ગોપીજન્ત્ર' આપણા એકતારા જેવું વાદ્ય છે, પણ ચાલુ ગાનમાં ષડ્જ ફેરવવો હોય તો સહજમાં ફેરવી શકાય એ એની ખાસ ખૂબી છે.


બાઉલ ભજનોમાં બ્રહ્માંડનાં વિરાટ તત્ત્વમાં વિલસતી કલ્પનાનું ઊંડાણ, સર્વત્ર ઊભરાતું કાવ્યત્વ, તેમજ ભક્તિ અને અધ્યાત્મ રસનાં ભાવસંવેદનો સાંપડે છે. સાધારણરીતે ભૈરવી રાગિણીમાં એની સ્વરરચના હોય છે. શબ્દાર્થને અનુરૂપ સ્વરાંકન દ્વારા જીવનનાં ઊંડાણને તાગવા આ ગીતો મથે છે. જીવન ઉલ્લાસગર્ભ હો કે વિષાદગર્ભ હો, બાઉલ ગાયકો તેમની સ્વરરમણા દ્વારા, જાણે રાગદ્વેષ-મુક્ત બની જગત તેમજ સંસારને વિલોકે છે.

શ્રી પૂરણ દાસ અને તેમનાં પત્ની શ્રીમતી મંજુ દાસ બંગાળનાં પ્રસિદ્ધ બાઉલ ગાયકો છે. પીત વસ્ત્રધારી શ્રી પૂરણ દાસ 'બાબુ ચિન્તારામ દરોગા' ભજનના સ્વરોની મસ્તીમાં હાથમાં 'ગોપીજંત્ર' લઈ, પગે ઘુઘરું બાંધી નૃત્ય કરતા ગાતા હોય ત્યારે ભક્તિરસનો મૂર્તિમંત સાક્ષાત્કાર થતો લાગે, ને તેમાં યે એમની સાથે મધમીઠા સ્વરથી શ્રીમતી મંજુ દાસ (ગીતા ભારતી, ગીતા સુધા) સૂર પુરાવે ત્યારે અદ્‌ભુત સ્વરસૃષ્ટિ ખડી થતી જણાય.

શ્રી પૂરણ દાસનો જન્મ પશ્ચિમ બંગાળમાં ૧૯૩૩માં થયો. બંગાળના પ્રસિદ્ધ બાઉલ ગાયક અને ગુરુદેવ ટાગોરે જેમને ખેપ બાઉલનું બિરુદ આપેલું એ સ્વ. નબની દાસના તેઓ પુત્ર. તેઓ પોતે પણ 'બાઉલ સમ્રાટ', 'બાઉલ મણિ', 'બાઉલ કીર્તનકાર' વગેરે બિરુદોથી ઓળખાય છે, અને ભારતમાં જ નહિ, વિદેશમાં યે હેલસિંકી, તાશ્કંદ, મૉસ્કો વગેરે સ્થળોએ પણ ખ્યાતિ પામ્યા છે.

શતરંજનો કોયડો

M. Eisentadt



સ્થિતિ: 16/4P3/k1N4r/8/K3N3/16

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

સાધારણ રીતે રાજાની સામે રાજા અને બે ઘોડાથી જીતી શકાતું નથી અહીં જો કાળો હાથીનો ભોગ આપીને પ્યાદું મારી શકે તો સફેદ પાસે ફક્ત બે ઘોડા જ રહે અને તે જીતી શકે નહિ એમ દેખીતી રીતે લાગે છે. વળી, સફેદના પ્યાદાને હાથી સહેલાઈથી રોકી શકે તેમ પણ છે. તો પછી સફેદ કેવી રીતે જીતી શકે? (ઉકેલ માટે જુઓ પૃ. ૩૭૨) **સુરેશ મોદી**

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૩૪૧થી
પ્રત્યેક કૃતિને તેનું આગવું સૌન્દર્ય હોય છે.]

હું 'કુમાર'ની શરૂઆતથી તેનો વાચક છું. આ પ્રકારનું માસિક આપણા દેશમાં હોય તે માટે મારા પિતાના મિત્ર સ્વ. હાજીમહમ્મદ અલારખીઆએ સ્વપ્નો સેવેલાં, તે એમના મારા પિતા પરના ૧૯૧૬ની સાલના પત્રથી હું જાણી શક્યો હતો, પ્રભુ આપને અને રવિભાઇને દીર્ઘાયુ બક્ષે. આપનું પત્ર અમારી જેવા અભણની તો કૉલેજ છે.

(ભાવનગર) —દેવકૃષ્ણ પીતાંબર જોષી

મેં કાનની મફત દવા વિષે જુલાઈ અંકમાં લખેલું છે તે માટે સેંકડો લોકોની માગ ઊભી થઈ છે; તો વાચકોને વિનંતી કે દવા તૈયાર થતાં ઘણો જ સમય લાગે છે, માટે ધીરજ રાખવી ઘણાએ રિપ્લાઈ કાર્ડ લખેલ નથી. વળી મિશ્રણ ધંધાદારીઓએ મંગાવવું નહિ. બહારગામનાઓને મોકલવી મુશ્કેલ છે. તેમણે મંગાવી લેવા સગવડ કરવી. છતાં ન થઈ શકે તો દસ પૈસાવાળી પાંચ ટિકિટો પૅકિંગ પોસ્ટેજ ખર્ચ પેટે મોકલવી. ઉપયોગ પછી પરિણામ અવશ્ય જણાવવું.

(મલાડ) —સુરેશ પારેખ

'કુમાર' તો જન્મ્યું ત્યારથી વાંચું છું. હમણાં હમણાં તો ચંદ્રવદનભાઇનો લેખ પહેલો વાંચું; પછી બીજા! પણ બધા જ લેખોમાં 'ઘેર'–ફાધર વાલેસનો લેખ ખૂબ ગમ્યો. શ્રી નાનાલાલ જોશીનું 'વલોણું'! ખરેખર વલોણું કરીને નાનાલાલ ભાઈએ માખણ જ તાર્વ્યું છે.

(ભાવનગર) —શિવલાલ ફોટોગ્રાફર

૫૦૦મા અંકમાં શ્રી યજ્ઞેશ હ. શુક્લે 'ગુજરાતી' પત્રની યશગાથા લખતી વખતે તેના સ્થાપક ઇ. સૂ. દેસાઈએ સને ૧૮૭૯માં 'સ્વતંત્રતા' નામનું માસિક પ્રગટાવ્યાનો નિર્દેશ છે. પરંતુ સદરહુ પત્ર પર રાજ્યદ્રોહ નિમિત્તે એક અદાલતી ખટલો દાખલ કરવામાં આવ્યો ત્યાં સુધી એ પત્રને લગતી એક આશ્ચર્ય ઉપજાવનારી ઘટનાથી કોઈ વાકેફ નહોતું. એ અદાલતી કેસ કોર્ટ સમક્ષ ચાલતી વખતે જ માલૂમ પડ્યું હતું કે તે પત્રને માટે જરૂરી એવું 'ડેક્લેરેશન' લેવાનું જ સરતચૂકથી રહી ગયું હતું!

(ગોરેગાંવ) —ત્રિભુવન વી. હેમાણી

મારી પત્નીના વાળ ટાઇફૉઇડ પછી ઘણા જ ઊતરી ગયા છે અને ત્યાર પછી ગરમીને કારણે સફેદ પણ થઈ ગયા છે. તેને પાછા વધારવા છે અને કાળા બનાવવા છે. 'કુમાર'-ના વાચકો આગળ આનો કોઈ ઉકેલ હોય તો જણાવવા કૃપા કરશો.

(બોરીવલી પશ્ચિમ) —અમૃતલાલ પટેલ

એક શબ્દની મૂંઝવણ છે; આશા છે કે સૂચન કરશો. જેમ અંગ્રેજી શબ્દ Peaceનું ગુજરાતી સ્ત્રી૦ 'શાંતિ' થઈ શકે, Hopeનું ગુજરાતી સ્ત્રી૦ 'આશા' થઈ શકે તેમ Hypocrisyનું ગુજરાતીમાં સ્ત્રી૦ શું થાય?

(મુંબાઈ) —હરીશ નાગ્રેચા

'કુમાર'માં છપાતી ફા૦ વાલેસ લિખિત લેખમાળા વાંચતાં સ્વાભાવિક જ વિચાર આવી જાય છે કે લોકસેવાના બહાને પોતાના ધર્મનો પ્રચાર કરતા મોટા ભાગના મિશનરીઓ કરતાં ફા૦ વાલેસનું લખાણ અને વ્યક્તિત્વ કેટલાં જુદાં પડે છે? તાજેતરમાં રેવ. માઈકલ સ્કૉટે આપણને જે પાઠ ભણાવ્યો તે આપણે ભૂલી ગયા નથી. ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ચાલતી ધર્મપરિવર્તનની વટાળ પ્રવૃત્તિઓની સરખામણીમાં ફા૦ વાલેસ, સાહિત્યસેવાના ખરેખર શુદ્ધ આશયથી આવતી પેઢીઓના ઘડતરમાં સહાયભૂત થાય તેવી વિશદ અને વિચારસમૃદ્ધ લેખમાળા લખતા હોય તે ખરેખર અભિનંદનને પાત્ર ગણાય.

(અમદાવાદ) —બલવંત પટેલ

શ્રી નગીનદાસ પારેખના વિચારો સાથે હું સહમત થાઉં છું. શબ્દોની જોડણી વિષે તમારી દલીલો ગળે ઊતરતી નથી. મુંબઈ શબ્દને આપ 'મુંબાઇ' તરીકે શા માટે લખો છો તે સમજાતું નથી. 'મુંબઇ' તરીકે સરકારી દફતરોમાં, શાળાઓમાં, રાજ્ય વગેરેમાં બધે જ માન્ય છે તો તમે તેને શા માટે મારી મચડીને ફેરવો છો?*

૧૮૨૨માં પ્રસિદ્ધ થએલ 'શ્રી મુમબઈનાં શમાચાર' પણ મુંબઇ શબ્દની જોડણીની સાક્ષી પૂરે છે. મુંબઈ શબ્દ 'મુંબાઇ' તરીકે 'કુમાર' સિવાય બીજી કોઈ જગ્યાએ ભાગ્યે જ વાંચવા કે સાંભળવા મળતો હશે.

(ભાવનગર) —જનક પટેલ

[* કારણ કે 'મુંબાદેવી' માતા ઉપરથી તે નામ પડેલું હોઈ મૂળની વધારે નજીક છે.]

અંક ૫૧૨માં મુ. રવિભાઈનાં સંસ્મરણોમાં સ્વામી આનંદનો ઉલ્લેખ હતો. મારા જૂના અને નિકટના મિત્ર ડૉ. ભાનુભાઈ દ્વિવેદી સ્વામી આનંદના ભત્રીજા થાય. તેમણે સ્વામી આનંદના ઉલ્લેખમાંના એક નાના હકીકતદોષ પરત્વે ધ્યાન દોર્યું છે: ડૉ. પ્રભાશંકર દ્વિવેદી,

જેઓ બી. જે. મેડિકલ સ્કૂલમાં ફાર્માકૉલૉજી (ઔષધશાસ્ત્ર)ના પ્રાધ્યાપક હતા તે મોટા ભાઈ અને શ્રી જયાશંકર દ્વિવેદી વચેટ ભાઈ એમ હોવું જોઈએ.

(બૅંગલોર) —હસમુખ મહેતા

છેલ્લા ત્રણ વરસથી દ્રૂત્રતા હરસથી પીડાઉં છું. કોઈ વૈદભાઇઓ અનુભવી ઉપાય જાણતા હોય તો લખાવી જણાવશો તો ઉપકાર થશે.


(ભાવનગર) —અકબરઅલી

અંક ૫૧૩ના છેલ્લે પાને એક તામ્રપાત્રનો ફોટો છે જેમાં એની ઊંચાઈ 'પંદર ઇંચ' જણાવેલી છે, જ્યારે આ સાથે મોકલેલા 'ગુજરાતમિત્ર'ના કટિંગમાં એની ઊંચાઈ પંદર ફીટ જણાવી છે; તો તે અંગે ખુલાસો કરશો.

'કુમાર' અમોને કેટલું પ્રિય છે એ હું શબ્દોમાં વર્ણવી શકું એમ નથી. ફક્ત એટલું જ જણાવીશ કે ૧૯૨૪થી હું એ વાંચતો આવ્યો છું અને ૧૯૪૭થી એનો ગ્રાહક પણ થયો છું.

(સૂરત) —રમણલાલ

[* પંદર ઇંચ છે; પંદર ફૂટ ઊંચું પાત્ર ન હોય]



ચિત્રકાર શ્રી રસિકભાઈ પરીખની 'ચિત્રસાધના' ઘણાં વર્ષોથી મળતી નથી. તો તે બહાર પાડવા વિચારશો તો આભારી. શ્રી ફિરોઝશાહ મહેતાની 'ચિત્રરસિકા' પણ પ્રગટ કરો તો સારું, કારણ કે કલાના વિદ્યાર્થીને તે ઘણી ઉપયોગી છે. તો યોગ્ય કિંમત રાખી પ્રગટ કરશો તો કલાહિતેચ્છુ તેમજ કલાના વિદ્યાર્થીઓને ઘણો જ લાભ થશે. આ બંને આપના તરફથી પ્રગટ થશે તો તેનો ગ્રાહક પહેલો હું બનીશ.

(અમદાવાદ) —જવાહર એમ. ભાવસાર

થોડાક દિવસ પહેલાં મારા હાથમાં અંક ૪૯૫મો આવ્યો. તેમાં 'એક રૂપિયાની નોટ' લેખમાં થોડીક ભૂલ લાગે છે: 'પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન ૧૯૪૭ના ડિસેમ્બરમાં સૌપ્રથમ નીકળેલી નોટ ૧૯૨૦માં બંધ પડેલી' છે, તે મારા ધારવા મુજબ ૧૯૧૭ ડિસેમ્બર હશે.

(વડોદરા) —બકુલેશ શાહ

પ્રત્યેક વસ્તુને પૂર્ણ બનાવીને મૂકવાનો તમારા જેવો આગ્રહ અને આવી ચીવટ હાલ તો ભાગ્યે જ કોઈ ગુજરાતીતંત્રીમાં હું જોઉં છું, ને તેનું પ્રતિબિંબ પણ 'કુમાર'માં દેખાય છે. કોઈ પણ પ્રાંત પાસે ગૌરવભેર મૂકી શકાય ને આંગળી ચીંધી શકાય એવું ગુજરાતમાં તો આ એક માસિક છે. કોઈ વાર ખાસ પ્રસંગે મરાઠી પત્રોમાં 'કુમાર' વિષે લખવા ઇચ્છું છું.

(પૂના) —શશિન ઓઝા

[* આભાર; પણ એ ચીવટ હજી સંપૂર્ણતાએ નથી પહોંચી તેની પ્રતીતિ વાચકોના પત્રોમાંથી નથી મળતી?]

અંક ૫૧૩માં આપેલી કહેવતને મળતી બીજી કહેવતો: 'ઉપકારને બદલે અપકાર', 'ખાઈને ખાસડાં મારે', 'જશને બદલે જૂતિયાં', 'ગુણ ઉપર અવગુણ', 'આણંદ કહે પરમાનંદા, ગુણ કર્યો કાં જાય, સાવજ પડ્યો અજાડીએ, કાઢે તેને ખાય!'

(બોરડી) —દેવજી એચ. સાલિયા

અંક ૫૧૩માં 'ઔદીચ્ય' માટેના ઉલ્લેખમાં રૌપ્યગ્રંથમાં શ્રી હરિશંકર દેવશંકર આચાર્ય ઊંઝાવાળાનો ઉલ્લેખ નહિ હોવાનું લેખકે જણાવ્યું છે. પરંતુ રૌપ્ય ગ્રંથમાં શ્રી હરિશંકરનો ફોટો તથા પૃ. ૧૦૨ ઉપર સિદ્ધપુરની હકીકતમાં વરવિક્રયની પ્રથાનો ઉલ્લેખ પણ લેખકે બીજા પૅરૅગ્રાફમાં કર્યો જ છે.

(કળસાર) —નારાયણજી ગો. કરસાળકર

[* આ ચર્ચા હવે બંધ કરીએ છીએ.]

૫૧૩મા અંકના પૂઠા પરનું સમાજના બે વર્ગ વચ્ચેનો વિરોધાભાસ વ્યક્ત કરતું ચિત્ર માણ્યું. એક બાજુ ગગનચુંબી મહેલાતો અને બીજી બાજુ તડકો અને વરસાદથી પણ રક્ષણ ન આપી શકે તેવાં ઝૂંપડાં. પણ વિશેષ વિરોધાભાસ તો ઉપર આનંદથી (?) ઊડતી સમડીઓ અને આ ઝૂંપડીથી પેલી ઝૂંપડી ટળવળતું બિચારું (?) કૂતરું, એ બેના સર્જનથી કલાકારે બતાવી આપ્યો છે. કલાકારે સામગ્રીનો શંભુમેળો કરવાનો નથી હોતો પણ ભાવનું સૂચન પોતાની અજબ સૂઝથી કરવાનું હોય છે. કૂતરાનું ચિત્ર જે ભાવ વ્યક્ત કરે છે તે પરથી સહેજે સમજી શકાય કે અંદર રહેનારાની શી દશા હશે? નંદલાલ વસુનું ચિત્ર ન ગમે એમ બને? અંધશ્રદ્ધાથી મારા જેવા ઓછી કલાસૂઝવાળાને કલાકૃતિઓ અને તેનાં વિવેચનો દ્વારા કલારસ માણવાને સજ્જ કરવામાં 'કુમાર'નો ફાળો ઓછો નથી.

—દ. ગો. પટેલ

સાહિત્યસંપર્ક

શબ્દકથા : પરસેવો

જૂનું રૂપ 'પ્રસેવો'; પ્રાકૃતમાં 'પસેઓ'; એટલે મૂળ સંસ્કૃત 'પ્રસ્વેદ' તરત સમજાય એમ છે.

'પસીનો' હિંદીમાંથી આવ્યો જણાય છે. તેના મૂળમાં સંસ્કૃત ભૂત કૃદંત 'પ્રસ્વિન્ન' છે. હિંદી ક્રિયાપદ 'પસીજ'ના મૂળમાં સંસ્કૃત રૂપ 'પ્રસ્વિદ્યતિ' છે.

'પરસેવો' અંગે બે બાબત ધ્યાનપાત્ર છે: તેમાં મૂળ સંસ્કૃત શબ્દ 'પ્રસ્વેદ'ના પહેલા અક્ષરમાં રહેલો રકાર જળવાયો છે. આ ગુજરાતીની તથા પહાડી ને પંજાબી જેવી કેટલીક ભાષાઓની નોંધપાત્ર વિશિષ્ટતા છે. હિંદીમાં આવો રકાર જળવાતો નથી. 'પ્રસ્વેદ'માંથી ઊતરી આવેલા શબ્દો જુઓ: પંજાબી 'પરસે', 'પરસેઉ'; લહંદા (પશ્ચિમી પંજાબી) 'પરસે', 'પરસેઓ'; પશ્ચિમી પહાડી 'પરસે'; પણ હિંદી 'પસેઉ', 'પસેવ'. તે જ પ્રમાણે પંજાબી 'પરસીના', હિંદી 'પસીના'; પંજાબી 'પરસિજ્જના', હિંદી 'પસીજના'.

વળી ગુજરાતી 'ભત્રીજો', હિંદી 'ભતીજા'; 'ગુજરાતી ભાદરવો', હિંદી 'ભાદો'; ગુજરાતી 'ત્રણ', હિંદી 'તીન' વગેરે ઉપરથી પણ ગુજરાતીનું રકાર જાળવી રાખવાનું વલણ જોઈ શકાય.

બીજી વાત પ્રાકૃત 'પસેઅ' અને ગુજરાતી 'પરસેવો' સરખાવતાં જોઈ શકાશે. તે એ કે ગુજરાતી શબ્દમાં વકાર ઉમેરાયો છે. અંતે સ્વર પછી આ રીતે બીજા કેટલાક શબ્દોમાં પણ વકાર ઉમેરાયો છે. 'કેતક', પ્રાકૃત 'કેઅઅ', 'કેવડો'; 'ભેદ'–'ભેઅ'–'ભેવ'; 'ઘાત–ઘાઅ–ઘાવ.'

હરિવલ્લભ ભાયાણી

કાઠિયાવાડથી કોરાપુટ

"મૂળ તો કાઠિયાવાડના સુખી પણ મધ્યમવર્ગીય જૈન વણિકનું સંતાન; પિતાના વેપાર-રોજગારાર્થે બાળપણ બ્રહ્મદેશમાં વિતાવેલું; બીજા વિશ્વયુદ્ધ વેળા અકયાબથી મુંબાઈનું સ્થળાંતર. ત્યાંની રૂઈઆ કૉલેજ, પૂનાની ફર્ગ્યુસન કૉલેજ અને ઑક્સફર્ડની રસ્કિન કૉલેજમાં અભ્યાસ કર્યા પછી મુંબાઈમાં કુટુંબના જ ઉદ્યોગક્ષેત્રે કે વિદ્યાકીય ક્ષેત્રે એક જ્વલંત કારકિર્દી રાહ જોઈ રહી હતી. એ છોડીને એ તરુણ તો સીધો જઈ પહોંચ્યો ઓરિસ્સાના આદિવાસીઓ વચ્ચે. ત્યાં 'સર્વ-સેવા-સંઘ'ને ઉપક્રમે કોરાપુટમાં ભૂદાન અને ગ્રામદાનનું પાંચ વર્ષ સુધી કામ કરીને એણે જીવનલીલા સમેટી લીધી. આ સાવ સાદી લાગતી જીવનકથાના નાયકનું નામ નગીન પારેખ."

આ શબ્દોથી શ્રી ચૂનીલાલ મડિયાએ જેમનો પરિચય આપ્યો છે તે સ્વ. નગીન પારેખ વિષેનાં પોતાનાં સ્મરણો આપતાં શ્રી સૂર્યકાન્ત પરીખે જણાવ્યું છે:

"૧૯૫૫ના શિયાળામાં ભાઈ નગીન પારેખ પોતાને જેમનો સ્વીડનમાં પરિચય થએલો એવાં સ્વીડનનાં એક બહેનને લઇને અમદાવાદ અમારે ત્યાં આવ્યા. આ પ્રથમ ઓળખાણ.




નગીન પારેખ...

સ્વીડનનાં એ મહેમાન અમારી સાથે રહ્યાં તે દરમ્યાન વિનોબાજીએ શરૂ કરેલું ભૂદાન આંદોલન વેગ પકડતું હતું, અને અમે તેમાં થોડોક ભાગ પણ લીધેલો. પેલાં સ્વીડિશ બહેન અમારા આગ્રહથી વિનોબાજીને મળવા ગયાં ત્યારે સાથે ભાઈ નગીન પણ હતા. ત્યારથી એમના હૃદય પર કોઈ કારણે એવી ઘેરી ચોટ વાગી કે દરિદ્રનારાયણની સેવા દ્વારા ભૂદાન-મૂલક ગ્રામોદ્યોગ-પ્રધાન અહિંસક ક્રાન્તિમાં જીવન સમર્પણ કરવાનું એમણે નક્કી કર્યું. વિનોબાજીએ ૧૯૫૬-'૫૭માં ઓરિસ્સાના ખૂબ ઊંડાણમાં આવેલા કોરાપુટ જિલ્લાનો આદિવાસી વિસ્તાર ભૂદાન-ક્રાન્તિની સમગ્ર શક્તિ લગાડવા માટે પસંદ કર્યો, અને નગીન ખભે ખડિયો નાખીને ત્યાં જવા ઊપડ્યા... અને વિલીન થઈ ગયા."

એ વિલય પછી પ્રકટ થએલા 'સ્મૃતિગ્રંથ'નું અવલોકન શ્રી ચૂનીલાલ મડિયાએ પોતાની સહૃદય લાક્ષણિક શૈલીએ આપ્યું છે:

"નગીનના અવસાન પછી એના સાથીઓ ને સ્નેહીઓએ પ્રગટ કરેલા સ્મૃતિગ્રંથમાં* આ શાંત શૌર્યકથા ઉઠાવ પામે છે. એમાં નગીનને અનુલક્ષીને બહુ નથી લખાયું. ગ્રંથનો મોટો ભાગ આદિવાસીઓની સમસ્યાઓ, ભૂદાન-ગ્રામદાન તથા સહકારી પ્રવૃત્તિઓના પ્રશ્નો, રચનાત્મક કાર્યકરો અને સરકાર વચ્ચેના સંબંધો, અને વ્યાપકપણે ગ્રામસુધારણાનો અભિગમ જ રોકે છે. પણ એમાંથી ધીમેધીમે, આડકતરી રીતે, નગીનની જ છબી આકાર પામી રહે છે.

નગીનનું આ ઘડતર કોણે કર્યું? સૌરાષ્ટ્રના વાણિજ્યપ્રેમી કુટુંબના આ ફરજંદને ઓરિ-



...આંતરખોજનો યાત્રાળુ

* Story of the short life of NAGIN Parekh; Edited by Evelyn Wood, from contributions by Nagin's friends and colleagues; Published by Dhananjay M. Parekh, Bombay–12, India; pp. 170; Price not mentioned.

સ્સાના ડોમ્બ હરિજનો અને આદિવાસીઓ જોડે એકાકાર કરનારું રસાયણ ક્યાંથી આવ્યું? ગાંધીજીના આદર્શવાદથી તે રંગાએલો હતો એ સાચું; પણ આવા અશેષ સમર્પણ માટે એકલો ગાંધીશાહી આદર્શવાદ અપૂરતો હતો. એવલિન વૂડે પોતાના લેખમાં તેની આ ન્યોચ્છાવરીનો યશ અંશતઃ ઑક્સફર્ડની કેળવણીને પણ આપ્યો છે. સૉર્બો-ઑક્સફર્ડ જેવી વિદ્યાપીઠો હજી ય વિદ્યાર્થીના વ્યક્તિવિકાસને સમતોલ પલોટ આપી રહી છે.

નગીનના અવસાન પછી આજે ચાર વર્ષે પણ એક કુતૂહલ થયા જ કરે છે: નગરજીવનમાં આટઆટલાં સેવાક્ષેત્રો છોડીને એણે છેક પૂર્વ ઘાટના દરગુડા અને લિમ્બગુડા જેવાં ગામડાં શા માટે પસંદ કર્યાં? એમાં વિનોબાનો પ્રેમાળ આદેશ જ જવાબદાર હતો, યા અણ્ણાસાહેબ સહસ્રબુદ્ધેની આત્મીયતા જ કામ કરતી હતી? ના; એકથી વધારે સાથીઓએ નગીનના કાર્યના મૂલ્યાંકનમાં ઘટાવ્યું છે તેમ, નગીનની ઓરિસ્સાયાત્રા આંતરખોજની યાત્રા પણ હતી. ગ્રંથમાં અપાએલા તેના પોતાના પત્રો, લેખો, ટાંચણો આદિમાં પણ એક નિર્દેશ જોવા મળે છે કે એનો આ સેવાઉદ્યમ પણ વ્યાપક રૂપે તો સ્વશિક્ષણનો જ ઉદ્યમ હતો. ઓરિસ્સા પહોંચતાંની વાર જ એણે ઉડિયા ભાષા શીખી લીધી. પણ તે કોઈ 'ઉડિયા સેલ્ફ ટીચર' જેવી શિક્ષણપોથી મારફત નહિ, પણ ગામડાની ગામઠી નિશાળમાં રીતસર ભણવા બેસીને જ. અકયાબથી ઑક્સફર્ડ સુધીની કેળવણી પામેલો વિદ્યાર્થી ઓરિસ્સાની એ ધૂળી નિશાળે બેઠો એમાં નગીનનું જીવનકાર્ય સમજવાની ચાવી રહેલી છે.

અનેકાનેક પ્રતિકૂળતાઓ વચ્ચે, એ અંધારિયાં જંગલોમાં, કાંધે કોથળો લઈને આ તરવરિયા જુવાને કરેલાં પરિભ્રમણોની આ શાંત શૌર્યકથા ને અંતિમ સમર્પણમાં કવિતાની આછી લકીર ઝળકે છે."

અને શ્રી વ્રજલાલ દવેના અવલોકનથી આ પરિચય પૂરો કરીએ:


"સ્વ. નગીનના અર્ધખીલ્યા અને અકાળે કરમાએલા વ્યક્તિત્વકુસુમની આ સ્મૃતિકથા છે, તો બીજી બાજુ, સમાજનાં વિવિધ શાસ્ત્રોમાં રસ ધરાવનાર અભ્યાસીઓ માટે આદિવાસીઓના ક્ષેત્રમાં સેવાના સવાલનો સરસ આલેખ છે. તેથી આ પુસ્તકમાં સ્વજનો, મિત્રો અને મુરબ્બીઓનાં લખાણોની સાથે શ્રી એવલિન વૂડ, અણ્ણાસાહેબ સહસ્રબુદ્ધે અને ડૉ. ઇરાવતી કર્વેનાં લખાણો યોગ્ય રીતે મુકાયાં છે. શ્રી અણ્ણાસાહેબે આમાં જે 'સેવાભાવીની આંતરછબી' રજૂ કરી છે તેમાં આપણને યુવક નગીનના સ્વભાવ, વ્યવહારલક્ષિતા ને સેવાવૃત્તિનો પરિચય થાય છે. ઉપરાંત, આ પુસ્તકમાં પરોક્ષ રીતે આદિવાસીના એ સેવાક્ષેત્રની ઉપયોગી હકીકતો પ્રાપ્ત થાય છે. આદિવાસીઓના ક્ષેત્રમાં કામ કરવું ઘણું અઘરું છે. એક બાજુ રાજકારણી અને વેપારી સ્થાપિત હિતોની આક્રમકતા, બીજી બાજુ સરકારની અમલદારશાહીની

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



હિ. ગ. અંજારિયા



૧) ૮૮ વર્ષે પણ આપનું સ્વાસ્થ્ય શાને લીધે છે?

માતાની બે શિખામણોને લીધે: ૧) એક સૂત્ર 'સ્વાદ નહિ પણ સંયમ'—'પેટ ન ભરીએ ચારે ખૂણ'; ૨) 'સદા રાજી રાજી રૂદેમાં રહેવું'. માનસિક સ્વાસ્થ્ય, સંતોષ ને આનંદની શરીર પર અસર થાય છે. ડામરના રસ્તા ન હતા ત્યાં સુધી ખુલ્લે પગે હું જૂહુ રોજ ફરવા જતો. ચાલવાનો શૉખ આજે ય છે. આજે ય બધું ખાઉં છું, પણ જીવવા માટે ખાવાનું.

૨) આપ આજીવન શિક્ષક: શિક્ષણની વ્યાખ્યા?

માનવીમાં શુદ્ધ માણસાઈ આણે અને જીવન સુંદરરીતે જીવવાની કળા દાખવે એ સાચી કેળવણી.

૩) હાલની કેળવણી માટે આપનું શું મંતવ્ય છે?

હાલની કેળવણી એ કેળવણી નથી, કારણ કેળવણીની ખરી સમજ ધરાવનારાના હાથમાં એ નથી. શિક્ષણત્વ ઘટયું, ગોખણપટ્ટી વધી.

૪) જીવન તરફ આપનું દૃષ્ટિબિંદુ કેવું?

જીવનને બગાડવું કે સુધારવું એ માનવીના હાથમાં છે. છતાં અકળ શક્તિમાં વિશ્વાસ રાખીને જે વખતે જેવું જીવન ઘડાય એને અનુકૂળ થવું એમાં જીવનનું સાર્થક્ય કહેવાય.

૫) ઊગતા સાહિત્યકારોને આપનું શું કહેવું છે?

આપણે પશ્ચિમના આદર્શોના ગુલામ થઈ ગયા છીએ ને તેથી પોતાપણું ગુમાવી રહ્યા છીએ. ઊગતા સાહિત્યકારોએ 'પોતાપણું' જાળવવું જોઇએ.

૬) એ 'પોતાપણું' એટલે અસ્મિતા?

'અસ્મિતા'ને પતંજલિએ એક દોષ ગણ્યો છે. રણજિતરામે એ શબ્દને 'હું (કંઈક) છું' એ સ્થાન આપી આત્મવિશ્વાસ તરીકે વિશુદ્ધ કર્યો. રણજિતરામભાઈની ખાસ ખૂબી એ હતી કે એ અહમને કદી બહાર આવવા ન દેતા. સાહિત્ય ખાતર એમણે સરસ સરકારી નોકરી છોડી. પછી મુનશીજીએ 'અસ્મિતા' શબ્દને વધુ પ્રસાર્યો.

૭) કાવ્યની આપની સમજ શી છે?

જે હૃદયને સોંસરવું સ્પર્શી જાય એ કાવ્ય. એમાં પ્રાસ વગેરેને અતિ જરૂરી ગણતો નથી.

૮) સાહિત્યકાર તરીકે આપને ખાસ કોણ ગમે?

નાનાલાલ. એમનામાં પ્રભુદત્ત શક્તિ હતી. એમના ગદ્યમાં ય મને કાવ્યત્વ લાગે છે.

૯) નરસિંહરાવ આપને કેવા લાગેલા?

ઊંચા પ્રકારનું સાહિત્ય પીરસનાર. ભાષાસમૃદ્ધિની દૃષ્ટિએ આપણા વિદ્વાન સાહિત્યકાર આનંદશંકરભાઈથી પણ ચડી જાય. વ્યક્તિત્વ ખરું. સ્વભાવે ઉગ્ર. સહન ન કરી શકે. તો યે પાછા પ્રેમાળ. ભૂલ જણાતાં ભૂલ સ્વીકારે.

૧૦) આજની સાહિત્યિક ભાષા આપને કયા પ્રકારની લાગે છે?

આજે શબ્દોની જાળ વધારે છે, અર્થગાંભીર્ય ઓછું. પાનાં વધારે, સાર ઓછો.

૧૧) આપ અવિભક્ત કુટુંબમાં માનો છો કે વિભક્ત?

વડીલ માતાપિતા સમજુ ને નભાવી શકે તેવાં હોય તો અવિભક્ત કુટુંબ અનેકરીતે લાભદાયી ને કલ્યાણકારી છે. પણ આજના જુવાનોનાં માનસ જુદા પ્રકારનાં બનતાં જાય છે. 'સર્વ'ને બદલે એ 'સ્વ' તરફ જાય છે.

જડતા, ત્રીજી બાજુ આદિવાસીઓનું આગવું ઊર્મિજગત તથા માનસચુસ્ત વર્તન અને ચોથી બાજુ ભણેલા માણસમાં રહેલા અહમ્નું સ્ફુરણ; આમાં સેવાને 'ચાલવાનું'—કે 'અથડાવાનું' હોય છે. શ્રી એવલિન વૂડ કહે છે તેમ પરલક્ષીરીતે આદિવાસીઓને વસ્તુઓ અને વિચારોમાં વિશેષ રસ લેતાં કરવાં જોઈએ. તેમના જરૂરી મુદ્દાઓને અગ્રતાનુક્રમ અપાય અને લક્ષ્યાંકો સ્થિતિસ્થાપક રહે તેમજ કલ્યાણરાજ્યની પરાધીનતા તેઓ સ્વીકારી ન બેસે તો જ 'ધરતી માતા'નાં એ વહાલાં સંતાનોને ખરી પ્રગતિનો રાહ મળે.

આમ છતાં, આ પુસ્તકનું ખરું મૂલ્ય તો યૌવન સફળ બનાવવા સતત મથતા સ્વ. નગીન પારેખની આંતરવિભૂતિની દીપ્તિમાં રહેલું છે. સાદાઈ, સુરૂપતા અને સંનિષ્ઠ પુરુષાર્થના ધ્યેયને અંગીકાર્યા પછી તેમનું નમ્ર અંતર્મુખ માનસ અપાર સમજ અને સહાનુભૂતિના રૂપને પામી ચૂક્યું હતું. એમણે અહમ્નું વિલોપન કરી, અપાર નમ્રતા ધારણ કરી, સહકારી મંડળીઓ ગ્રામદાન અને ભૂદાનની પ્રવૃત્તિઓમાં અપ્રતિમ પુરુષાર્થ કર્યો અને એક રહસ્યમય કરુણ ગાથાની માફક ભરયૌવનમાં જીવનલીલા સંકેલી લીધી."

કાવ્યપરિશીલન

અવલોકન • ચન્દ્રકાન્ત શેઠ

શ્રી રામનારાયણ પાઠક અને શ્રી નગીનદાસ પારેખે જેનો રસલક્ષી પરિચય કરાવ્યો છે એવા આ પુસ્તકમાંનાં–'અસલનેરનાં નૂર' (બ. ક. ઠાકોર) સિવાયનાં–કાવ્યો 'કાવ્યપરિચય' અને 'કાવ્યસમુચ્ચય'માંથી લેવામાં આવ્યાં છે, જે બંને કાવ્યસંગ્રહો આપણે ત્યાં થએલાં સંપાદનોમાં ગણનાપાત્ર છે અને બંને વિદ્વાનોના કાવ્યપ્રેમ અને અધ્યાપન પ્રેમનાં ફળ છે એમ કહી શકાય. આ બંને પુસ્તકોમાંથી કેટલાંક મધ્યકાલીન અને કેટલાંક અર્વાચીન કાવ્યો પસંદ કરી એમની સર્વગ્રાહી ચર્ચા કરવાના પ્રયાસમાં તેઓનું કોઈ ચોક્કસ ગણિત હશે કે કેમ એ વિચારવા જેવું છે. મોટે ભાગે મધ્યકાલીન કાવ્યોનો શ્રી રા. વિ. પાઠકે અને અર્વાચીનનો શ્રી નગીનદાસ પારેખે પરિચય કરાવ્યો છે. બંનેનું દૃષ્ટિબિંદુ લગભગ સમાન છે, પણ બંનેની નિરૂપણશૈલીની વિભિન્નતા વાચકને લાગ્યા વિના રહેશે નહિ.

લોકસાહિત્યના દુહા-સુભાષિતો અને નરસિંહથી કેશવ. હ. શેઠ સુધીના કેટલાક નામાંકિત કવિઓની એકએક,—ને કેટલાકની બે મહદ્ અંશે અત્યંત પ્રસિદ્ધ–કૃતિઓનું પરિશીલન એ આ પુસ્તકનો વિષયવ્યાપ છે.

જ્ઞાનબોધ એ શાસ્ત્રનું, તો સૌંદર્ય એ સાહિત્યનું લક્ષ્ય હોઈ બંનેનાં પરિશીલનમાં ફરક રહે જ. સાહિત્યના પરિશીલનમાં અભિરુચિનો પ્રશ્ન મહત્ત્વનો હોવાથી અધ્યાપનમાં સાહિત્ય તરફ વિદ્યાર્થીઓની અભિરુચિ કેવી રીતે પેદા કરવી અને કેળવવી એ અગત્યનું છે; કેમ કે મનુષ્યની સહૃદયતા કેળવવામાં સાહિત્ય મહત્ત્વનો ફાળો આપી શકે છે.

આ ધ્યેય દૃષ્ટિમાં રાખી આ બંને વિદ્વાનોએ કાવ્યને અનુષંગે જરૂરી બધી જ માહિતી આપવાનો સારો પ્રયાસ કર્યો છે. દા.ત. 'વિવેકભ્રષ્ટના વિનિપાત'ની ચર્ચા કરતાં સગરપુત્રોની કથાનો, તો 'દૂહા'નો પરિચય કરાવતાં લોકસાહિત્યનો ખપજોગો ખયાલ પણ શ્રી પાઠક આપે છે. તેમ છતાં વિદ્યાર્થીઓ પર શુષ્ક માહિતીનો બોજો ન લદાઈ જાય તે માટે સચિંત રહી, એમની ગ્રહણશક્તિ ખયાલમાં રાખી જે તે મુદ્દાની સરળ છતાં સચોટ ભાષામાં વ્યવસ્થિત રજૂઆત કરે છે.

વિદ્યાર્થીઓ કાવ્યનો મધ્યવર્તી વિચાર ગોખી જાય એમાં કાવ્યનું સાર્થક્ય નથી, પણ કાવ્યસમજ જીવનની સમજ વધારે, કાવ્યના પરિચય સાથે જીવનનો પણ પરિચય અપાય, એમ માનતા આ વિદ્વાનો કાવ્યનો જીવન સાથેનો જે પ્રગાઢ સંબંધ છે એ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચતા જાય છે. કાવ્યમાં જે કંઈ રજૂ થાય છે તેનું વૈચારિક—બૌદ્ધિક દૃષ્ટિએ શું મૂલ્ય છે એ સમજાવવા ઉપરાંત કાવ્યના—છંદ, ભાષા, અલંકારાદિવિવિધ–અંશોનો પરિચય આપતા રહી એ બધાનો કાવ્યની સજીવ એકતામાં, કાવ્યના સમગ્ર સૌંદર્યમાં શો ફાળો છે તેનો સદૃષ્ટાંત ખયાલ આપે છે. ભાવ કે રસનિષ્પત્તિમાં પદવિન્યાસ, વર્ણવિન્યાસ, લય આદિ કઈ રીતે કામ કરી જાય છે એની ચર્ચા કરવાની સાથેસાથે જ્યાં જરૂર લાગે ત્યાં તુલનાત્મક પદ્ધતિથી બે કાવ્યોમાંનું સામ્યવૈષમ્ય પણ બતાવે છે. ઉ.ત. 'નાવિક વળતો બોલિયો'માં ગિરધર અને તુલસીનાં રામાયણોના પ્રસ્તુત અંશોના ઉતારા આપી, ભાલણના કાવ્યની વિશિષ્ટતા સમજવાની ભૂમિકા તેઓ પૂરી પાડે છે. વળી કાવ્યનો પરિચય આપતાં કાવ્યત્વની સમજ પાકી થતી જાય ને ભાષાની શક્તિ કેળવાય એ દૃષ્ટિ પણ રાખી જણાય છે. 'ઋતુપર્ણની સવારી'ના હાસ્યરસની ચર્ચા કરતાં 'હાસ્યરસ'ની સમજ, અને 'આપની યાદી'માં 'રાહબરી' કે 'રાહદારી' શબ્દની ચર્ચા કરતાં અન્યના મતોનો હવાલો, શ્રી પારેખ આપે છે. જ્યાં કાવ્યાર્થમાં સંદિગ્ધતા હોય ત્યાં તેઓ નિખાલસતાથી એ જણાવે છે અને દોષની ચર્ચા પ્રામાણિકતાથી કરે છે. અલબત્ત, એ દોષદર્શનમાં કાવ્યસૌંદર્ય માટેનો ઉચ્ચગ્રાહ જ પ્રતીત થાય છે.

કાવ્યની સમજ કેળવવા માટે મનની ઊંડી લગન અને પરિશ્રમ બંને જરૂરી હોય છે. કાવ્યપરિશીલનમાં કેવળ બૌદ્ધિક વ્યાપાર ન ચાલે, હૃદયવ્યાપાર પણ જોઈએ. એક જ કાવ્યના અર્થ વિષે મતભેદો હોઈ શકે, જે અહીં જોવા મળે છે. એથી તો આ બંને મીમાંસકો પરિશીલન માટે કોઈ જડ ચોકઠું આપવાને બદલે કાવ્યે કાવ્યે આસ્વાદની રીતિ બદલે છે–હેતુ એક જ રાખીને પણ. અને એ જરૂરી છે, કેમ કે કાવ્યનો આસ્વાદ અંતે તો 'સ્વાન્તઃ સુખાય' જ છે. કાવ્યનો આસ્વાદ કરાવતાં લેખકો કાવ્ય જે સંજોગોમાં લખાયું હોય તે સંજોગોની, એના રચયિતાની, કાવ્યના અંતરંગ ને બહિરંગ પર અસર કરનારાં પરિબળોની આવશ્યક વિગતો ટૂંકમાં વિશદતાથી નિરૂપે છે, જે કાવ્યમાં રસચમત્કૃતિ કઈ રીતે સધાય છે એ સમજવામાં ઉપકારક થાય છે.

આમ આ, શ્રી રા. વિ. પાઠક અને શ્રી નગીનદાસ પારેખની અધ્યયન અને અધ્યાપનનિષ્ઠાના પરિણામ રૂપ, એમના પાંડિત્યનું પ્રદર્શન કરવાને બદલે વિદ્યાર્થીઓ પ્રત્યેના ઊંડા સમભાવ અને કાવ્યરસનું દર્શન કરાવતું પુસ્તક, સાહિત્યના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ, એમાંની કાવ્યપરિશીલન-પદ્ધતિનો અભ્યાસ કરવા ખાસ જોવું ઘટે છે.

પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧ પૃ. ૧૫૯, કિં. ૨-૭૫.

સાહિત્યપ્રેમીની ડાયરી

છેલ્લું નોબેલ પારિતોષિક મેળવનાર રશિયન લેખક મિખાઇલ શૉલૉખોવને આ વર્ષના 'મૌલાના આઝાદ સ્મારક વ્યાખ્યાન' માટે આમંત્રવામાં આવ્યા છે. ૧૯૫૯થી શરૂ થએલી આ વ્યાખ્યાનમાળામાં ડૉ. આર્નોલ્ડ ટૉયન્બી, શ્રી નેહરુ, લૉર્ડ ઍટલી, સર સી. વી. રામન, જેવા જગમાન્ય બુદ્ધિમાનો વ્યાખ્યાનો આપી ગયા છે. કોઝાકજીવનના તાણાવાણાને પોતાની કૃતિઓ દ્વારા અમરત્વ આપનાર શૉલૉખોવ આ ઉચ્ચ પરંપરાને જાળવી રાખનાર યોગ્ય વ્યક્તિ તો ગણાય; પરંતુ લાગે છે એવું કે ભારતની એમની આ સૂચિત મુલાકાત કદાચ અટકી જાય. કેમ?–એ પ્રશ્નના જવાબ માટે

આવું બહુમાન પામેલા અન્ય રશિયન લેખક બૉરિસ પાસ્તરનાકનો પાછલો ઇતિહાસ સંભારવો પડે. પણ શૉલૉખૉવ ભારત આવી શકે તો એમની આગવી પ્રતિભાને નિહાળવાનો મોકો આન્તરરાષ્ટ્રીય સાહિત્યના અનેક પ્રેમીઓ નહિ ચૂકે.

રશિયન સાહિત્યમાં યુદ્ધોત્તર કાળમાં જે નવાં વહેણો દેખાવા લાગ્યાં છે એ વિષે શૉલૉખૉવના મુખેથી જાણવું ભારતીય સાહિત્યપ્રેમીઓને રસિક થઈ પડે એવું ગણાય. જો કે શૉલૉખૉવે સિન્યાવ્સ્કી અને ડૅનિયલ જેવા આધુનિક લેખકોને વખોડી કાઢેલા છે તે જાણીતું છે; પરંતુ કાઝાકોવ, યેવતુશેન્કો, વોઝનેસેન્સ્કી જેવા લેખકો વિષેના એમના વિચારો વિષે કશું કોઈ જાણતું નથી.

ભારત સરકારના વિદેશ ખાતા ને 'પૉકેટ બુક'ની જાણીતી પ્રકાશક સંસ્થા પેંગ્વિન કંપની વચ્ચે એક મડાગાંઠ પડી છે: પેંગ્વિન કંપનીની 'પેલિકન ઓરિજિનલ' શ્રેણીમાં ડૉ. પર્સિવલ સ્પીઅરનું 'હિસ્ટરી ઑવ ઇન્ડિયા' નામનું પુસ્તક પ્રકાશિત થયું છે. પેંગ્વિને તાજેતરમાં પ્રકટ કરેલી 'એન્સાઈક્લોપીડિયા'માં ભારત અને કાશ્મીર વિષેના ઉલ્લેખો ભારતને અન્યાયકારક નીવડે એવા છે, એ જાણ્યા પછી ભારતનું વિદેશ ખાતું સચેત થઈ ગયું લાગે છે. (નેહરુના 'ડિસ્કવરી ઑવ ઈન્ડિયા' ગ્રંથને રશિયાએ પોતાને ત્યાં પ્રવેશવા નથી દીધો, એ પ્રતિબંધ વિદેશખાતું દૂર નથી કરાવી શક્યું એ વાત જવા દઈએ.)

કૅમ્બ્રિજની સેલ્વિન કૉલેજના ડૉ. સ્પીઅરનું આ પુસ્તક એમાંના છેલ્લા પ્રકરણમાં નેહરુ વિષેનાં કેટલાંક વિધાનોના કારણે વાંધાજનક લાગ્યું જણાય છે. એમાં લેખકે નેહરુની કેટલીક મર્યાદાઓ પ્રત્યે આંગળી ચીંધી છે. ભારત સરકાર એમ માને છે કે એ મર્યાદાઓનો ઉલ્લેખ પડકારી શકાય એવો છે. તે લેખકનું મંતવ્ય એવું છે કે 'પુસ્તકમાં કૈં ભૂલો કે હકીકતદોષો હોય તો એનું નિવારણ હું બહુ જ હર્ષ સાથે કરીશ. વસ્તુતઃ પુસ્તકમાંનું છેલ્લું પ્રકરણ આપણી એટલી બધી નજદીકના ગાળાનું છે કે એને ઇતિહાસ તરીકે હજી મૂલવી પણ ન શકાય.'

છાપખાનાની શોધ તો ઘણી જૂની, પરંતુ ઝડપી છાપકામ સરળ બનાવ્યું 'રોટરી' તરીકે ઓળખાતાં મુદ્રણયંત્રોએ. આ રોટરી યંત્રના જન્મદાતા ચાર્લ્સ ક્રૅબટ્રીનું ૮૫ વર્ષની ઉંમરે સપ્ટેમ્બર માસમાં અવસાન થયું. દુનિયાના જે જે ખૂણામાં રોટરી યંત્રો છે ત્યાંયાં ક્રૅબટ્રીનું નામ જાણીતું છે. તેઓ ભારતની પણ અનેક વાર મુલાકાતે આવી ગએલા.

ક્રૅબટ્રીના પિતાએ ઈ. ૧૮૯૫માં ફક્ત ચાર હજાર રૂપિયાની મતા સાથે આ ધંધાની શરૂઆત કરેલી. ગયે વર્ષે એ કંપનીનું વેચાણ થયું ત્યારે એની મૂડી ૭૦ લાખ પૌંડ અંકાએલી. કારખાનાની શરૂઆતથી જ ઉદ્યમપ્રેમી પુત્રે પિતાને સાથ આપેલો, તે ગયે વર્ષે એનું વેચાણ થયું ત્યાં સુધી એ એમાં જ રચ્યાપચ્યા રહેલા. ગ્રાહકને ગરજ હશે તો આપણું બારણું ખખડાવતો આવશે એમ માનવાને બદલે ગ્રાહકનું બારણું આપણે ખખડાવવું જોઈએ એવી સફળ ધંધાદારી નીતિમાં એ માનતા. એટલે જ ગ્રાહકની શોધમાં એ દુનિયા આખી ખૂંદી વળેલા. 'સ્ટૉપ પ્રેસ' સમાચારોને ચાલુ યંત્રે કશી પણ તકલીફ કે ઢીલ વિના અખબારમાં છાપવાની એક ખાસ શોધ તેમણે કરેલી.

આ વર્ષે ઑક્ટોબરના અંતિમ સપ્તાહમાં ભારતમાં યુનેસ્કોના 'ઇન્ટરનૅશનલ થીએટર ઇન્સ્ટિટ્યૂટ'ના આશ્રયે પૂર્વ-પશ્ચિમની રંગમંચ વિષેની વિચારસરણી અંગે એક પરિસંવાદ યોજાયો છે. ભારત સરકારના કેળવણી ખાતા અને ભારતીય નાટ્યસંઘના આશ્રયે દિલ્હીમાં યોજાનાર આ પરિસંવાદમાં ભાગ લેવા પચાસ જેટલા દેશોને આમંત્રવામાં આવ્યા છે. બ્રિટનના નિર્માતા જ્હૉન લિટલવૂડ તથા નાટ્યવિવેચક કેનેથ ટિનાન, પોલાન્ડના લેખક જાન કૉટ્ટ, ચૅકોસ્લોવાકિયાના જાન રીચ, ને પાકિસ્તાનના નાટ્યકાર ઈમ્તીયાઝઅલી તાજ જેવી નાટ્યક્ષેત્રે અગ્રણી ગણાય એવી વ્યક્તિઓ એમાં ભાગ લેનારી છે.

રંગમંચનાં વિવિધ પાસાં વિષે વિદ્વત્તાભરી ચર્ચાઓ તો એમાં થશે જ; સાથેસાથે ઈન્ડોનેશિયા તરફથી રામાયણના વિષય ઉપર આધારિત બૅલેનો કાર્યક્રમ થશે. એમાં જૉગ્જાકાર્તાના ગવર્નર ને ૪૫ સભ્યોના બૅલે જૂથના નેતા રાજકુમાર પાકુ આલમના નેતૃત્વવાળું બૅલે જૂથ ભાગ લેશે. પોલાન્ડ અને ચૅકોસ્લોવાકિયાનાં નટમંડળો પણ પોતાના રાષ્ટ્રની વિશિષ્ટ કલાસામગ્રી પ્રદર્શિત કરશે. ભારતનાં લોકનાટ્ય, નૃત્યનાટિકાઓ તથા સાંપ્રત નાટકો પણ રજૂ થવાનાં.

સંસ્થાઓ, ટ્રસ્ટ કે રાજ્યો તરફથી સાંસ્કૃતિક ક્ષેત્રે સુવર્ણચંદ્રકો કે પારિતોષિકો પ્રદાન થતાં હોય છે, પરંતુ પશ્ચિમ જર્મનીના મ્યૂનિખ સિવાય કોઈ શહેર-સુધરાઈ એવાં ક્ષેત્રોને કશું અનુદાન કરતી હોય એમ જાણવામાં નથી.

સાંસ્કૃતિક ક્ષેત્રે શ્રેષ્ઠ અર્પણ કરનારને દર વર્ષે એ ૧૫ હજાર જર્મન ફ્રાંકનું પારિતોષિક આપે છે. ૧૯૬૫માં એ પારિતોષિક વિશ્વવિખ્યાત મનોવિજ્ઞાનિક સીગમુન્ડ ફ્રૉઈડનાં માનસશાસ્ત્રી પુત્રી ફ્રૉ અન્ના ફ્રૉઈડને અપાએલું, અને ૧૯૬૬નું આધુનિક ચિત્રકળાના પિતામહ ગણાય એવા ૮૩ વર્ષની ઉંમરના 'બૅવેરીઅન ઍકેડેમી ઑવ ફાઈન આર્ટ'ના પ્રમુખ પ્રોફેસર ઈમીલ પ્રિટોરિયસને અપાયું છે. દૂરપૂર્વની કલાના નમૂનાઓનો સંગ્રહ કરવાનો એમને ગજબનો શોખ છે. છેલ્લાં પચાસ વર્ષમાં એમણે એવા નમૂનાઓનો એવો તો સંગ્રહ કર્યો છે કે એ વિશ્વના અંગત સંગ્રહોમાં પ્રથમ હરોળમાં આવે છે.

સાહિત્યપ્રિયનો સાથી

રોહિણી પ્રતિષ્ઠાન (સંચાલક: વિજયરાય કલ્યાણરાય વૈદ્ય)ના સાહિત્યકેન્દ્રતરફથી પાંચ (અથવા વધુ) ભાગમાં તૈયાર કરી-કરાવીને પ્રગટ કરવાના 'સાહિત્યનો વિશ્વકોષ: સાહિત્યપ્રિયનો સાથી' એ ગ્રન્થની યોજનાની વિભાગવાર ટૂંકી રૂપરેખા નીચે પ્રમાણે છે:

(૧) ભાષા અને સાહિત્યશાસ્ત્ર: ૧) ગુજરાતી તથા બીજી ભારતીય ભાષાઓની ઉત્પત્તિ અને વિકાસ, તથા ૨) સાહિત્ય એટલે શું? કાવ્ય ને રસશાસ્ત્ર પરના લેખો.

(૨) સાહિત્યનું દિગ્દર્શન: અંગ્રેજી અને ફારસીનું—કોષના પહેલા ભાગમાં.

(૩) પહેચાને અદબ (ભા. ૧): પ્રાચીન અરબી તથા મધ્યકાલીન તમિળ સાહિત્યનો સંક્ષિપ્ત પરિચય.

(૪) સાર અને સંક્ષેપ (ભા. ૧): મુખ્યત્વે અખેગીતા, મૅન ઑવ પ્રૉપર્ટી (ગાલ્સવર્ધી), વિપ્લવવીર શિવાજી (કિન્કેડના પુસ્તક પરથી), શીલવતીનો રાસ, નેમિવિજય.

(૫) ચરિત્રગુચ્છમાં કેટલાંક ગુજરાતી વિદ્યમાન લેખકોની ચરિત્રરેખા, અને કનૈયાલાલ મુનશી, કૉન્ફ્યુશ્યસ, ગ્યુઈથે, ટૉમસ હાર્ડી, તુલસીદાસ, કાલેલકર, ફિરદૌસી, રવીન્દ્રનાથ, હરિનારાયણ આપ્ટે આદિની.

બાકીના વિભાગોના વિષયો તરીકે કોઈ નવી અપ્રકટ અને કેટલીક વિસ્મૃત પણ સ્મરણીય પુનર્મુદ્રીય ગદ્યપદ્યની નાની રચનાઓ. એમાં આ વિષયોની તવારીખ અને/અથવા માહિતી પણ અપાશે: અન્ય ભાષાઓમાંથી થએલાં ગુજરાતી ભાષાન્તરો કે રૂપાન્તરો; કલા, શિક્ષણ, પત્રકારત્વ, નાટક, રંગભૂમિ, સિનેમા, સાહિત્યની સંસ્થાઓ, પ્રકાશનપેઢીઓ, મુદ્રણકલા.

ર્હાઈન અને મેઈનની અડખેપડખે

ચન્દ્રવદન મહેતા

આ નદીઓને કાંઠે બિરાજેલા પંડિતોનાં દર્શન કરીએ. ડુસેલડૉર્ફમાં પ્રોફેસર બૅર્નર, ફ્રાંકફર્ટમાં પ્રોફેસર બકવિઝ, કૉલૉન-માં પ્રોફેસર બાડનહાઉસન, મ્યુનિખમાં પ્રોફેસર શોને, અને વિયેના-માં પ્રોફેસર કિંડરમાન. મારા વહાલા પોતપોતાના ક્ષેત્રમાં એકેકથી ચઢિયાતા. નદી ર્હાઈન ડુસેલડૉર્ફ શહેરની અધવચ્ચેથી માતબર થઇને ઉત્તરે વહી જાય છે. ત્યાં નદીથી થોડેક જ દૂર સ્ટ્રાસેનાં થીએટરને મ-થાળે પ્રો. બૅર્નર પોતાના સાથીદાર સ્ટ્રાઉક્સ સાથે બિરાજે છે. કોઈને પણ કશી મદદ કરવી હોય તો બૅર્નર ખડેપગે તૈયાર. કોઈને કાગળો લખવા, ઓળખાણ આપવી, તખ્તો બતાવવો, સમજાવવો, ચર્ચા કરવી, વગેરે જેવાં કામ વિના બૅર્નરને ચેન જ ન પડે. ભાષામાં ભારોભાર વિવેક, એટલો વર્તનમાં વિવેક. 'આપ અમારા ઉપર આટલી કૃપા કરી અમારે ત્યાં પધાર્યા એમાં અમે અમારું સદ્ભાગ્ય જ માનીએ છીએ: આપ આ આસને બિરાજશો તો અમારા ઉપર અનહદ કૃપા તો થશે, પણ અમને આપને યોગ્ય આસને બિરાજમાન ન કરાવવાનો અસંતોષ તો રહી જશે, કારણ આ અમારી ખુરશી તદ્દન નવી નથી.' આવાં જાણે નાટકમાંનાં વાક્યો હોય એવાં બોલાયા જ કરે અને તે કુદરતી રીતે વણાતી વાણીમાં. આપણે ઘટતો જવાબ આપવા વિચારીએ દરમિયાન તો એવાં વાક્યોની પરંપરા ચાલ્યા જ કરે. ચા લેશો કે કૉફી એવું તો એ ખુદાનો બન્દો પૂછતો જ નથી, બંને વસ્તુ હાજર કરી, 'આપને જે રુચે તે કે માફક આવે તે લો, અને ઘટે તો બંને લો.' એવું કહી બંને ટ્રે બતાવે છે. વાતો કરો છો ત્યાં ફોટોગ્રાફર, એના સાથીદાર, નટનટીઓ આવ્યા જાય છે, 'જરા માફ કરશો?' એકેક મિનિટમાં પતાવતો રહે છે, એમને ઓળખાવતો રહે છે. આ તો ત્યાં બેઠાબેઠામાં, પણ ત્યાંથી ભારત આવો તો પણ એના વિનયવિવેકથી ભરપૂર ખબર પૂછનાર માહિતી આપનાર પત્રોની અલગાર પણ ચાલુ જ રહે છે.

આંકડાઓ પણ એને મોઢે. આપ પૂછો છો તો કહું, 'લગભગ સો નગરમાં બસો નાટકશાળાઓ હશે, દર સાલ વીસ મિલિયન પ્રેક્ષકો અમારે ત્યાં નાટકો જુએ, ને દર સાલ દસ માર્કનો દરેક પ્રજાજન ટૅક્સ આપે, એમાં અમને ૨૨૦ મિલિયન મળે, એમાંથી આ થીએટરો ચાલે, લગભગ ૩૦ હજાર નટનટીઓને રોજી મળે. ઉપરાંત ચેમ્બર થીએટર, ટૂરિંગ થીએટર, સમર થીએટર, તળપદી ભાષાનાં થીએટરો તે તો જુદાં.' આપણે કાગળ પેનસિલ રાખીને બેસીએ તો પણ કેટલી નોંધ કરીએ? એટલા અચ્છા ચહેરાનો, સોનારંગી વાળવાળો આ બૅર્નરનો હસમુખો ભાવભર્યો ચહેરો જોઈએ કે નોંધ કરવા બેસીએ.



પિતાપુત્રી: ઈવાલ્ડ બાલસર અને એવલિન બાલસર
'પ્રિન્સ ઑાવ હોમબુર્ગ'માં બાપ-બેટી તરીકે

'આજે 'પ્રિન્સ ઑાવ હોમ્બુર્ગ' – હોમ્બુર્ગ તે હામબુર્ગ નહિ – એ નાટકની આપના મનોરંજન માટે બે ટિકિટો ફાજલ રાખી છે, એમાં બાપ અને દીકરીનો અભિનય તો જરૂર જુઓ. આપ જેવા અભિનયના જાણકાર સમજદાર...' ચાલ્યું. 'પ્રિન્સ ફ્રેડરિક વોન હોમ્બુર્ગ'માં સગો બાપ પોતાની દીકરી સાથે બાપદીકરીનો અભિનય કરે છે; ઇવાલ્ડ બાલસર અને એવલિન બાલસર, અને એવલિનનો પ્રિયતમ પ્રિન્સ અરધો ગાંડો, અરધી સ્મૃતિ વિનાનો, રાજવંશી કિશોર છે. એક અન્યાય થયો, એને કારણે એની આવી કરુણ દશા છે, તેમાંથી પ્રિયતમા એને ઉગારીને હતો તેવો કરી આપે છે, એવી કથા છે. એમાં સુસી નિકોલેટીનું કામ પણ સરસ છે.

'ડુસેલડૉર્ફમાં નવી નાટકશાળા હજુ નથી બંધાઈ. બે વર્ષથી નકશા, મૉડેલ, વિચારણા, સુધારણા ચાલે છે. આ અમારી ત્રણચાર સાલ બાદ બંધાશે તે નાટકશાળા, 'શોશપીલ હાઉસ' આ એનું મૉડેલ, આ એનાં ભાગવિભાગ પડખાં. એ બંધાઈ રહે, એટલે અમે આપને નિમંત્રણ મોકલીશું. આપ એ જોવા આવશો તો એથી અમારા ઉપર આપનો ભારે ઉપકાર થશે. અમે એમાં આપને અવનવું કરી બતાવ-વાના કોડ સેવીએ છીએ. આવશો ને?'

ચાલો હવે નદીકાંઠે, લેવરકુસન પસાર કર્યું કે કૉલૉન. કૉલૉન વિષે આપણે આગળ ઉપર બહુ વાતો કરી ગયા છીએ, તો પણ એનાં બે સહિયારી જેવાં બાંધ્યાં મકાનની તપાસ તો કરીશું જ. એક બાજુ ઓપેરા, બીજી બાજુ નાટકશાળા. એની પાછળ આ છેડાથી પેલા છેડા સુધી ચાલ્યા જાઓ તો બંનેની રંગભૂમિના પાછલા ભાગ પૂરા જોવા મળે. નવી જ બાંધણીનું મકાન, બંનેમાં એકી વખતે નાટક ચાલે, છતાં ક્યાંય માઇક્રોફોનનાં તોફાન નહિ, કે અવાજની ખલેલ કે કનડગત નહિ. અહીં નદી ઓળંગી કે એક જૂનવાણી કાસલના ખંડેરમાં નાટકશાળાના સરંજામનો અઢળક ખજાનો જગ્યાના અભાવે અણગોઠવ્યો પડ્યો છે તે જોઇએ. એક પ્રો. નિસીમ, રજાઓમાં પૃથ્વી-પર્યટન કરે અને જાત-જાતનું એકઠું કરી લાવે, એનું અવસાન થતાં એ બધું કૉલૉન યુનિવ-ર્સિટી અને એના પોતાના એક શિષ્ય, હવે પ્રો. બાડનહાઉસનને સોં-પતો ગયો. ભંગાર, પણ સોના-રત્નોનો ભંગાર, નાટકની જૂની પ્રતો, મ્હોરાંઓ, પપેટો, રજવાડી વેશભુષા, ચિત્રો, તાંબાની કાંસાની લોખં-ડની ધાતુમૂર્તિઓ. ગણપતિનું મ્હોરું, તો કહે આ રહ્યું; કોઈ માતાનો મુકુટ, તો કહે, છે. ભારત જાવા સુમાત્રા મનિલા જાપાન ઠેરઠેરનો નાટકી સામાન, ચઢતાં-ઊતરતાં પગ લપસે તો પગ નહિ ભાંગે, પણ દાદર ભાંગે એવી પડુંપડું ઇમારત. સરજનહારને ફરી નવી સૃષ્ટિ સરજવી હોય, અને એની સ્મૃતિ ભૂંસાતી જતી હોય, તે તાજી કરવી હોય તો અહીં આ ભંગારમાં એને માટે ભારોભાર સંભાર એકઠો પડ્યો છે.

પ્રો. બિનૅર તખ્તાનો માણસ, પ્રો. બાડનહાઉસન નિશાળના વર્ગનો માણસ, શીખવવા માટે તત્પર, બધું મોઢે, ચોપડાઓના ઢગમાં જ જડ્યો રહે. એ પણ એટલા જ મુલાયમ સાદનો આદમી, વાંચીવાંચીને આંખે ગાલે કરચળાએલી વ્યક્તિ, પરંતુ દિલ તો જન્મ્યો ત્યારે જેટલું કુમળું હશે એટલું જ સુકોમલ. એણે મને જર્મનીમાં શેક્સ્પીઅરની ચારસો સાલની ઉજવણી કરી એનું પુસ્તક ભેટ આપ્યું. ઓહોહો, એમાં કંઈ પોણીચારસો વર્ષની વિગતો એકઠી કરી છે, ચિત્રો, સ્કેચો, પહેલાં થએલાં શેક્સ્પીઅરનાં નાટકો, યાદીઓ, નોંધો, લખાણો અને છપાઈ-સફાઈ સુંદર. એવું જ મને હજાર વર્ષનું થીએટર નામનું પુસ્તક ભેટ આપ્યું. ૯મી સદીથી, ૧૫-૧૬મીથી ભારે પ્રવૃત્તિ કેવી રીતે શરૂ થઈ, એનાં અસંખ્ય ચિત્રો, સ્કેચો અને વિગતો. શેક્સ્પીઅર તો ૧૬૦૪માં ભજવવો શરૂ કરેલો. રસ્તામાં રાતે નાટક, ટેબલો ગોઠવી ઉપર ચઢી ભજવાતો નાટક, રસ્તે ભટકતાં ફરતાં વિદુષકોનો નાટક – કોઈ પાર વિનાની માહિતી એમાં ભરી છે. આગળ હંકારો, તો બોન બાડગોડસબર્ગ આવશે. વળી નદીકાંઠે જ બોનમાં નવી નાટકશાળા બંધાઈ છે. એમાં સમરેખપણાનો કે સમતોલપણાનો એટલે કે સીમેટ્રિકલ ઘાટને ઓછામાં ઓછો અપનાવ્યો છે. ગૅલેરીમાં પણ ભંગાણ, ક્યાંકથી ઉપરની ગૅલેરી ઊતરતીઊતરતી નીચે ઑરકેસ્ટ્રામાં ગળીભળી જાય, એની ખબર જ ન પડે. ગૅલેરીવાળા એમ ન માને કે અમે ઊંચા છીએ. ઑરકેસ્ટ્રાવાળા પોતાના ટીચકા ન કહી શકે. કાચ અને આફ્રિકાથી ખાસ મંગાવેલાં લાકડાંનો આ બાંધણીમાં ખૂબીથી ઉપયોગ કર્યો છે. એના રેસ્ટોરાંમાં એક અંક પછી ખાવાપીવા બેઠા તો નાટક બાજુ પર રહી જાય, ખાવાપીવાનું ભૂલી જાઓ, અને બેઠાબેઠા બાજુમાંથી જતી મદીલી હાઈનને જ જોયા કરો.



તાત્યાના સોવસ્કી



સુસી નિકોલટી

બાડગોડસબર્ગના દફતરદારોને મારે મળવાનું હતું. હું એમનો મહેમાન હતો એટલે મારા કાર્યક્રમો અંગે કંઈ વિગતવાતો વિચારવાની હતી. ત્યાં પહોંચતાં જ માયાળુ ડૉક્ટર બાંકે કહે છે કે અમે આપને માટે આપની એમ્બૅસીમાં મળવા માટે વખત લઈ રાખ્યો છે. ત્યાં જઈ પછી આપણે સાથે જમીશું અને વાતો કરીશું. એમ્બૅસીનું નામ આવે અને મારા પેટમાં ફાળ પડે. એમાં ભારતની એમ્બૅસી, એનાથી તો હું દસ ગાઉ દૂર ભાગું. ત્યાં મારું ભલું તો ન થાય, પણ ક્યાંક ભેરવાઈ પડું એવી દહેશત રહે, એવા આગળના કપરા અનુભવો પછી મેં જાહેરમાં તો 'મારે કંઈ કામ નથી, એમને કંઈ કામ હોય તો પૂછો' કહી વાત પતાવી નાખી. અલબત્ત, ડૉ. બાંકેએ ટકોર પણ કરી કે અહીં આવનારા બધા જ એમ્બૅસીમાં જવા માટે તલપાપડ થઈ જાય છે. તમે એક અપવાદરૂપ નીકળ્યા. હું એમને મારી હૈયાવરાળ ક્યાં બતાવું, એટલે મૌનમાં જ પતાવ્યું. ત્યાં જઇએ એટલે પહેલાં તો તમે સરકાર તરફથી નથી આવ્યા એની જાણ થતાં રૂપિયાની કિંમત કોડીની થઈ જાય. પછી એમને પહેલી ગંધ એ આવે કે હવે આ કંઈ મદદ રાહત સહીસિક્કાઓ કે કશાની માગણી કરશે, એમ કલ્પી મોઢાં ચઢાવી વાતો કરે. હૉલૅન્ડમાં એમ્બૅસીની ભૂલ કાઢવા જતાં તો હડધૂત થએલા તે તો યાદ છે ને? પેલા દુષ્યંત અને શકુન્તલાને એમણે જહાંગીર-નૂરજહાંના વાઘા સજાવેલા, ત્યારે એવડું તો એમનું જ્ઞાન! અને ઉપરથી રૂઆબ, તોર, દમામ, તુમાખી. ત્યાં મારે ક્યાં જઈ સલામો ભરવી? મને વળી ત્યાં ઓળખે પણ કોણ? એટલે આપણે એટલો વખત બીજે ગાળીએ કહી છૂટ્યા અને બોન ગામમાં ફર્યા. થીએટર જોયાં, જમ્યા, મારે જોઈતી વિગતો મેળવી, એમાં મારે ખાસ તો હરબાર્ટ જૉહન્સ નામે એક શિક્ષણશાસ્ત્રી થઈ ગયો એને માટે ને ગ્રાબે માટે હકીકતો જોઈએ તે માટે પૂછપાછ કરી. હરબાર્ટ ૧૭૭૬માં ઓલ્ડમબર્ગમાં જન્મ્યો હતો, અને શિક્ષણશાસ્ત્રમાં અને શિક્ષણને લગતાં પુસ્તકોમાં બહુ ઊંચું સ્થાન ધરાવતો. ગ્રાબે ૧૮૦૧માં જન્મ્યો હતો, એનું એક બરોબર ભવાઈ ઘાટનું નાટક મારી પાસે આવ્યું હતું, એટલે એની તલાશ કરવી હતી. ડૉ. બાંકેએ ફરી વાર મને ગ્રાબે માટે કૉર્લાન મોકલ્યો, અગાઉથી ફોન કરેલો એટલે પ્રોફેસર બાડનહાઉસને એક નહિ, એનાં ચાર વૉલ્યુમ ભરીને લખાણો તૈયાર રાખેલાં. બિચારો જુવાનીમાં, ૩૫ની વયે દુ:ખી થઈ ગુજરી ગયો, પણ એના જમાનામાં એ નવી જમાતનો સુધારાવાદી નાટકકાર ગણાતો. આપણે એનો એક નાટક અચાનક અકસ્માત જોવાના છીએ એટલું ધ્યાનમાં રાખજો.

છએ ઊપડી સાડાઆઠે ફ્રાંકફર્ટ પહોંચતી, હાઈન નદીને બંને કાંઠે રસળતી સરતી જતી રેલગાડીમાં હું ફ્રાંકફર્ટ પહોંચું છું અને પ્લૅટફૉર્મે બહાર નીકળું છું, ત્યાં તો બે કદાવર જર્મનોએ ડાબે-જમણેથી પકડી, હાથમાંની બૅગો ઊંચકી લઈ, મોટરમાં ખોસી, નવ પહેલાં શહેરની મધ્યમાં આવેલા, નવા બંધાએલા ભભકદાર રોશનીદાર જોડિયા અવતરેલા નાટકઘરમાં પરોવી દીધો. અલ્યા, કંઈ મોં ધોવા કે ખાવાપીવા દેશો કે સીધા થીએટરમાં જ? અહીંની ક્રિયાકાંડના કરવૈયા પુરોહિત હેરી બકવિઝ આજ રાતે જ બહારગામ જવાના હોઈ, અટાણે જ મળી શકાય એમ હતું એટલે થીએટરમાં જ સંમિલન અને ખૂણામાં ભોજન ગોઠવેલું. પેલા બે બહાદુરો તે વળી ત્યાંની બે મોટી સંસ્થાઓના પબ્લિશર્સ, નાટકો છાપે, વેચે. ઘણી વાતો કરી, એમની સાથે. એમનો આસિસ્ટંટ સાઈત્ઝ, સફેદ વાળ, સફેદ પાંપણો, સફેદ ચહેરો અને સાફ દિલનો. જમ્યા બાદ, બકવિઝ સાહેબની સૂચના મુજબ ઓપેરામાં મોત્ઝાર્તની 'મૅજિક ફ્લ્યુટ', નાટકશાળામાં અંગ્રેજ નાટકકાર જૉન ફોર્ડનું 'આનાબેલા–ઈટીઝ એ પીટી વ્હેર શી ઈઝ એ વ્હોર' એમ અરધે અરધે કલાકે બે નાટકો જોયાં. પહેલી તો ઓપેરા હતી, સંગીત સાંભળ્યું અને બીજામાં આ રખડેલ ભટકેલ છટકેલ છકેલી ધણીઆણીને

ઘણી 'બુધે નાર પાંસરી'ના ન્યાયે હાથમાં જે આવે છે તે થકી એની જે પૂજા કર્યે રાખે છે, અને લાઠી કે સોટી કે સાંબેલું પડતાં વાગતાં પહેલાં આ કુલટા જે ચીસો પાડ્યે રાખે છે, અને સ્ત્રીચરિત્રના ફેલફિતૂર ભજવી બતાવે છે, એ જોઇને આપણી ખાણીપીણી હસવામાં જ પચી ગઈ. બીજો અંક પડયો ત્યારે થયું કે હવે ખાટલા ભેગા થવાશે, પણ સાઈત્ઝ અને પેલા બે ત્યાંના ત્રીસ ગણા ત્રિપાઠી અને દશ ગણા ગૂર્જર ગ્રંથ પબ્લિશરો આ બે આલિશાન સમવયસ્ક સહિયર સહોદર જેવી નાટકશાળાની ફેરફુદરડી પ્રદક્ષિણા કરાવી પાછળના ભાગમાં દોડાવી ગયા.

'અહીં વળી જગ્યા ફાજલ હતી, એટલે આડ દિશામાં બંને રંગભૂમિની નીચે એક જરા નાનું પણ સંપૂર્ણ સગવડવાળું આ ત્રીજું થીએટર બાંધી દીધું છે. એમાં આ એક ફ્રેન્ચ નાટકકારના 'ઓબાલ્ડિયા' નાટકનો થોડો ભાગ પણ જોતા જાઓ.' અહીં મેં જાણ્યું કે મોત્ઝાર્ટ ઓપેરાની કૃતિમાં હાસ્ય રસ ઉતારવાની પહેલ કરનાર હતો. ગજબની એ વ્યક્તિ, ઓપેરાની દુનિયામાં મશહૂર એવા ગ્લુક, વાગ્નર અને વર્દી. ગ્લુક તોંતેરે, વાગ્નર સિત્તેર અને વર્દી અઠયાસીએ ગુજર્યા ત્યારે એટલી જ નામના કમાઈ જનાર મોત્ઝાર્ટનું પાંત્રીસ વર્ષે અવસાન થયું હતું. આમ એક રાતમાં ત્રણ નાટકો જોવાના અનુભવો કરી મધરાત પહેલાં હું મારી હોટેલ ઉપર ગયો. ત્યાં તો મારા નામના પોકાર બોલાતા હતા. આવે એટલે સીધા ઈન્ટરકોન્ટિનેન્ટલ હોટેલમાં જ મોકલી આપજો. હું તો ઝેપેલિન સ્ટ્રાસેમાં હોટેલ ઝેપેલિનમાં, અને વળી કયા ઝેપેલિનમાં ઈન્ટરકોન્ટિનેન્ટલમાં જવું? પણ પથારીમાં પડું છું ત્યાં ફોન રણકયો. કોઈ રંગભૂમિ ઉપરની અદાકારીથી અવાજ કાઢે એમ શુદ્ધ ગુજરાતીમાં વીરરસ ને વિરહભાવની હાક વાગી. 'કયાં છો? કંઈ પત્તો! કયાં ભટકો છો? અહીં તમારી રાહ જોવાય છે. રૂમ બૂક કરાવેલ છે, સામાન લઇને આવી જાઓ'. હું જવાબ આપવા જાઉં, 'બહાનાં ઠેલો બાજુએ; ટૅક્સી ન મળતી હોય તો અહીંથી મોકલાવું છું, બેગ લઇને ઊતરો નીચે, નહિ તો કાલે સવારે ફ્રાંકફર્ટ શહેર નથી કે આ બે હોટેલ નથી'.

આ અરવિંદભાઈ કીલાચંદ; વ્યાપારી કે ઉદ્યોગપતિ કહો, ગમે તે માનસ, પણ કંઈક નાટકની બેતબાજી મોઢે, શેર લલકારે તો રંગભૂમિ એના અવાજે ફાટફાટ થઈ રહે, રાજાપાઠ, શૂરાપાઠ, કોઇને પૃથ્વીરાજની માફક ઉઠાવી જવાના વીરપાઠમાં એક્કા, એને મેં મુંબાઈમાં તારીખો આપેલી, એટલે એ તો તે ગણતરીએ મારી ત્રેવડ કરી રાહ જોઈ બેઠા રહ્યા. મધરાત પછી હોટેલ કોન્ટિનેન્ટલના પંદરમે કે પચ્ચીસમે મજલે, છતઢાંકી અટારીમાં બેસી ફરીથી ભોજનને અનુરૂપ ન્યાય આપવા બેઠા. ત્યાં તો મેં જોયાનું યાદ હોય એવી એક સન્નારી દાખલ થઈ અને પાછળ સાઈત્ઝ અને બીજા બે. સાઈત્સે હલ્લો કર્યું, મેં જવાબ આપ્યો પણ હું તો પેલી બાઈના ચહેરાને જ જોતો રહ્યો. તરત સ્મૃતિ જાગી, આવું મોહું લાખોમાં એક જ, કઠોર કહેવું, મ્હોરું એટલે કે માસ્ક કહેવું; ગ્રીકઘાટનું કહેવું કે ફિલ્સૂફીનું મૉડેલ કહેવું? એને મેં બર્લિનમાં બાલે નૃત્યના પ્રોગામમાં જોઈ હતી. અરવિંદને એ વાત સમજાવું, એટલામાં તો એ રસાલો અમારી તરફ વળ્યો. સાઈત્સે મને બીજા બેત્રણ દિવસનો કાર્યક્રમ કહી દીધો. એ પેલી બાઈની ઓળખાણ કરાવે તે પહેલાં મેં જ એને બાલેનૃત્યમાં જોયાનું કહી દીધું, ત્યારે જ એ મ્હોરું જરા મલકયું. એનું નામ તાત્યાના સોવસ્કી.

બીજે અને ત્રીજે દિવસે આ ત્રણ થીએટરોનું જૂથ અંદરથી બહારથી ફરીફરીને જોયું. બાંધણીની ચોક્કસાઈ સમજી લીધી, એમાં સિમેન્સ કંપનીવાળાઓએ જે પ્રકાશયોજનાનો નવો અખતરો કરવા માંડયો છે, તે પૂરેપૂરો સમજવા પ્રયત્ન કર્યો. એને સિલો સિલિન્ડર લાઇટ યોજના કહે છે, એક જ માણસ એક બટન દબાવે કે સેંકડો ગોળા આપોઆપ સળગે, હોલવવા જોઈએ ત્યાં હોલવાય, વધારે ઓછા પ્રકાશ પાથરવાના હોય ત્યાં તે પ્રમાણે વધેઘટે. બધી આંકણી માપણી મોજણી રીહર્સલ વખતે થતી રહે. તે પ્રમાણે પ્રકાશના રંગ, સંખ્યા વગેરે નક્કી થાય. સ્થાન, આગળ-પાછળ, નટ, નટચાર, આવન-જાવન બધી વિગતો અને તે પ્રમાણે એની ઉપર પ્રકાશ-વ્યવસ્થા ટાઈપ કરેલા કાગળોની જેમ, અથવા ટેલિપ્રિન્ટર ઉપર છપાય એમ પ્રવેશવાર દશ્યોવાર એનાં કાર્ડ નક્કી કરી દઈ, એને એક ફરતા સિલિન્ડરમાં ગોઠવી દેવાનાં, એટલે ચાંપ દબાવતાં ઇલેક્ટ્રોનિક્સના નિયમ પ્રમાણે અને એની શક્તિ મારફત આખા અંકની અને આખા પ્રયોગની પ્રકાશરચના સરજાતી રહે. આ તદ્દન અદ્યતન શોધ છે, નવતર યોજના છે, હજી અખતરાની દશામાં છે, વરસેકમાં તો આ દિશામાં કેવુંક નિપજાવશે, અને કેવાં પરિણામો બતાવશે તે તો ભાવિ જાણે. આ દિશામાં જર્મની, ઈંગ્લંડ-ફ્રાન્સ કરતાં ઘણું આગળ નીકળી ગયું છે. (ચાલુ)

હૅસ્ટિંગ્સની લડાઈમાં હૅરોલ્ડ ગોડવિન્સનને હરાવી વિલિયમે ઈંગ્લંડ જીત્યુ એ પ્રસંગની યાદમાં ૨૩૧ ફૂટ લાંબા વસ્ત્રપટ પર ભરત ભરીને એ સમગ્ર બનાવને આલેખવામાં આવ્યો હતો. ફ્રાંસની ક્રાન્તિ અને બબ્બે વિશ્વયુદ્ધોમાં બચાવી લેવાએલો એ વસ્ત્રપટ (ટૅપેસ્ટ્રી) આજે ફ્રાંસમાં બાયે મુકામે ત્યાંના દેવળમાં જતનથી જાળવી રખાયો છે. તેમાંનાં કેટલાંક દશ્યોને એ લડાઈની ૯૦૦મી જયંતી ઊજવતા બ્રિટને આ નિમિત્તની ખાસ ટપાલટિકિટો પર ઉતાર્યાં છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી · લંડન)

બાયે ટૅપેસ્ટ્રી પર હૅસ્ટિંગ્સની લડાઈનાં દશ્યો





પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર —૨૫૧—

ઑક્ટોબર ૧૯૪૧ અંક ૨૧૪

ગુજરાતના સામયિક સાહિત્યમાં સાહસકથાઓની જેમ વિજ્ઞાનવાર્તાઓ (સાયન્સ ફિકશન)ની પહેલ પણ કદાચ 'કુમારે' કરી. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં ૧) એવી એક વિજ્ઞાનવાર્તા, ૨) ગયે મહિને જેમને વ્યંગચિત્રોનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ઇનામ મળ્યું તે શ્રી બંસીલાલ વર્મા 'ચકોર'નો વિગતે પરિચય, ૩) આપણી વનશ્રી ઉપર શ્રી રામસિંહજી રાઠોડનો હૃદ્ય લેખ...એમ વિવિધ સામગ્રી આવી ગઈ. આ મહિને સ્થળસંકોચને કારણે એ અંકમાંના બે ફકરા જ માત્ર તારવીને મૂકીએ છીએ.


ભૂતકાળની શોધમાં જે વિવિધ જ્ઞાન સુલભ બને છે તેમાં આ હપતે એક નવો પ્રકાર આવ્યો : શિલાલેખોના પથ્થરો. એમાંનો અગત્યનો ભાગ-શ્રી અમૃતલાલ પંડ્યાની જ્ઞાનપોષક લેખમાળા 'ભૂતકાળની શોધ'માંથી :

"ગુજરાતના ગામેગામમાં પાળિયાના પુંજેપુંજ નજરે પડે છે. ગુજરાતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનો પથ્થર થાય છે : અરવલ્લી, આરાસુર અને પંચમહાલના ડુંગરો ગ્રેનાઈટના છે, એટલે એ વિસ્તારોમાં એ જ પ્રકારનો પથ્થર મળે છે. એ ઘણો જ સખત હોય છે, એટલે કોતરકામ માટે જૂજજાજ વપરાય છે. કાઠિયાવાડ અને દક્ષિણ ગુજરાતના પર્વતો trap પ્રકારના ખડકના બનેલા હોઈ એ પ્રદેશોમાં કાળો પથ્થર જ મળે છે; એ basalt પણ કહેવાય છે. ગિરનારનો ખડકલેખ એના ઉપર જ કોતરાએલો છે. એ granite કરતાં ઓછો કઠણ હોય છે. આબુનો આરસપહાણ એ ઉષ્ણતા અને દબાણથી પાસાદારના રૂપમાં ફેરવાઈ ગએલો ચૂનાનો પથ્થર—limestone છે. એ નથી ઘણો કઠણ કે નથી ઘણો નરમ. વળી તે કણી વગરનો—grainless—ને સુંદર રંગોનો મળતો હોવાથી બારીક કોતરકામ અને મૂર્તિઓ માટે સર્વશ્રેષ્ઠ લેખાય છે. સલાટો ધોળા આરસને વિવિધ ક્રિયાઓ વડે તપાવી તેને કેટલા યે પ્રકારના રંગોમાં ફેરવી નાખે છે. આબુ પર્વત આખો એનો જ બનેલો છે અને તેની તળેટીમાં આવેલી ચંદ્રાવતી નગરી આખી આરસની હતી તેનું કારણ પણ એ જ હતું.

દરિયાની રેતીનો એક એક કણ એટલે એક એક અતિ નાનું શંખલું. દરિયામાં વસતા સૂક્ષ્મ જલચરો અહર્નિશ એ શંખલાઓને બનાવ્યા જ કરે છે, અને મોજાં તેમના ઢગેઢગ નિરંતર કાંઠા ઉપર ફેંક્યા જ કરે છે. આ તે આપણી દરિયાની રેતી! કાંઠા ઉપર હમેશાં તેના નવા ઢગો ખડકાતા હોવાથી જૂના ઢગો વધુ ને વધુ નીચે ઊતરતા જાય છે અને ઉપરના ઢગોના અસહ્ય ભાર તળે કચડાઈ કાળાંતરે આ રેતી એકરસ થઈ પથ્થરનો આકાર લે છે. કાઠિયાવાડને સાગરકાંઠે આવી રીતે બંધાએલો તે જ આપણો ધ્રાંગધ્રા અને પોરબંદરનો પથ્થર. બંને વચ્ચે ફેર એટલો જ છે કે પહેલો વધુ પ્રાચીન હોવાથી વધારે કઠણ અને બીજો તેના કરતાં ઓછો કઠણ. કાઠિયાવાડ ને કચ્છને દરિયાકાંઠે એના જ પાળિયા મળી આવે છે. પણ એ પથ્થર નરમ હોવાથી તેના ઉપર કોરેલા અક્ષરો હજાર વર્ષ ઉપરાંત ટકતા નથી. ઈ. સ. ૩૧૦નો દ્વારકા પાસે મૂળવાસમાં મળી આવેલો પાળિયો (એ ગુજરાતનો જૂનામાં જૂનો પાળિયો છે) જો હજારેક વર્ષ પૂર્વે ત્યાંના તળાવમાં ન દટાઈ ગયો હોત તો આજે આપણા માટે તેનું લખાણ રહેવા પામ્યું ન હોત."

ત્રિકોણાકારી ચાલ

આપણે સીધા ચાલીએ છીએ; ચાર પગવાળાં ને છ પગવાળાં જીવ બધાં જરા આડાં



ચાલે છે. તેમાં યે ચોપગાં કરતાં છ-પગાંની ચાલની ક્રિયા જુદી પડી આવે છે.

ચાલતી વખતે છપગાં કીટક ત્રિકોણ રચે છે. આ ત્રિકોણ એની એક બાજુના આગલા તથા પાછલા, ને બીજી બાજુના વચલા પગને આધારે રચાય છે, અને તે જ સમયે બાકીના ત્રણ પગને આગળ ધપાવવામાં આવે છે. આગલા પગનું કામ ખેંચવાનું છે, વચલો પગ આખા શરીરને આધાર આપીને પોતાની બાજુ તરફ વાળવાનું કામ કરે છે, જ્યારે પાછલો પગ કીટક-દેહના ઉત્તર ભાગને ઊંચકી આપવામાં મદદ કરવા ઉપરાંત સમતુલા જાળવી કીટકને સમક્ષેત્રમાં ફેરવે છે. આનું પરિણામ એ આવે છે કે છપગાંની ચલનક્રિયા સીધી લીટીમાં થવાને બદલે ડાબી તથા જમણી વળતી વાંકીચૂકી રેષાવાળી બની જાય છે.

કાજળથી કાળા કરેલા કાગળ પર કોઈ કીટકને ચલાવી જોવાથી આ સાથેની આકૃતિમાં દર્શાવેલી ત્રિકોણિક ચલન-રચના સ્પષ્ટ થશે. આકૃતિમાં 'કૅરૅબસ' નામનું કલ્લું ચાલી રહ્યુ છે તો ખંડિત રેખા તરફ; પરંતુ એમ ચાલતાં ખરી રીતે તો એ અખંડિત રેષાના વાંકાચૂંકા માર્ગને જ અનુસરે છે.

આકૃતિમાંનાં મીંડાં, ચલનક્રિયા દરમિયાન ભૂમિ પર આધાર રાખતા પગનાં નિશાન બતાવે છે.

(આકૃતિ 'વીગલવર્થ' ઉપરથી) —મ. હ. દેસાઈ

પરાંજપે (અનુસંધાન પૃષ્ઠ ૩૪૭થી) ને ૧૯૦૯માં તેમને એક પુત્રી થઈ–શકુંતલા. એ બીજાં પત્ની પણ ૧૯૩૧માં મૃત્યુ પામ્યાં.

શકુંતલા તેમનું એકનું એક સંતાન. તે બી. એસસી. પ્રથમ વર્ગમાં પાસ થઈ ઈ. ૧૯૨૯માં કૅમ્બ્રિજની ટ્રાઈપૉસમાં પાસ થયાં. જીનિવામાં નોકરી કરતાં ત્યાં જ તેમણે યુરા સ્લેપ્ટઝોફ નામના રશિયન સાથે લગ્ન કર્યાં. ૧૯૩૬માં તેમને એક પુત્રી થઈ, તેનું નામ પોતાની માતાના નામ ઉપરથી 'સઈ' રાખ્યું. ૧૯૩૭માં શકુંતલાએ પતિ સાથે છૂટાછેડા લીધા ત્યારથી તે ડૉ. પરાંજપે સાથે જ રહેતાં આવ્યાં છે. ૧૯૫૮માં તેમને રાજ્ય સરકારે વિધાન પરિષદનાં સભ્ય તરીકે નીમ્યાં છે. તેમની પુત્રી—ડૉ. પરાંજપેની દૌહિત્રી—સઈ ૧૯૫૬માં ગ્રૅજ્યુએટ થઈ ૧૯૬૦માં પૂના આકાશવાણીમાં નોકરી કરતી હતી. એ પછી નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ડ્રામાનો બે વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરી પૂનાના ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇંડિયામાં પ્રાધ્યાપક છે. તેનાં લગ્ન શ્રી અરુણ જોગળેકર સાથે ૧૯૬૧માં થયાં. તેમને અશ્વિની નામની એક પુત્રી છે

ડૉ. પરાંજપે પહેલેથી–૧૯૩૩-'૩૫ ને '૩૭માં પોતાની મિલકતનું વિલ કરતા રહેલા. એમના અવસાન બાદ ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપલે ટ્રસ્ટીઓની હાજરીમાં એમનું છેલ્લું વિલ ઉઘાડયું હતું. પોતાની એક લાખ ઉપરની મિલકત (જેમાં તેમનો બંગલો, કૅશ સર્ટિફિકેટ ને બીજા દસ્તાવેજોનો સમાવેશ થાય છે.) પોતાના દાપોલી તાલુકાના લોકોની જીવનરહેણી સુધારવાની યોજનાઓ માટે આપવાનું સૂચવ્યું છે. પોતાની મિલકતનો કોઈ પણ ભાગ ધાર્મિક હેતુ માટે ન વાપરવાનું પણ તેમણે લખ્યું છે. પોતાની ૨૦,૦૦૦ રૂ. ઉપરની કિંમતવાળો વિપુલ ગ્રંથભંડાર ફર્ગ્યુસન કૉલેજને આપ્યો છે.

પોતાની એકની એક પુત્રી શકુંતલાને કે કુટુંબના કોઈ ને તેમણે કશું જ આપ્યું નથી. વગર કમાણીની મિલકત સંતાનોને બગાડે છે એમ તેઓ માનતા; છતાં જરૂર કરતાં એમની આવક ઓછી હોય તો ટ્રસ્ટીઓ પાસે મદદ માગી શકે, એમ વિલમાં સૂચવ્યું છે.

ડૉ. પરાંજપેએ પોતાના વિલમાં સ્પષ્ટ કહ્યું છે કે પોતાના મૃત્યુ પાછળ કશી ધાર્મિક વિધિ ન કરવી, પોતાની મૃત્યુતિથિ ન પાળવી, તેમજ શોક નિમિત્તે કોઈ શિક્ષણસંસ્થાએ કામ બંધ ન રાખવું.

ડૉ. પરાંજપે બુદ્ધિવાદી (rationalist) હતા. તેમના આ બુદ્ધિવાદ અને નિરીશ્વરવાદનો વિચાર કર્યા વિના આ ચરિત્ર અપૂર્ણ જ ગણાશે. પોતાના ધર્મ અને ઈશ્વર વિષેના નાસ્તિક વિચારોને લઈને તેમને સમાજનો રોષ પણ સારી પેઠે સહન કરવો પડેલો. ધાર્મિક શિક્ષણ આપવાનો તેમણે ઉગ્રતાથી વિરોધ કરેલો, એટલું જ નહિ પણ તેઓ પ્રિન્સિપલ હતા ત્યારે ખાસ પરિપત્ર કાઢી સૂર્યગ્રહણની રજા રદ કરી કૉલેજનું કામકાજ ચાલુ રાખેલું. સમગ્ર પૂનામાં આથી ભયંકર ઉહાપોહ થએલો. બાળ ગંગાધર ટિળકે 'કેસરી'માં 'પ્રાસાદશિખરસ્થોઽપિ ન કાકો ગરુડાયતે' એ શિર્ષક હેઠળ એક ઉગ્ર લેખ લખ્યો. પણ પરાંજપે અનેક ઝંઝાવાતો સામે પણ પર્વતની જેમ નિશ્ચલ રહ્યા. પોતાના બુદ્ધિવાદી સિદ્ધાંતોમાંથી તે કદી ચ્યુત ન થતા. તેઓ પુનર્જન્મ કે ઈશ્વરમાં જરા પણ ન માનતા. હમણાં એમના મૃત્યુ બાદ 'ઇંડિયન એક્સપ્રેસ' (૧૪–૫–૬૬)માં એમના એક મિત્રનો પત્ર પ્રકટ થયો છે તેમાં ડૉ. પરાંજપે સાથે છેલ્લા દિવસોમાં તેમણે કરેલી ચર્ચાનો સારાંશ આપ્યો છે. એ મિત્રે આઇન્સ્ટાઇન સહિત પચાસ વિજ્ઞાનીઓએ ઈશ્વરમાં પોતાની શ્રદ્ધા વ્યક્ત કર્યાના લેખિત અભિપ્રાયોની વાત ડૉ. પરાંજપેને કરી ત્યારે તેમણે જે જવાબ આપેલો તે સૂચક છે: 'આ બધા મહાપુરુષોએ એની (ઈશ્વર હોવાની) કોઈ સાબિતી નથી આપી; એમણે માત્ર એક સામાન્ય માન્યતા વ્યક્ત કરી છે. તમે મને સમજવામાં ભૂલ ન કરશો. ઈશ્વર છે જ નહિ એમ હું જાણું છું એવું મારું કહેવું નથી. એ તો નરી નાસ્તિકતા થઈ; પણ હું જે કહું છું તે એ છે કે ઈશ્વર છે એની સાબિતી નથી. હું તો એક 'agnostic' છું.'

આમ છતાં તેમના માનવતાસમૃદ્ધ જીવનમાં આથી કશી ઊણપ રહેલી નહિ. મશ્કરીમાં પણ એ અસત્ય ન બોલતા. પોતાની પાસે નોકરી માગવા આવનાર માણસને મીઠું બોલી ખોટી ભ્રાંતિમાં રાખવાને બદલે જગ્યા ખાલી ન હોય તો, કે તે મળે એમ ન હોય તો નારાજી વહોરીને પણ સ્પષ્ટતાથી તેમ કહી દેતા. રાજકારણમાં પણ એ સત્યનો આગ્રહ રાખતા. પોતાના કુટુંબ, મિત્રો તથા સગાંવહાલાંને ઉદાર દિલે તેમણે આર્થિક શૈક્ષણિક તેમજ ઇતર સહાય કરેલી. મહર્ષિ કર્વેના ઉપકારનો બદલો તેમણે તેમનાં પુત્રવધૂ ડૉ. ઈરાવતી કર્વેના શિક્ષણમાં સહાયક બનીને વાળવા પ્રયત્ન કરેલો. ને છેવટ તેમનું જે વસિયતનામું બહાર પડયું છે તેમાં પણ તેમના સ્વાર્થત્યાગી ઉદાત્ત ને વિશાળ માનસનો પરિચય મળે છે. ધર્મ, ઈશ્વર, અજ્ઞાન ને વહેમના જાળામાં અટવાએલા હિંદુ સમાજનો જ નહિ, પણ જગતનો ઇતિહાસ જોતાં પણ પ્રતીતિ થાય છે કે આવા પ્રખર બુદ્ધિવાદી ને મુક્ત, નિર્ભય વિચારશક્તિવાળા માણસો જ જગતને એક ડગલું આગળ લઈ ગયા છે. એવી વ્યક્તિઓમાં ડૉ. પરાંજપેની નિઃસંકોચ ગણના કરી શકાય.

'ગુજરાતનું ઘડતર' એ નામના જાહેર વ્યાખ્યાનમાં શ્રી ક. મા. મુનશીએ 'આખા દેશની જ્ઞાનસાધનામાં નોંત્રપાત્ર અને સંગીન ફાળો આપનાર અભ્યાસીઓ' અને 'બૌદ્ધિક ક્ષેત્રમાં આગળ વધેલા કાર્યકરો' ઉત્પન્ન કરવા ગુજરાત પાસે જે અપેક્ષા રાખેલી તે, ગુજરાતે તો કોણ જાણે, પણ મહારાષ્ટ્રે તો વિવિધ ક્ષેત્રોમાં અને એમાં ય ખાસ તો જ્ઞાનસાધનાના ક્ષેત્રમાં ટિળક, આગરકર, ગોખલે, રાનડે, કર્વે ને ડૉ. પરાંજપે જેવી વિભૂતિઓ પેદા કરીને પૂરી કરી છે.

એમના જ વિદ્યાર્થી, રૅંગ્લર ડૉ. મહાજનીએ એમને અંજલિ આપતાં લખ્યું હતું: 'એમના મૃત્યુથી પૂનાએ અને દેશે એક મહાપુરુષ ગુમાવ્યો છે. એમના મૃત્યુથી થએલી હાનિનો અંદાજ પણ કાઢી શકાય એમ નથી. નેહરુ, કર્વે ને પરાંજપે ત્રણે અજ્ઞેયવાદી હતા; પણ જીવનનાં સુખદુઃખ પ્રત્યે સમતોલ ને અનુદ્વિગ્ન મને જોનારા, ગીતાના આદર્શ 'સ્થિતધી' પરાંજપે જેવા મારા જોવામાં અન્ય કોઈ આવ્યા નથી.'

ડૉ. પરાંજપેનાં લખેલાં અંગ્રેજી પુસ્તકો

1) Gopal Krishna Gokhale, 2) The Crux of the Indian Problem, 3) Religion and the Indian Problem, 4) Selected Writings and Speeches of Dr. R. P. Paranjpye (edited by B. M. Gore), 5) Rationalism in Practice, 6) 84 Not out.

શતરંજના કોયડાનો ઉકેલ: 1 P–K7, R–R1. અહીં 2N–B4chના કારણે પ્યાદાની પાછળ હાથી લાવી શકાતો નથી.

2 N–K6, R–K1. આ સિવાય ગમે તે ચાલ સામે સફેદ 3 N–Q8 અથવા 3N–B8 રમીને પ્યાદાને વજીર બનાવી શકે.

3 N–B7. અહીં 3N–B4 Chથી સફેદનો હાથી જીતી શકાય છે પણ તેમ કરવાથી રમત ડ્રૉ જ થાય. જુઓ: 3 N–B4ch, K–N4; (3..., K–R3? પછી 4 N–B7 dhથી સફેદ જ જીતે.) 4 N–Q6 ch, K–B3; 5 N×R, K–Q2! હવે સફેદનું પ્યાદું ઘડે છે અને રાજા વચ્ચે હોવાથી મ્હાત કરી ન શકે.

3...R×P; 4N–B4 mate

કાળો આ મ્હાત એક જ રીતે બચાવી શકે, પણ 3..., K–N3; 4 N×R, K–B3; 5N–B3થી સફેદ વજીર બનાવીને જીતી શકે.

ફક્ત બે ઘોડાથી મ્હાત થતું આ દષ્ટાંત છે.



માધુકરી

માર્ગમાં કંટક પડ્યા, સૌને નડ્યા;
બાજુ મૂક્યા ઊંચકી, તે દી નકી જન્મ ગાંધી બાપુનો.

અન્યાય નીચી મૂંડીએ ના લીધ સાંખી,
દુર્ગંધ પર મૂઠી ભરીને ધૂળ નાખી;
ઉકરડા વાળી ઉલેચી સુજનનું ખાતર રચ્યું,—
કંઈક આમાંનું બને, ગાંધીજયંતી તે દિને.

મૂર્ખને લીધા નભાવી,
ધૂર્તને યોજ્યા જગતકલ્યાણના પથમાં પટાવી,
દૂભ્યાંદબાયાં કોઈનું એકાદ પણ જો આંસુ લૂછ્યું,
હરખભર જો ઝંપલાવ્યું અદયભીષણ જગતહિંસાના મુખે,
તિથિ ન જોશો ટીપણે—ગાંધીજયંતી તે દિને. (ઉમાશંકર જોશી)


શતાયુ પંડિત શ્રીપાદ સાતવળેકરજી

'યજ્ઞાર્થ કાર્ય કરતાં કરતાં સો વર્ષ જીવવા'ના ઉપનિષદના આદેશને શબ્દાર્થ તેમજ ભાવાર્થમાં સિદ્ધ કરનાર વૈદિક તપસ્વી પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરજી ગયા સપ્ટેમ્બરની ૧૯મી તારીખે આયુના સોમા વર્ષમાં પ્રવેશ્યા ત્યારે 'વેદમૂર્તિ'નું સર્વથા સાર્થક બિરુદ પામનાર તેઓ આપણા સૌની સાદર વંદનાના અધિકારી બની રહ્યા છે.

વૈદિક વિચારસરણીના પ્રખર પ્રવર્તક મહર્ષિ દયાનંદ સરસ્વતી અને સ્વામી શ્રદ્ધાનંદ જેવી મહાવ્યક્તિઓની પરંપરાના વેદજ્ઞ સાતવળેકરજીનો જન્મ મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લામાં સાવંતવાડી નજીક કોલગાંવમાં ઈ. ૧૮૬૭ની ૧૯મી સપ્ટેમ્બરે એક વેદપાઠી બ્રાહ્મણ કુટુંબમાં થએલો. સો વર્ષે પણ રોજના સાતઆઠ કલાકનું લેખનકાર્ય તથા ત્રણચાર કલાક પ્રાણાયામ, ધ્યાન-અનુષ્ઠાનમાં ગાળતા ચિર યુવાન સમા શ્રીપાદજીનું યુવાવસ્થા સુધીનું જીવન નિર્બળતા અને માંદગીઓ વચ્ચે વીત્યું હતું.

સાવંતવાડીમાં જ એમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. અંગ્રેજીની મોંઘી કેળવણી મેળવવા જેવી કુટુંબની આર્થિક સ્થિતિ નહોતી, પણ પોતાની અપ્રતિમ બુદ્ધિમતા અને સ્વપ્રયત્નથી શ્રીપાદજીએ સાવંતવાડીમાં કેળકર શાસ્ત્રી પાસે સંસ્કૃતનો તથા મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં ચિત્રકળાનો અભ્યાસ કર્યો. તસવીરાલેખનમાં તો એમણે કળાશાળાનો સુવર્ણચંદ્રક મેળવેલો. એ પછી એક વર્ષ તેઓ એ જ શાળામાં કલાશિક્ષક રહ્યા.

ઈ. ૧૯૦૦માં તેઓ દક્ષિણ હૈદરાબાદ જઈ વસ્યા. ત્યાં એમની કળાએ એમને ખ્યાતિ


કલાકાર હતા ત્યારે


સાતવળેકરજી આજે

તારા-પરિચય-૧૦



પર્સીઅસે જ્યારે મેડુસાનું માથું કાપી નાખ્યું ત્યારે જે લોહી વહ્યું એમાંથી 'પેગાસસ' (Pegasus) નામે એક પાંખાળો દૈવતાઈ ઘોડો ઉત્પન્ન થયો અને સીધો આકાશ તરફ ઊડ્યો. ગ્રીક પુરાણકથામાં આવતા આ પેગાસસનો આકાર આકાશમાં એક તારામંડળમાં કલ્પીને એને એનું નામ આપવામાં આવ્યું છે. આપણે એ તારામંડળને 'ખગાશ્વ' આકાશના અશ્વ તરીકે ઓળખીએ છીએ. ઉત્તર તરફ પીઠ કરીને જોતાં ખગાશ્વના તારામંડળમાં અશ્વની આકૃતિ કલ્પવી સરળ બનશે. અને પછી એનું મોં, પેટ, પગ વગેરેના તારાઓ સહેલાઈથી જોઈ શકાશે.

આ ઘોડાના પીઠપેટને સ્થાને લગભગ એકસરખા તેજસ્વી ચાર તારાઓનો એક મોટો ચોરસ (Great Square) રચાય છે. એને ભાદ્રપદાનો ચોરસ કહે છે. એમાંના પૂર્વ તરફના બે તારા તે 'ઉત્તરા ભાદ્રપદા' અને એની સામેના બીજા બે તારા તે પૂર્વા ભાદ્રપદા નક્ષત્રના તારા છે.

ઘોડાના પાછલા બે પગ રૂપે કેટલાક તારાની જે બે હાર દેખાય છે એ 'દેવયાની' (Andromeda) તારામંડળ છે. એમાં 'મે-૩૧'ની સંજ્ઞાથી અથવા 'દેવયાની'ના નામે ઓળખાતી નિહારિકા છે. નરી આંખે તો એ માત્ર એક બહુ ઝાંખા તારા જેવી લાગે છે, કેમ કે આપણાથી એ ૨૦ લાખ પ્રકાશવર્ષ દૂર છે, પણ હકીકતે આપણા સૂર્ય જેવા તો કરોડો સૂર્ય ધરાવતું ૧૫૦૦૦૦ પ્રકાશવર્ષ જેટલા વિસ્તારમાં ફેલાએલું એ એક અતિ વિશાળ તારાવિશ્વ છે.

દેવયાની તારામંડળની બાજુમાં 'મે-૩૩'-ની સંજ્ઞાથી કે 'ત્રિકોણ નિહારિકા'ના નામે ઓળખાતી એક બીજી નિહારિકા પણ છે. આપણાથી એ સાડાસાત લાખ પ્રકાશવર્ષ દૂર છે.

અને ધન બંને અપાવ્યાં. દરમિયાન તેઓ સ્વામી દયાનંદ અને મૅક્સ મુલરના પ્રભાવમાં આવ્યા અને એમણે વેદપ્રચારને પોતાનું જીવનધ્યેય બનાવ્યું. વૈદિક સાહિત્ય સંબંધી પોતાના નવીનતાપૂર્ણ આગવા વિચારોને એમણે રાષ્ટ્રજાગૃતિના કાર્યમાં પ્રયોજી લેખન અને વ્યાખ્યાન દ્વારા પ્રસારવા માંડયા. આ માટે 'વિવેકવર્ધિની' નામે એક સંસ્થા પણ સ્થાપી જે આજે એમના નાના ભાઈ ડૉ. સીતારામ સાતવળેકર સંભાળે છે. ચિત્રકામ તો માત્ર જીવનનિર્વાહના એક સાધન રૂપ જ હતું, એમનું ખરું કાર્ય તો નવા અર્થઘટન સાથે વેદ વાઙ્મયનો પ્રસાર કરવાનું જ બની રહ્યું એમના એ કાર્યમાં રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરવાની બૂ આવતાં બ્રિટિશ સરકારે એમના પર તવાઈ લાવવા માંડી અને એમને હૈદરાબાદ છોડવું પડયું. પણ વેદવિદ્યા વિષેના એમના મૌલિક વિચારોથી પ્રભાવિત થએલા સ્વામી શ્રદ્ધાનંદે એમને કાંગડીના ગુરુકુળમાં સમાવી લીધા. ત્યાં એમણે 'વૈદિક પ્રાર્થનાની તેજસ્વિતા' તથા 'વૈદિક રાષ્ટ્રગીત' વિષે બે લેખો લખેલા, જે માટે રાજદ્રોહનો આરોપ મૂકી તથા કોઈ એક ખૂનમાં એમનો હાથ હોવાના બહાના તળે સરકારે એમની ધરપકડ કરી, કોલ્હાપુરમાં એમના પર કામ ચાલ્યું, પણ ન્યાયાધીશે એમને નિર્દોષ છોડી મૂકયા. મહારાષ્ટ્રમાં રહેવું હવે મુશ્કેલ હોઈ તેઓ લાહોર ચાલ્યા ગયા. ત્યાંથી પણ ૧૯૧૮માં સ્થળાંતર કરવું પડયું ત્યારે, બ્રિટિશ રાજની ખફા નજર છતાં, ઔંધ નરેશે એમને પ્રોત્સાહિત કરી પોતાને ત્યાં રાખ્યા. અહીં સાતવળેકરજીએ 'સ્વાધ્યાયમંડળ'ની સ્થાપના કરી. અત્યંત ઓછી કિંમતે વેદના શુદ્ધ પાઠ પ્રકટ કર્યા. ઉપનિષદો, રામાયણ-મહાભારત ને ગીતાના મૂળ શુદ્ધ સંસ્કૃત પાઠ, એના હિન્દી મરાઠી ગુજરાતી અનુવાદ, ટીકા ભાષ્ય આદિ પણ પ્રકાશિત કરવા માંડયાં, જે કાર્ય હજી આજે પણ ચાલે છે. 'પુરુષાર્થ બોધિની' નામક ગીતા પરની એમની મીમાંસા તો બહુ જ વિખ્યાતિ પામી છે. વેદોમાં રાજનીતિ વિષે પણ એમણે એક માળા સર્જી છે. આજે ભારત સરકાર માટે તેઓ મહાભારતના પાઠશોધિત સંસ્કરણનો હિન્દી અનુવાદ કરી રહ્યા છે.

સંસ્કૃતથી અનભિજ્ઞ માટે એમણે ૨૪ ભાગમાં 'સંસ્કૃત સ્વયંશિક્ષક' લખ્યું છે; એની પરીક્ષાઓની વ્યવસ્થા પણ કરી છે. ૧૯૨૩થી તેઓ મરાઠીમાં 'પુરુષાર્થ' નામે માસિક પ્રકટ કરે છે. 'અમૃતલતા' નામે સંસ્કૃત ત્રૈમાસિક પણ સંપાદિત કરે છે. 'વેદસંદેશ' નામે ગુજરાતી માસિક પણ કાઢેલું જે હાલ બંધ છે. હિન્દીમાં આશરે ૨૦,૦૦૦, મરાઠીમાં ૧૦,૦૦૦, ગુજરાતીમાં ૭,૦૦૦ અને અંગ્રેજીમાં ૩,૨૨૫ પાનાં જેટલું લખાણ લખ્યું છે. આ ઉપરાંત વેદ ગ્રંથસૂચિમાં ૫૦૦ અને સંહિતામાં ૫,૦૦૦ પાનાં જેટલું બીજું લખાણ તો જુદું; અને એ સિવાય નાનામોટા લેખો પત્રિકાઓ પણ ખરાં. આ બધાંમાં એમના પત્રકારત્વ અને લેખનની દીપ્તિ પ્રકટ થાય છે.

ઈ. ૧૯૦૬ સુધી તેઓ ગુપ્ત ક્રાન્તિવાદીઓના સમર્થક હતા. પછી ત્રીસેક વર્ષ કૉંગ્રેસમાં સક્રિય સાથ આપ્યો. ૧૯૨૨માં પ્રાન્તિક કૉંગ્રેસના ને ૧૯૩૨માં મહારાષ્ટ્ર પ્રજાપરિષદના અધ્યક્ષ પણ તેઓ બનેલા. ૧૯૩૬માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ઔંધ શાખાના સંચાલક બન્યા અને એથી જ ગાંધીજીની હત્યા પછી જાગેલા પ્રજારોષને લીધે એમને સતારા છોડવું પડયું. પણ એ વખતે, ૮૨ વર્ષની વયે, 'સ્વાધ્યાય મંડળ'નું સમગ્ર કાર્યાલય, એનું મુદ્રણાલય, કર્મચારીઓનો પરિવાર, બધાંની એમણે ગુજરાતમાં વલસાડ નજીક પારડીમાં જે ફેરવણી કરી, ત્યાં નવેસરથી સંસ્થાની પુનર્રચના કરી અને ૧૮ એકરના વિસ્તારમાં જે વિકાસ સાધ્યો એ કોઈ પણ યુવાનને પ્રેરણારૂપ છે. વિશ્વશાંતિ પરિષદના નિમંત્રણથી તેઓ જિનીવા પરિષદમાં પણ જઈ આવ્યા છે.

રાજનૈતિક કે એને સ્પર્શતી બધી પ્રવૃત્તિઓ તો હવે એમણે છોડી દીધી છે, પણ વેદવાઙ્મયના પ્રસારનું એમનું કાર્ય હજી આજે યે એવું જ અવિરત ચાલી રહ્યું છે. સાદી રહેણીકરણી, સાત્ત્વિક વિચાર, લોકહિતચિંતન, ધ્યાનધારણા અને વેદની નિરંતર સાધનામાં રત તેઓ સામાજિક જીવનથી અલિપ્ત, પણ ગૃહસ્થધર્મના યથાવિધિ પાલન સાથે અને યમ-સંયમ આદિથી સાધેલા પૂર્ણ આરોગ્ય સાથે હજી યે પોતાનું કાર્ય નિભાવી રહ્યા છે. ૫૮ વર્ષથી એમણે ભાત ખાધા નથી. દિવસમાં ત્રણ વાર ગાયના દૂધ અને શાક સાથે પોણા બે રોટલી એ એમનો આહાર છે. ૯૯ વર્ષમાં માત્ર છત્રપતિ શાહૂના માન ખાતર એક જ વાર ચા ચાખી છે. આજે યે યોગિક આસનોનો વ્યાયામ કરે છે. એમની દૃષ્ટિ અને શ્રવણશક્તિ હજી એવી ને એવી જ તેજ છે.

એમનાં પત્ની સરસ્વતીબાઈ પણ આજે ૯૦ વર્ષની ઉમરે ઘરકામ કરે છે. મોટા પુત્ર વસંતરાવ સંસ્થાનાં પ્રકાશન-મુદ્રણ સંભાળે છે. નાના પુત્ર માધવરાવ ચિત્રકાર છે. શ્રીપાદજીનાં પોતાનાં કરેલાં ચિત્રો પણ આજે હૈદરાબાદ, ઔંધ, મદ્રાસ, પઠાપુરમ્, કાંગડી આદિનાં સંગ્રહોમાં સંઘરાએલાં છે.

ગોવર્ધન વિદ્યાપીઠના શંકરાચાર્યે મહામહોપાધ્યાયની પદવીથી, પ્રયાગ હિન્દી વિદ્યાપીઠે 'સાહિત્યવાચસ્પતિ'ની, અમૃતસરના ગીતા મંડળે 'ગીતાલંકાર' અને ગુરુકુળ-કાંગડીએ 'વિદ્યામાર્તંડ'ની ઉપાધિઓ આપીને એમની આ ભવ્ય તપસ્યાનું ગૌરવ કર્યું છે. પ્રયાગમાં યોગીરાજ દેવરિયા બાવાએ પાંચ લાખ સાધુઓનાં સંમેલનમાં એમને 'બ્રહ્મર્ષિ' પદ આપી એમનું બહુમાન કર્યું હતું.

મુંબાઈના કાળજૂના કૂવા

મુંબાઈ નગરીને પનઘટ નથી, પનિહારી નથી; 'ભારી બેડાં ને હું તો નાજુકડી નાર'ની કવિતા નથી. 'આઠ કૂવા ને નવ પાવઠી રે લોલ' જેવું લોકગીત નથી. આ ટાપુ તો મૂળ કોળી માછી કોમની માલિકીનો હતો. મત્સ્યઉદ્યોગ એનો મૂળભૂત ઉદ્યમ હતો. કાળક્રમે આ નગર વસ્તી વડે ખદબદતું બનતું ગયું તેમ એના પાણીના પૂરવઠા માટે પાંચ તળાવોની રચના થતી ગઈ: વિહાર, તુલસી, પવાઈ, તાનસા અને વૈતરણા. પણ કૂવાની કવિતાથી તો એ વંચિત જ રહ્યું.

અને છતાં મુંબાઈમાં કેટલાક કાળ-જૂના કૂવા છે ખરા. 'સુખમાં સાંભરે સોની ને દુઃખમાં સાંભરે રામ' એ ન્યાયે તાજેતરમાં ત્યાં પાણીનો દુકાળ પડયો ત્યારે એ જૂના ને અવાવરુ કૂવા સાંભરી આવ્યા.

આજથી અઢી દાયકા પહેલાં બીજા વિશ્વયુદ્ધ વેળા પણ મુંબાઈ પર બૉમ્બવર્ષાનો ભય ઊભો થયો ત્યારે હવાઈ હુમલા સામે રક્ષણાત્મક પગલાં તરીકે આખા મુંબાઈ નગરના કૂવાઓની નોંધણી કરીને હરેક કૂવાના વિસ્તારમાં નિર્દેશક પાટિયાં ટાંકી દીધેલાં : 'કૂવા:બાવડી.'

મુંબાઈની પચરંગી પ્રજા પાંચ સરોવરનાં પાણી પીતી થઈ છતાં કેટલાક કૂવાપ્રેમીઓએ નળને બદલે કૂવાઓનાં પાણી પીવાનો આગ્રહ જારી જ રાખેલો. મુંબાઈનાં ઘડિયાળો 'લોકલ ટાઈમ'માંથી બદલીને 'સ્ટાન્ડર્ડ ટાઈમ' (કેટલાક લોકો એનો ઉચ્ચાર 'શેતાનદરદ ટાઈમ' પણ કરતા) પર મુકાયાં, છતાં ઘણા અસલ મુંબાઈગરાઓ ક્રૉફર્ડ માર્કેટના મૂળ લોકલ ઘડિયાળના સમયને જ વળગી રહેલા, અને સાદડી-ઊઠમણાં તો સ્ટાન્ડર્ડને બદલે લોકલ સમયે જ યોજાતાં રહેલાં. એ રાહે તેઓ જલપાનમાં પણ સુધરાઈના પાણીને બદલે અસલી કૂવાઓનાં પાણીને જ ઉત્તેજન આપતા રહેલા. આમાંના બે ઐતિહાસિક કૂવાઓને આજે અંજલિ આપીએ.

મુંબાઈની હાઇકોર્ટની ઇમારતને ભોંયતળિયે એક કૂવો છે. એનું પાણી અસાધારણ લોકપ્રિયતા ધરાવે છે: કેટલાક અસલી મુંબાઈગરાનાં

જઠરને આ કૂવાનું પાણી જ સદે છે. પરિણામે, એમની ઈમ્પાલા અને કૅડિલૅક ગાડીઓની આ કૂવા સમક્ષ કતાર લાગે છે, હાંડા ભરીભરીને આ કૂવાનાં પાણી એ કુશાદે ગાડીઓની 'ડિકી'માં ગોઠવાઈ જાય છે. હાઈકોર્ટના આ કૂવાનું પાણી આરોગ્યપ્રદ ને ઔષધીયુક્ત ગણાય છે.

હાઇકોર્ટ જેવો જ બીજો ઐતિહાસિક કૂવો ભીખા બહેરામનો છે. ફાઉન્ટન અને ચર્ચગેટના રાજમાર્ગને મધ્યાન્તરે આવેલો આ પારસીઓનો કૂવો ધાર્મિક મહત્ત્વ પણ ધરાવે છે. કેટલાક લોકો અહીં ખાસ પાણી પીવા આવે છે. આડે દિવસે આ કૂવે પાણીની એક બાલદીનો ભાવ ચાર આના રહે છે. આ કૂવો માત્ર જલાગાર જ નથી; પારસી જીવનનું એ ચેતનાકેન્દ્ર છે. અહીં બાંકડાઓ પર બુઝર્ગ જરથોસ્તીઓ 'ગાથા' વાંચતા બેઠા હોય ત્યારે તેઓ આજુબાજુની મુંબાઈના રાજમાર્ગની ધાંધાટભરી રફતાર ઘડીભર ભૂલી જતા હોય છે. નગરજીવનના ધમાલિયા વાતાવરણમાં આ કૂવો ગ્રામજીવનના નિરાંતવા વાતાવરણને ખડું કરે છે. અગાઉ 'સાંજ-વર્તમાન' દૈનિકે નગરજીવનના પ્રશ્નો ચર્ચતી દૈનિક કટારનું નામ 'ભીખા બહેરામને કૂવેથી' રાખેલું એ પરથી આ જલાગારની પ્રભાવક શક્તિની પ્રતીતિ થાય છે. –ચૂનીલાલ મડિયા

બોટસવાના : આફ્રિકાનું એક નવું સ્વાધીન રાષ્ટ્ર

બેચુઆના લૅન્ડ નામે દક્ષિણ આફ્રિકામાં આવેલું ૨૦૦,૦૦૦ ચોરસ માઈલનું એક નાનકડું રાષ્ટ્ર આ ૩૦મી સપ્ટેમ્બરે બ્રિટિશ રક્ષણમાંથી છૂટી 'બોટસવાના'ના નવા નામે સ્વાધીન બન્યું છે. જુદી-જુદી બોટસવાના જાતિના બાંટુ, ને એકાદ ટકો આફ્રિકન મૂળ ધરાવતા યુરોપીઅનોની મળી માત્ર સાડાપાંચ લાખની જ વસતિ ધરાવતું આ રાષ્ટ્ર એની ભૌગોલિક પરિસ્થિતિને કારણે મોટે ભાગે દક્ષિણ આફ્રિકા પર આધારિત હોવાથી એક મત એવો પણ હતો કે એને કોઈક રીતે દ૦ આફ્રિકા સાથે જોડી દેવું, પરંતુ દ૦ આફ્રિકાની રંગભેદની નીતિને કારણે બોટસવાનાની પ્રજામાં એ અંગે વિરોધ જાગતાં એને એક સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવાનું નિશ્ચિત થયું. ઈ. ૧૯૬૩માં બંધારણીય મંત્રણાઓ થયા પછી ૧૯૬૫માં ત્યાં સંપૂર્ણ આત્મશાસિત સરકાર રચવામાં આવી અને એ જ વર્ષના માર્ચમાં ચૂંટણીઓ થતાં ડૉ. સેરેત્સે ખામાની આગેવાની હેઠળ લોકશાહી પક્ષે ૩૧માંથી ૨૮ બેઠકો મેળવી.




ડૉ. ખામાની સરકારે સ્વરાજ્ય-બંધારણની દરખાસ્તો ઘડી અને ૧૯૬૬ના ફેબ્રુઆરીમાં સુધારેલું બંધારણ મંજૂર થયું એટલે ૩૦મી સપ્ટેમ્બરે આ દેશ સ્વતંત્ર થયો.

ભૌગોલિક દૃષ્ટિએ વિસ્તૃત હોવા છતાં બોટસવાનાનાં આર્થિક સાધનો ખૂબ મર્યાદિત છે. તેનો મધ્ય પ્રદેશ અને પશ્ચિમનો ભાગ રણ અને વેરાન વિસ્તાર હોઈ ત્યાં ખૂબ જ ઓછો વરસાદ થાય છે. ઢોરઢાંખર માટે જાણીતા પૂર્વ ભાગમાં પણ વરસાદ બહુ અચોક્કસ રહે છે. પાણીની અછત દેશની આબાદીની આડે આવે છે. છેલ્લાં ૩ વર્ષમાં બોટસવાનાને આ માટે ખૂબ સહન કરવું પડચું છે. '૬૨માં પાણીની અછતને કારણે ૩૩ ટકા જેટલાં ઢોરનો નાશ થયો હતો. બીજા એક વર્ષે ૧૧૫ જેટલા લોકોને દુષ્કાળ-રાહતના પુરવઠા ઉપર નભવું પડચું હતું. એટલે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે એવી વ્યવસ્થા એણે સૌપ્રથમ કરવી પડશે. ઓકાવેન્ગો નદીના પાણીના ઉપયોગની લાંબા ગાળાની યોજના પણ આ દિશામાં ઉપયોગી થઈ રહેશે. તાંબું અને કોલસાની ખાણોના વિકાસની પણ શક્યતા છે. આંતરરાષ્ટ્રીય વિકાસ મંડળની સહાયથી રસ્તાઓ પણ વિકસી રહ્યા છે.

સમાન ચલણ ને રીતરિવાજોને કારણે બોટસવાનાને ન છૂટકે તેના પડોશી દેશ દક્ષિણ આફ્રિકા ઉપર આધાર રાખ્યા સિવાય ચાલે તેમ નથી. બોટસવાનાના પાંચમા ભાગના લોકો દક્ષિણ આફ્રિકામાં કામ કરે છે. ઉપરાંત, બ્રિટનની સહાય પ્રતિ પણ એણે દૃષ્ટિ રાખવી પડશે.

એક નવો સ્ફોટક તારો અને 'સુપર નોવા'

પૅાલ વાઈલ્ડ નામના એક સ્વિસ ખગોળશાસ્ત્રીએ હમણાં કન્યા રાશિના વિસ્તારમાં એન. જી. સી. ૪૧૮૯ની સંજ્ઞાથી ઓળખાતા અનામી તારા વિશ્વમાં એક નવો 'સુપર નોવા' (વિરાટ સ્ફોટક તારો) શોધી કાઢચો છે. અગાઉ ટાઇકો બ્રાહે નામના ડૅનિશ ખગોળશાસ્ત્રીએ ઈ. ૧૫૭૨માં શર્મિષ્ઠા તારામંડળમાં એક વિરાટ તારાનો સ્ફોટ થતો જોયો



હતો. નરી આંખે પણ દેખાઈ આવેલા એ સ્ફોટ વિષે પોતે કરેલાં નિરીક્ષણોની વિગત એણે 'ડી નોવા સ્ટેલા' (નવા તારા વિષે) નામે એક લેખમાં પ્રકટ કરી. આમાંથી 'નોવા' શબ્દ વિજ્ઞાનીઓએ અપનાવી લીધો અને પછી સ્ફોટક તારાઓ માટે એ વપરાવા લાગ્યો.

એક રીતે 'નોવા'ની સંજ્ઞા બરાબર બંધબેસતી નથી. 'નોવા' એ લૅટિન ભાષાનો શબ્દ છે અને એનો અર્થ છે 'નવો'. પરંતુ ખગોળવિદ્યામાં જે તારાને માટે નવા-નોવાની સંજ્ઞા વપરાય છે એ તારા હકીકતે તો એકાએક સ્ફોટ પામેલા, લાખો-બલ્કે એથી યે વધુ વર્ષોથી અસ્તિત્વ ધરાવતા તારાઓ હોય છે.

સ્ફોટક તારાના પણ ત્રણ પ્રકાર છે: સ્ફોટક તારો–'નોવા', નાનો સ્ફોટક તારો–'ડવાર્ફ નોવા' અને વિરાટ સ્ફોટક તારો–'સુપર નોવા'. નોવા અને ડવાર્ફ નોવા તારાઓ પર અવારનવાર સ્ફોટ થાય છે અને એ વખતે એ તારા પર આપણને ઝબકારા દેખાય છે. તેજના એ વિશિષ્ટ ઝબકારા દેખાયા પછી એ તારા પુન: અસલ સ્વરૂપમાં આવી જાય છે અને લગભગ એના અસલ તેજમાં પ્રકાશે છે. આથી ઊલટું સુપર નોવાનો સ્ફોટ એટલો ભયાનક હોય છે કે એ થયા પછી તારો ફરી પોતાનું અસલ રૂપ પામતો જણાતો નથી. બ્રહ્માંડનો આ એક અદ્વિતીય મહા ઉત્પાત છે. આવો તારો જ્યારે ફાટે છે ત્યારે આપણા સૂર્ય કરતાં યે એક કરોડ ગણો તેજસ્વી બની જાય છે અને ૧૦૦ મેગાટન શક્તિના ૨ કરોડ અબજ અબજ અબજ જેટલા હાઇડ્રોજન બૉંબના કલ્પનાતીત, અતિ મહા ભયંકર ધડાકા જેટલી શક્તિથી એ ફાટે છે!

'સુપર નોવા'નું અતિ વિરાટ કદ એ જ એના સ્ફોટક વિનાશનું કારણ છે. ખ-ગોળ તકશાસ્ત્રી સુબ્રહ્મણ્ય ચંદ્રશેખરની ગણતરી પ્રમાણે સૂર્યના દળ કરતાં ૧·૪૪ ગણાથી વધુ (લગભગ દોઢું) દળ ધરાવતા તારાનો વિકાસક્રમ સામાન્ય તારા પ્રમાણે થઈ શકતો નથી. અમુક લાખો વર્ષો પૂર્વે આવા તારાઓના બાહ્ય આવરણમાં પ્રજ્વલિત હાઇડ્રોજન ઉત્તરોત્તર એના અંતરાળમાં વધુ ને વધુ હેલિયમ પેદા કરે છે. આ રીતે રચાતું એનું અંતરાળ અત્યંત ઝડપે સંકોડાતું જઈ એની ઘનતા વધતી જાય છે. સંકોચનના એ દબાણથી એનું ઉષ્ણતામાન જેમજેમ વધતું જાય છે તેમતેમ અંદર એકઠા થએલા હેલિયમનું લોઢા અને સોના જેવી ભારે ધાતુઓમાં રૂપાંતર થતું જાય છે અને અન્ય હળવાં તત્ત્વો બહારની બાજુએ ધકેલાતાં જાય છે.

આ સંકોચન અત્યંત વધી જઈ એ અંતરાળમાં પચાસ અબજ (૫૦,૦૦,૦૦,૦૦,૦૦૦) અંશ જેટલી ગરમી પેદા થાય છે અને એને પરિણામે એકાએક પેલા ભારે પદાર્થો પુનઃ એના મૂળ સ્વરૂપ હેલિયમમાં ફેરવાઈ જાય છે. આ પુનઃ પરિવર્તન માટે જોઈતી શક્તિ એક જ પ્રાપ્ય સ્રોત—ગ્રૅવિટેશનલ ચિકેઈજ—અભ્યાકૃષ્ટીય સંકોચન-માંથી મળી રહે છે. આ શક્તિની જરૂરત જ્યારે અતિરેક પામે છે ત્યારે પળમાત્રમાં એ તારો અંદરની બાજુએ તૂટી પડી જે ભારે દબાણ આવી પડે છે એનાથી એ તારાના અંતરાળની ઘનતા એટલી બધી વધી જાય છે કે જો એ ઘન તત્ત્વને માત્ર દીવાસળીની એક પેટીમાં ભર્યું હોય તો એનું વજન એક હજાર ટન જેટલું થાય! આ એકાએકના ભાંગી પડવાથી એ તારા પર અતિ મહા પ્રચંડ એવો વિસ્ફોટ થાય છે. એનાથી કરોડો માઈલ દૂર આપણને એ માત્ર ઝબકારા જેવો દેખાય છે.

ખગોળશાસ્ત્રીઓ માને છે કે સુપર નોવાના કુલ દળનો દસમો ભાગ લગભગ પ્રકાશની ગતિથી ફેંકાઈ જઈને કરોડો માઈલ દૂર પૃથ્વીના વાતાવરણમાં ધસી આવે છે, જેને આપણે વૈશ્વિક કિરણો તરીકે ઓળખીએ છીએ. બાકીના નવ-દશાંશ દળનું પ્રસરણ સરખામણીમાં ધીરું હોય છે અને એમાંના વાયુઓ બળવાને કારણે 'સુપર નોવા' તારો અઠવાડિયાં, ને ક્યારેક તો વર્ષો સુધી આકાશમાં એક ભવ્ય તેજપુંજ રૂપે દેખાય છે. ધીરે ધીરે એ અવશેષો પણ છૂટા પડી, અનંત આકાશમાં પ્રસરી, નામશેષ બની જઈ અદૃશ્ય થઈ જાય છે.

સ્ફોટક તારાનાં વાયુમય તત્ત્વો લાંબા સમય સુધી ટકી રહે છે. ઈ. ૧૦૫૪માં ચીની ખગોળવેત્તાઓએ આકાશમાં વૃષભ રાશિના વિસ્તારમાં એક વિરાટ સ્ફોટક તારો ફાટી પડતો જોયો. ધોળે દિવસે પણ દેખાતા રહેલા એ નવતર તારાને એમણે 'મહેમાન તારા' તરીકે નોંધ્યો છે. કર્ક (crab) નિહારિકા નામે આજે આપણે જે તેજપુંજ જોઈએ છીએ તે આ જ સ્ફોટક તારાનો અવશેષ છે. એક સેકંડમાં ૮૦૦ માઈલની ઝડપે વિંખાતા જતા ઝળહળતા વાયુના વાદળ સ્વરૂપે આપણને એ દેખાય છે. એનું ક્ષેત્ર ચુંબકીય ગુણધર્મવાળું હોવાનું ને તેમાંથી વછૂટતા ઋણાણુની શક્તિ વિશ્વકિરણો જેવી પ્રબળ હોવાનું પણ જણાયું છે. આપણે એને નિહારિકા કહીએ છીએ, પણ એનું સ્વરૂપ પ્રકાશનું પરાવર્તન કરતી કે સ્વયં પ્રકાશ ફેંકતી નિહારિકા યા કાળી નિહારિકાથી ભિન્ન છે. એના જેવી બીજી કોઈ નિહારિકા નથી. ૩૫૦૦ પ્રકાશવર્ષ દૂરથી આપણને એ દેખાય છે.

લગભગ ૨૦૦ જેટલા સુપર નોવા – વિરાટ સ્ફોટક તારાઓ–ની આપણને આજે જાણ છે. એમાંથી યે આપણી આકાશગંગાના તારાવિશ્વમાં તો માત્ર ત્રણ જ છે. આવો છેલ્લો તારો ઈ. ૧૬૦૪માં ગણિતશાસ્ત્રી જોહાનસ કેપ્લરે જોયો હતો.

આ માસ (ઑકટોબર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : હોકુસાઈ

જાપાની ચિત્રકળાની 'ઉકિયો–યે' નામક શૈલીનો પ્રભાવશાળી કલાકાર અને આમરણ



ચીતરતા જ રહીને હજારોની સંખ્યામાં ઉત્કૃષ્ટ કોટિનાં ચિત્રો મૂકી જનાર જગવિખ્યાત જાપાની ચિત્રકાર હોકુસાઇનો જન્મ જાપાનના પાટનગર યેદો (તોકયો)માં ઈ. સ. ૧૭૬૦ના ઑકટોબરની ૨૧મી તારીખે થયો હતો. નાકાજીમા ઈસ્સાઈ નામના, ધાતુને ઘસીને ચળકાટ આપી એનાં દર્પણ બનાવનાર એક અદના કારીગરનો એ પુત્ર. આરંભમાં પુસ્તકો બાંધનારને ત્યાં ને પછી કાષ્ઠકોતરણી કરનારને ત્યાં ઉમેદવારી કરી. અઢારમે વર્ષે કાત્સુગાવા શુન્શો નામે એક વિખ્યાત કલાકારને ત્યાં ચિત્રકળા શીખવા રહ્યો, અને પછી પોતાની આગવી પરિપાટી જમાવી તથા ખીલવીને એ દુનિયાના શ્રેષ્ઠ કલાકારોમાં સ્થાન પામ્યો.

—એણે લગભગ પચાસેક નામથી ચિત્રો કર્યાં છે. એના કારણમાં એમ કહેવાય છે કે જાપાનીઓમાં એવી પ્રણાલિકા હતી કે જે વિવિધ હેતુઓ, વ્યવસાયો, પુસ્તકો કે ગ્રાહકો માટે જે કલાકાર કામ કરે તે ઇચ્છે તો તે તે કાર્ય પૂરતાં જુદાંજુદાં નામ ધારણ કરી તેવી સહી કરી શકે. એ રીતે ચિત્રકળાનું કલ્પવૃક્ષ મનાતા હોકુસાઇએ જે નાનાવિધ ક્ષેત્રો માટે સંખ્યાતીત ચિત્રો કર્યાં છે તે માટે તેણે એ બહુસંખ્ય નામ રાખેલાં હોઈ શકે. બીજી માન્યતા એવી પણ છે કે એ ભૌતિકજીવન વિષે ખેતમા અને દોલા દિલનો જીવનભર દેવાદાર રહ્યો હતો, એટલે લેણદારોથી છટકવા તે જુદાંજુદાં નામથી ચીતરતો.

જીવનનાં પાછલાં વર્ષોમાં એ પોતાની પુત્રી ઓયેઈ સાથે રહેતો. એનો જમાઈ પણ ચિત્રકાર જ હતો. રોજિંદા જીવનની જીવંત પળોને, કથાઓને, ઇતિહાસને, કાવ્યોને કે ગ્રામદશ્યોને અને પ્રકૃતિને એણે જે અદ્વિતીય રીતે આલેખ્યાં છે, એનાથી એ પોતે તો વર્ષોથી છૂટો પડી ગયો હતો. ચીતરવા સિવાય અન્ય કોઈ બાબતમાં એને રસ નહોતો. દારૂ કે તમાકુને તો અડક્યો સુદ્ધાં ન હતો, કોઇને એ મળતો પણ નહિ. ઈ. ૧૮૪૯માં એનું અવસાન થયું.

(હોકુસાઇ ને એની કળા વિષે વધુ આવતા અંકે)


પ્રસંગવિશેષ : હેસ્ટિંગ્સની લડાઈ (બરાબર ૯૦૦ વર્ષ પહેલાં)

તા. ૧૪ ઑકટોબર, ઈ. ૧૦૬૬

ઇંગ્લંડના ઇતિહાસમાં 'હેસ્ટિંગ્સની લડાઈ'નું મોટું મહત્ત્વ છે. એક રીતે ઇંગ્લંડના રાજકીય ઇતિહાસનો ખરો પ્રારંભ ત્યારથી થયો મનાય. દસમી સદીમાં ઉત્તરમાંથી આવેલા નૉર્થમેન કે નૉર્સમેને ફ્રાંસના વાયવ્ય વિસ્તારમાં પોતાની સત્તા જમાવી હતી. આસપાસના યુરોપી વિસ્તારો પર એમની ધાક હતી અને દરિયાપારના ઇંગ્લંડ ઉપર પણ એમનો ડોળો હતો. આ બાજુ ઇંગ્લંડની સત્તા પણ કૅન્યુટે ઠીકઠીક વિસ્તારી હતી. કૅન્યુટ પછી ઍડવર્ડ–ધ કન્ફેસર અને એના પછી ઈ. ૧૦૬૬માં હૅરૉલ્ડ ગોડવિન્સન ઇંગ્લંડની ગાદીએ આવ્યો. પણ એ જ વર્ષે એના જ ભાઈ ટૉસ્ટિગની સહાયથી નૉર્વેના હૅરોલ્ડ હેર્ડ્રાડાએ ઉત્તરમાંથી નોર્ધમ્બ્રિયામાં સ્ટૅમ્ફોર્ડ બ્રિજને માર્ગે ઇંગ્લંડ પર ચડાઈ કરી. એ સમયમાં મોટામાં મોટું એવું ૨૦,૦૦૦નું સૈન્ય લઈ, આઠ જ દિવસમાં ૧૮૦ માઈલનું અંતર કાપી હૅરોલ્ડે એનો સામનો કર્યો, એટલું જ નહિ, નૉર્વેના એ સાત ફૂટના પડછંદ હેર્ડ્રાડાનો તથા એના મોટા ભાગના લશ્કરનો નાશ કર્યો. બરાબર આ જ સમયે ફ્રાંસની વાયવ્યે આવેલા નૉર્મંડીના વિલિયમ પહેલાએ 'ઍડવર્ડે મને ઇંગ્લંડની ગાદી આપવાનું વચન આપેલું' એ બહાના નીચે પોતાના હક્ક લેવા હૅરોલ્ડ પર ચડાઈ કરી. પોપ ઍલેક્ઝાંડર બીજાનો એને ટેકો હતો. જાગીરની લાલચ આપી એણે અનેક ઉમરાવોને પણ પોતાની મદદમાં જોડ્યા હતા. ફ્રાંસના કિનારેથી ૬૫૦ જેટલી નૌકાઓમાં દરિયો પાર કરી એણે પોતાના સાત હજારના વિશાળ સૈન્યને ઇંગ્લંડને કિનારે ઉતાર્યું. બધી જાતનાં હથિયારો સાથે ૧૦૦૦ તીરંદાજો અને ૩૦૦૦ ઘોડેસવાર યોદ્ધાઓ પણ હતા. વળી, આ બધા માટેની ખાદ્ય સામગ્રી અને પીવાના દારૂનો પૂરતો પુરવઠો પણ ખરો. આ ઉપરાંત, રણમેદાનમાં અગત્યને સ્થાને બહુ ઓછા સમયમાં ઊભા થઈ શકે એવા છ તોર્તિંગ લક્કડ-ગઢ પણ એ નૉર્મંડીમાં ખાસ તૈયાર કરાવીને સાથે લાવેલો! એ કાળની લશ્કરી હેરફેરમાં આ એક અજોડ કામ હતું. ઇંગ્લંડના કિનારે ઊતરી એણે પેવેન્સનો કિલ્લો જીતી લીધો અને ત્યાંથી આગળ વધી હૅસ્ટિંગ્સ નજીક એણે પોતાની છાવણી નાખી.

ઉત્તરમાં હૅરોલ્ડને આની જાણ થતાં પોતાની પાસેના રહ્યાસહ્યા ૯૦૦૦ થાકેલા સૈનિકોને આરામ આપ્યા વિના કે રાજ્યમાંથી વધુ કુમક એકઠી કરવાને રોકાયા વિના તે અગિયાર દિવસમાં ૨૫૦ માઈલની મજલ ખેંચીને તાબડતોબ વિલિયમનો સામનો કરવા હૅસ્ટિંગ્સ દોડી આવ્યો અને સેલનાક ટેકરી પર પોતાનો મોરચો ગોઠવી દીધો. ૧૪મી ઑક્ટોબરે (ઈ. ૧૦૬૬) બંને સૈન્યો વચ્ચે યુદ્ધ થયું. હેર્ડ્રાડાની સામે લડીને થાકેલા, ૨૫૦ માઈલની દડમજલ કરીને આવેલા અને ઢાલની આડશે હરોળબંધ રહી લાંબાં દાતરડાં ને કુહાડી જેવાં સામાન્ય હથિયારો સાથે લડવા છતાં હૅરોલ્ડના સૈન્યે વિલિયમના બધી જ રીતે સજ્જ એવા સૈન્યને જરા યે મચક ન આપી, એટલું જ નહિ, પણ એની નૉર્મન સેનાને પીછેહઠ કરાવવા માંડી. આ જોઈ વિલિયમે જો પોતે જીતે તો આ જ સ્થળે એક 'ઍબી' (દેવળ) બંધાવવાની બાધા રાખી.

નૉર્મનોની પીછેહઠથી પ્રોત્સાહિત થઈ હૅરોલ્ડે પોતાના સૈન્યને હુમલો કરવાનો હુકમ આપ્યો. એ એની ગંભીર ભૂલ હતી. નૉર્મન તીરના વરસાદ તળે અને ઘોડેસવાર બખ્તરિયા યોદ્ધાઓ સામે નજીવાં હથિયારોવાળી હૅરોલ્ડની સેના વિખાઈ ગઈ. હૅરોલ્ડને આંખ અને છાતીમાં તીર વાગ્યાં, એ પડ્યો અને નૉર્મન તલવારોએ એનું માથું વાઢી નાખ્યું. ઇંગ્લંડ નૉર્મનોને હાથ ગયું. વિલિયમ વિજેતા–ધ કૉન્કરર–નું બિરુદ પામ્યો.




કામ કરે ઈ જીતે, માલમ! કામ કરે ઈ જીતે;
આવડો મોટો મલક આપણો જીતે કેવી રીતે?

આઈઝનહૉવર અમેરિકાના પ્રમુખ ચૂંટાયા ત્યારે એમના પર આવેલી અનેક ભેટોમાં એક ઝાડુ પણ હતું. એ મોકલનારે લખ્યું હતું: 'આપે આપનાં ભાષણોમાં કહ્યું હતું કે હું ચૂંટાઇશ તો રાજકારણમાં વ્યાપી ગએલી ગંદકી સાફ કરવી એ મારું મુખ્ય કર્તવ્ય હશે. મને ખાતરી છે કે મારી આ નાની ભેટ તમને તમારા એ વચનની યાદ આપ્યા કરશે.'

આ ભેટોના પ્રદર્શન વખતે પ્રમુખે ઝાડુને હાથમાં ઊંચું કરી કહ્યું: 'આ મને મળેલી સર્વોત્તમ ભેટ છે. એમાં દેશના આત્માએ મારી સાથે સીધી વાત કરી છે.'

કહેવતોના અર્થ: 'કેળામાં ગોટલી નહિ, ને મુસલમાનને ચોટલી નહિ'–અશક્ય વસ્તુને સચોટપણે દર્શાવતી આ કહેવતનો અર્થબોધ સ્પષ્ટ છે. એવી બીજી કહેવતો શોધવાનો પ્રયત્ન કરો જોઇએ.

દુનિયાભરની લિપિઓના અક્ષરો બીજી અનેકરીતે એકબીજાથી જુદા પડતા હોવા છતાં તે બધીમાં પહેલો અક્ષર તો 'અ' જ છે.



ન્યુ ગીનીનું 'બર્ડવિંગ' દુનિયાનું મોટામાં મોટું પતંગિયું છે. એની માદાની બે પાંખોનો વિસ્તાર બાર ઇંચ જેટલો થાય છે.

ગણિતગમ્મત

તમારે જેટલા ભાઈ હોય તે સંખ્યાના બમણા કરી તેમાં ત્રણ ઉમેરો, ને જે સંખ્યા આવે તેના પાંચગણા કરો. પછી જે આવે તેમાં તમારે જેટલી બહેનો હોય તે સંખ્યા ઉમેરીને તેને દશ વડે ગુણો. જે આવે તેમાં તમારા કાકાની સંખ્યા ઉમેરો અને જે આવે તેમાંથી ૧૫૦ બાદ કરો. હવે આવેલા જવાબનો પહેલો આંકડો તમારા ભાઈની સંખ્યા, બીજો બહેનની સંખ્યા. (ચાવી: સા×૨+૩×૫+રે×૧૦+ગ–૧૫૦=સારેગ.)



કલાકણિકા: દેશ્ય દૈત્યકથાના 'ડ્રૅગન' સાથે વનસ્પતિની વેલગૂંથણી એ સ્કૅન્ડિનેવિયન દેશો (સ્વીડન-નૉર્વે-ડેન્માર્ક)નાં સુશોભનોની એક વિશિષ્ટતા છે. ઈ. ૧૪૦૦-નો એવો શોભનસમૃદ્ધ દ્વારદેશ (બારસાખ).

એકાક્ષરી અનેકાર્થી
શ=શિવ, મંગળ, શસ્ત્ર.

ભારતમાં આજે છે

૧૦,૦૦,૦૦૦	ગ્રૅડ્યુએટો
૨,૨૦,૦૦૦	એમ.એ.
૪,૦૦૦	પીએચ.ડી.
૧,૭૦,૦૦૦	બી.કૉમ.
૨૨,૦૦૦	એમ.કૉમ.
૧,૫૦,૦૦૦	એલએલ.બી.
૧,૦૦૦	એલએલ.એમ.
૨,૦૦,૦૦૦	બી.એડ.
૬,૦૦૦	એમ.એડ.

(યોજના મે-૨૯)